આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ ૪૨મું • અંક ૧૦મો • ઑક્ટોબર ૧૯૬૫

સર્વાંગ અંક
૫૦૨



કુમાર

તંત્રી: બચુભાઈ રાવત

સંસ્થાપક
રવિશંકર રાવળ



કુતૂહલ (કલર-ક્રેયૉન સ્કેચ : ગૌતમ વાઘેલા)

પૂઠા પર (આવરણચિત્ર) : 'સૂર્યદ્વીપ' નેપાળનું અઢારમી સદીનું ધાતુકામ. અવલોકિતેશ્વર, તારા આદિ સૌન્દર્યસાર મૂર્તિઓથી જાણીતા નેપાળના પ્રાચીન ધાતુશિલ્પની ઉત્કૃષ્ટ અને બારીક કારીગરી દર્શાવતો નમૂનો.

(એસ્સો સ્ટાન્ડર્ડ ઈસ્ટર્ન ઈન્કૉર્પોરેટેડના સૌજન્યથી)



કલાકાર ઈન્દ્ર દુગડે દિવાળી-અભિનંદન માટે મોકલેલું તૂલિકા-અંકન 'વનફૂલ'



ભારતીય ભાષાઓમાં પ્રગટ થતાં સામયિકો (દૈનિક સિવાયનાં)માંથી ૧૪ સામયિકોનો ફેલાવો ૧૯૬૪ દરમ્યાન ૧ લાખ પ્રતથી વધારે હોવાનું પ્રસિદ્ધ થયુ છે. એમાં સૌથી મોખરે તામિલમાં 'કુમુદમ્' છે, જેનો ફેલાવો ૩,૦૫,૧૪૬નો છે. આપ આ ચૌદ સામયિકોની ક્રમવાર હકીકત 'કુમાર'માં આપી શકો તો આભાર. —નાગજી વી. ભેદા (કોઇમ્બતુર)

[● આ નીચે આપી છે—તં●]

૧	કુમુદમ્: તમિળ સાપ્તાહિક—મદ્રાસ	૩,૦૫,૧૪૬
૨	મલયલ મનોરમા : મલયાલી સાપ્તાહિક—કોટ્ટાયમ	૨,૦૧,૪૨૪
૩	બ્લિટ્ઝ: અંગ્રેજી સાપ્તાહિક—મુંબાઈ	૨,૦૦,૫૦૫
૪	આનંદવિકટન: તમિળ સાપ્તાહિક—મદ્રાસ	૧,૬૮,૧૧૫
૫	'હિંદુ' સર્વે ઑવ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી : અંગ્રેજી વાર્ષિક—મદ્રાસ	૧ ૪૧,૩૩૯
૬	કલ્યાણ: હિંદી માસિક—ગોરખપુર	૧,૩૩ ૭૫૬
૭	આંધ્રપ્રભા: સચિત્ર તેલુગુ સાપ્તાહિક—મદ્રાસ	૧,૩૩,૬૬૫
૮	વારતરી રાણી: તમિળ સાપ્તાહિક—મદ્રાસ	૧,૩૧,૪૬૪
૯	ફિલ્મફેર: અંગ્રેજી પાક્ષિક—મુંબાઈ	૧,૨૬,૩૪૧
૧૦	રીડર્સ ડાઈજેસ્ટ: અંગ્રેજી માસિક (ભારતીય આવૃત્તિ)—મુંબાઈ	૧,૨૧,૯૬૨
૧૧	શમા: ઉર્દૂ માસિક—દિલ્હી	૧,૨૦,૫૩૩
૧૨	કાળકન્દુ: તમિળ સાપ્તાહિક—મદ્રાસ	૧,૧૭,૭૯૧
૧૩	કલ્કિ: તમિળ સાપ્તાહિક—મદ્રાસ	૧,૦૯,૨૪૮
૧૪	ધર્મયુગ: હિંદી પાક્ષિક-મુંબાઈ	૧,૦૧,૯૧૫

૪૯૯મા અંકમાં અખનાતન સંબંધી પ્રગટ થએલા લખાણમાં થોડો હકીકત-દોષ છે:

અખનાતનના મૃત્યુ બાદ સત્તાસૂત્રો હસ્તગત રાખવા નીફરતિતીએ મિસરની ગાદીવારસ, વિધવા પુત્રી આંખસેન પાતનને પુનઃ પરણાવી—અખનાતનના કિશોરવયસ્ક સાવકા ભાઈ તુતાંખ આમન સાથે. કિંતુ એ ય મરણ પામતાં, અખનાતનના વૃદ્ધ રહસ્યમંત્રી યાઇએ આ રાજકુમારી સાથે લગ્નથી જોડાઇ ગાદી પચાવી પાડવાની ખટપટ આદરી. એમાંથી છૂટવા આંખસેનપાતને, (નીફરતિતીએ નહિ) પોતાની સાથે વિવાહિત થઇને સામ્રાજ્યને સંરક્ષે તેવા રાજકુમારને મિસર મોકલવા હિટ્ટાઈટી રાજા સુબ્બા લિયૅમને વિનંતીપત્ર લખ્યો હતો. તુર્કસ્તાનના બોગાઝ-કુઇ નામક સ્થળે થએલા ખોદકામમાંથી પ્રાપ્ત થએલા એ ઇંટ-પત્રો આના પ્રમાણ રૂપે છે.

મિસરના અઢારમા રાજવંશના ક્રાંતદર્શી, આદર્શવાદી, પણ કમનસીબ અંતિમ રાજવી અખનાતનના સુવર્ણયુગ સમાનરાજ્યકાળની સમગ્ર પરિસ્થિતિનો સંપૂર્ણ કયાસ કાઢવાના ફળસ્વરૂપ, પુરાતત્ત્વવિદો તથા મનોવૈજ્ઞાનિકોએ એટલાં બધાં મતમતાંતરો પ્રગટ કર્યાં છે કે કોઇકે તો ગ્રીસના વિખ્યાત 'ઈડિપસ'નું મૂળ પણ આ રાજાના જીવનમાં છે એવી નિરર્થક કલ્પના કરી છે. છતાં, આ સર્વ લેખનસામગ્રીમાંથી, કેવળ સામ્રાજ્ય સુરક્ષિતતાને ખાતર જ, અખનાતને ધાર્મિક ક્રાંતિ આરંભી તેવો નિષ્કર્ષ, એ પ્રકારનાં અનુમાનો ભલે થયાં હોય તો યે, ભાગ્યે જ નીકળે.

એ જ હેતુ હોત તો સ્વતંત્ર થતા ખંડિયા રાજાઓ સામે સંરક્ષણદળો મોકલીને બચાવ કરી શકાત. પરંતુ સત્ય એ છે કે, પૂરી મક્કમતાથી, બળની સામે બળથી નહિ પણ પ્રેમથી સામ્રાજ્યને ટકાવી રાખવા ખાતર, અહિંસાના આદર્શને એ છેવટ લગી વળગી રહ્યો. એના આવા આદર્શની પાછળ કદાચ એના બાલ્યકાળનું વાતાવરણ કારણરૂપ હોય. વિકૃતશરીરી હોવાથી, તત્કાલીન નીતિ અનુસાર, એ રાજગાદીને લાયક નહોતો. આવા અપંગ વારસોને તો હણી નાખવામાં ય આવતા. એટલે તો, ઇમૅન્યુઅલ વેલિકોવ્સ્કી, એનો ઉછેર મોસાળ મિત્તાનીમાં થયો હોવાનું અનુમાન કરે છે. એ સમયનો પ્રચલિત 'આમેન ધર્મ' સૂર્યોપાસનાનો હતો, પરંતુ એમાં હિંસાનું સ્થાન અત્યંત મહત્ત્વનું હતું; જ્યારે મિત્તાનીનો આ રાજવંશ આર્ય કુળનો તેમજ આર્યધર્મી હતો. આથી એકેશ્વરવાદ, શુદ્ધ સૂર્યોપાસના આદિ વિચારોનું બીજ ત્યાં નિક્ષિપ્ત થયું હોય એ સંભવિત છે. આર્ય કુળની રાજમાતા તાઇએ કરેલા, પુત્ર અખનાતન પરના ધાર્મિક દબાણના ઉલ્લેખને પણ કોઇ ઐતિહાસિક સમર્થન પ્રાપ્ત થએલું નથી.

આશા છે કે ઇજિપ્તના ઇતિહાસમાં રસ લેનારને આ માહિતી રસદાયી થઈ પડશે.

(જિંજા) —દ્વારકાદાસ હેમરાજ નથવાણી

ઘણી વૈદકીય ભારે દવાઓ જેનેતેને પચી શકતીનથી;એવું'કુમાર'નુંછે.નાંદેજના મ.બા. દવેને આવો જ અપચો લાગે છે. ડૉ. ત્રિવેદીના એક લેખમાં અંધબિંદુ વિષે હતું: એક બિંદુ દેખાય ને બીજું ઊડી જાય! એમ શ્રી દવે પણ સમગ્ર રીતે જોઈ શકતા નથી. શ્રી વિજયરાય જ એમને ઉત્તર આપશે તો ઠીક થશે.

રેવ. ફાધરની લેખમાળા ખૂબ ઉપયોગી છે.

સ્વ. કમાણીની કહાણી પ્રોત્સાહિત કરે એવી છે. આજે તો ધંધાનાં સાધન એટલાં આગળ વધી ગયાં છે કે કોઈ યુવકને આગળ આવવા ખભે કોથળો નાખી નીકળવું ન પડે. સામાન્ય ગ્રૅજ્યુએટ પણ દલાલીનું કામ કરી ધંધામાં આગળ આવ્યાના ઘણા દાખલા છે. છતાં આમાં પુરુષાર્થ કરતાં લાગવગ, નસીબ વધુ કામ કરી જાય છે. પદ્ધતિસર કોઈ ધંધો પાયેથી જમાવવો ખૂબ જ આકરું છે. મારા એક મિત્ર B. Sc. છે, દેખાવ-રીતભાતમાં વિવેકી છે, છતાં બે વર્ષથી ૧૫૦-ની આસપાસમાં (technical sideમાં)કામ કરે છે: નાનાં ભાઇ-બહેન વ.નાં પોષણની જવાબદારી લઇને! આવા બીજા પણ દાખલા છે. 'કુમાર'માણસનુંઘડતરકરવા સાથે આ જમાનામાં પેટનો ખાડો પૂરવાનું આકરું જ્ઞાન, જે કોઈ શાળા-કૉલેજ-વિદ્યાલય નથી આપી શકતાં, એ આપે તો સોનામાં સુગંધ ભળી જાય.

'કુમાર'નીવાર્તાઓ માટે મને માનછે.હમણાંથી વાર્તાઓમાં પ્રધાન સૂર એક જ હોયછે: ચમકૃતિ. ત્યારે 'ઊભા રહેજો આવું છું', નિખિલરાયના વર્ગની ભીંત પરનો સોનેરી શ્લોક, એ વાર્તાના કુલ્ફીવાળા છોકરાનું પાત્ર, 'ડાંગે માર્યાં પાણી', 'શ્યામ ગૌર' અને બીજી થોકબંધ વાર્તાઓ મનમાં રહીરહી ઘૂંટાય છે. એની સામે આજની વાર્તાઓ ટુચકા જેવી લાગે છે.

(મુંબાઇ) —રમેશ શાહ

અંક ૫૦૧ મળ્યો. અંકનું શ્રેષ્ઠ કાવ્ય 'તમે રોપેલું'. એની છઠ્ઠી લીટી મને આમ ગમે: 'સહી,હૈયેથાશેતરુવરવડું કૈંવરસમાં.' (મૂળ 'સહી હૈયે થાશે જ તરુવર થોડાં વરસમાં.')

(સુરેન્દ્રનગર) —વિજયશંકર કામદાર

૫૦૧મા અંકમાં શ્રી મ. બા. દવેનો રોષ ઠાલવતો પત્ર વાંચ્યો. મને લાગે છે આવી દિલગીરી વ્યક્ત કરવાનો સમય તો એમના એકલાને માટે જ આવ્યો છે. તેઓ ગણાવે છે તે કરતાં વિશેષ વિષયોને 'કુમાર'માં સમાવવામાં આવે છે, એના સાક્ષી તો એના પાછલા અંકો સિવાય બીજું કોણ હોઈ શકે? ઘણાં વરસનો વાચક કુમાર' માટે આવું વિધાન કરી શકે ખરો? છેલ્લે તંત્રીનો ફૂદડીવાળો ખુલાસો મુકાયો છે તે પણ યોગ્ય થયું નથી. 'કુમાર'ની દૃષ્ટિ તેના વાચકો સારી રીતે જાણે છે. એના ખુલાસા કરી આવા કોઈક ઊભરાને પોતે ઠારવા કરતાં સમય પાકચે તે આપોઆપ ઠરે એ ઉચિત નહોતું? મારા જેવા હજારો વાચકો શ્રી દવેના અભિપ્રાયને અયોગ્ય ગણશે. તંત્રીશ્રીએ આનો રાંદયો આપવાની જરૂર જ ન હતી.

(ગ્રામભારતી, અમરાપુર) –ઘેમરભાઈ ચૌધરી

૫૦૧ અંકમાં શ્રી. મ. બા. દવેનું લખાણ વાંચ્યું, આશ્ચર્ય થયું. જોકે એમના 'આપવડાઇ' 'ભાટચારણપણું' એ મંતવ્યો સાથે ભલે સંમત ન થઈ શકાય છતાં એઓને સ્પષ્ટ અને મુદ્દાસર અણગમતી કે અયોગ્ય વસ્તુ પ્રત્યે ધ્યાન ખેંચવા આપે આમંત્રણ આપવું અને એમનાં મંતવ્યોને જોઈતપાસી સુયોગ્ય ફેરફાર કરવો. '૨૫ વર્ષ પૂર્વે'માં તો કેટલાક જૂના વાચકોને પણ અમુક લખાણો ભુલાઈ ગયાં હોઈ નવા જેવાં જ લાગે; અને કોઈ પણ લખાણ તદ્દન અણગમતું લાગે એમ તો ભાગ્યે જ હશે. ઘણાકોનું 'જનરલ નૉલેજ'માં પારંગતપણું 'કુમાર' ને જ આભારી છે એમ અતિશયોક્તિ વિના કહી શકાય. રેવ. ફા. વાલેસની લેખમાળાના ૧-૩ મણકા વાંચ્યા. અત્યંત આનંદ થયો.

(ખીલોસ) —એમ. એસ. ટેઈલર

'ભાટચારણવાદી છાપાં' વાચકો દ્વારા થતી પોતાની કડક ટીકા (અંક ૫૦૧) છાપવા જેટલાં નિખાલસ નથી હોતાં. જેમ દરેક સંસ્કારી કુટુંબ માટે 'કુમાર' તેના સભ્ય જેવું છે, તે જ પ્રમાણે 'કુમાર' સંસ્કારી અને પ્રતિભાસંપન્ન સજ્જનો માટે છે. એટલે તેના જેવું છાપું સમાજની સંસ્કારી અને પ્રેરણાદાયી વ્યક્તિઓને અને તેમના ગુણોને બિરદાવે તો સમાજને ફાયદો જ થવાનો છે. 'કુમાર'માં વિવિધતા જાળવવાનો ઠીકઠીક પ્રયાસ થાય છે, એટલે કોઇને એક વિભાગ રુચે નહિ તો એમ કેમ સમજી લેવું કે બીજા વાચકોને પણ તેમાં રસ નહિ પડતો હોય?

'ભોજન'માં ડૉ. ત્રિવેદીએ ભોજન સમયે પાણી અંગે કશો ઉલ્લેખ કર્યો નથી. 'પહેલાં જોગી, વચમાં ભોગી અને અંતે રોગી' એમ તે સંબંધે મેં એક ઠેકાણે વાંચ્યું હતું.* તેમના તરફથી ખુલાસો થાય તો વધારે યોગ્ય થશે.

દરેક પત્ર સાથે તેના લેખકનું સરનામું છાપો તો રસ ધરાવનારાઓને સીધા સંપર્ક સાધવાનું સુગમ થઈ શકશે.

(મુંબઈ) —શબ્બીર હિલેર

[*અમારી માહિતી મુજબ એ ઉક્તિ માણસના શૌચ સંબંધે છે: "જે માણસ દિવસમાં એક વખત શૌચ જાય તે જોગી, બે વખત જાય તે ભોગી, પણ જેને ત્રણ વખત જવું પડે તેને રોગી સમજવો."]

'કુમાર'ની જોડણી અંગે એક પ્રશ્ન છે. 'યેલું'ને બદલે 'એલું' જોવા મળે છે દા. ત. 'ખવાએલું', 'ગએલું'. વળી 'રેલવે'માં 'રેલ્વે' કરવું ઠીક છે. તે પ્રમાણે ઉચ્ચાર કેન્દ્રમાં રાખીએ તો પથ્થરને બદલે પત્થર સાચું ન ગણાય?

(લોકભારતી સણોસરા) —રાવજીભાઈ પટેલ

[*'કુમાર'માં આવતી જોડણી બને ત્યાં સુધી મૂળ સ્વરૂપની નજીક રહે એ રીતે રાખવાનો પ્રયત્ન કરીએ છીએ. દા. ત. 'વકીલાત'ને બદલે 'વકાલત', 'ખ્યાલ,ને બદલે 'ખયાલ' વગેરે. એ જ રીતે 'Rail-way'માં બે અંગ્રેજી શબ્દો અલગ હોઈ 'રેલ વે' રાખ્યું છે.

'જોયેલું'ને બદલે 'જોએલું' કરવામાં પણ મૂળને નજીક રહેવાનો પ્રયત્ન છે. દા. ત. 'કરવું'—'કર' ધાતુ + 'એલું' = 'કરેલું'. એમ શુદ્ધ પ્રત્યય 'એલું' છે, 'યેલું' નથી. એટલે, 'જોવું' ક્રિયાપદના મૂળ ધાતુ 'જો'ને 'એલું' પ્રત્યય લાગીને 'જોએલું' બને છે તે જ રાખીએ છીએ. પછી ઉચ્ચારમાં 'એ'ને બદલે 'યે' રૂપ થઈ જતું હોય તે સ્વીકાર્યું નથી.]

૫૦૧મા અંકમાં શ્રી ધીરેન્દ્ર મહેતાની ભાવભરી ગઝલ પ્રગટ થઈ છે. પરંતુ તેમાંની ક્ષતિઓ નિવારવાનો પ્રયાસ થયો નથી.

એક પંક્તિમાં 'નયનમાં નીર વરસે છે' —એમ છે, તેમાં વિભક્તિદોષ છે. 'નયનમાં' નહિ, પરંતુ 'નયનથી' જોઇએ. 'કણું છું હું વળી કોઈ ખટકતી આંખડી કેરું' એમાં મહાવરાનો ઉપયોગ થયો, પરંતુ મહાવરો તો 'આંખનું ખટકનું કણું' એવો છે; અર્થાત્ આંખડીને 'ખટકતી'નું વિશેષણ આપવા જતાં અર્થ અને મહાવરો ઉભયને સહન કરવું પડયું છે.

એક પંક્તિમાં 'મદભરી મઝધાર' એમ આવે છે. 'મઝધાર'ને માટે આ વિશેષણ ઉચિત નથી. 'વણઝાર' અંગેની કડીની પ્રથમ પંક્તિમાં 'પગેરું જેમનું' એમ છે, ત્યાં 'પગેરું જેનું દિવસરાત' એમ હોવું જોઈએ.

(ભાવનગર) —કિસ્મત કુરેશી

શ્રી છનુભાઇ કે. પટેલ 'દીવાસળીનાં લેબલો' ક્યાં મળી શકે તે વિષે પુછાવે છે, તો તેમનું ધ્યાન 'કુમાર'ના ૪૯૬મા અંકમાં પાછલા ભાગની જાહેર ખબરોમાં નીચેનું સરનામું છે તે તરફ દોરું છું: N. M. Munshi R. N. 3. Ground Floor (K) 'Laxmi Sadan' Plot 28 Liberty Garden Housing Colony, Malad West, Bombay-64. શ્રી છનુભાઈનું સરનામું મળી શકશે તો બીજાં સરનામાંની જાણ થશે તો તે પણ આપીશ. મારી પાસે પરદેશનાં સરનામાં છે તે મળશે તો મોકલાવીશ.

(નવસારી) —નિરંજન છ. ગલીઆરા
(ઊર્મિનિકેતન, આશાનગર, નવસારી)

૫૦૧મા અંકમાં 'વડનગરા નાગરોની સ્ત્રીઓમાં ગવાતાં ગીતોના સંગ્રહ'નું અવલોકન છે, સંગ્રહકર્તાનું નામ સ્વ. બાળાબહેન દેસાઇ જણાવેલું છે તે સ્વ. બાળાબહેન પ્ર જોઇએ. સંગ્રહ સ્વ. ભોળાનાથ સારાભાઈનાં પુત્રી સ્વ. બાળાબહેન પ્રએ કરેલો છે.

(મુંબાઇ) —સુશ્રુત ર. નીલકંઠ

૪૯૮મા અંકમાં શ્રી લાભશંકર ઠાકરના 'શિરીષ'ના ધરગથુ ઉપયોગ વિષેનો માહિતીથી ભરપૂર લેખ વાંચ્યો. સિફિલિસની ચાંદી ઉપર શિરીષનો ઉપયોગ irrational છે. ચાંદી કેટલા દિવસમાં રૂઝાય છે તે જાણવું અગત્યનું છે. વળી સિફિલિસની ચાંદી ઉપચાર વિના પણ ૨ થી ૬ અઠવાડિયાંમાં રૂઝે છે. (Ref. (1) Text Book of Medicine by Cecil-Loeb (2) Pathology by Anderson). તેથી આ અવિચારી ઉપયોગને લઈ રોગ વધુ ઘેરો બનતો જાય, ને વખત જતે બેકાબૂ પણ બને. Penicillin—the drug of choice છે. વળી physicians કહે છે કે untreated syphilis progresses slowly, but that treated inadequately progresses like wild fire શ્રી લાભશંકર ઠાકર પાસે આ વિષે વધુ માહિતી હોય તો તે જાણવા ઘણા ઉત્સુક છીએ.

(મેડિકલ કૉલેજ, પૂના) —હરીશ પોરેચા

સાંકળિયું

નવેમ્બર ૧૯૬૫ · અંક ૫૦૨

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦

ઑક્ટોબર ૧૯૬૫
તંત્રી · બચુભાઈ રાવત

યુદ્ધસ્વ ભારત / રાજેન્દ્ર શાહ

· અનુષ્ટુપની ગતિમાં ·

સર્વ વિષ્ટિની અવહેલના;
નમ્રને મસ્તકે લાતો દર્પની, ઘા ઘૃણા તણા,
નીતિના નિત્યના સીમોલ્લંઘને હતગૌરવ–
જીવવું મૃત્યુથી કારી, ધૃતિ કાર્પણ્ય ના હવે.

હવે ટંકારને મંત્ર
પ્રજાપાંચાલિની હૈયાઝાળમાં
અંધપુત્રની આહુતિ... એ જ પ્રશ્રય.

યુદ્ધ તે યજ્ઞ, તે ધર્મ, ઇષ્ટિ...
યુદ્ધસ્વ ભારત!

મારે જ વાંક / ઉશનસ્

· મૃદંગ ·

મારાથી કૈંક થયું ના, થવું જોઇતું હતું;
ને તેથી તો કણસતી અહીં આટલી વ્યથા;
રે વાક્યમાં ખૂટતું મારું જ તો ક્રિયાપદ,
હા, તેથી તો સરસ ઊપડી નષ્ટ આ કથા.

હા, મેં જ કોક અપરાધ કર્યો નહીં ક્ષમા,
તેથી જ પ્રેત ઇસુનું દદડે ક્રુસે જડયું;
રહેરો, ધરિત્રી, તવ પ્યાસથી કોઈ વ્યગ્ર,
હા, મેં જ ના અધર ચુંબન પ્રેમનું મઢયું;

આ રાતને નયન રક્ત ઉજાગરો બળે,
મારે લીધે જ, લીધી સોડ મહીં ન વેહિણી;
તૂટંત ચીસ પવને ડૂસકંત રહે રહી,
કાંકે ન મેં જ પસવારી, ન મસ્તકે ખણી.

રેખા બધી સરસ ચિત્રની વ્યસ્ત હ્યાં પડી,
મારે જ વાંક લયના ટુકડા રહ્યા રડી.

દરિયો / રઘુવીર ચૌધરી

· સવૈયા ·

એક રિક્ત અવકાશ નીરથી ફરી ભરાતાં ઝબકયો,
દૂર દૂરનાં દર્દ પી ગયો, તૃપ્ત તૃપ્ત થઈ છલકયો.

હું જૂનો તટવાસી, મારા તટ પર પાછો આવ્યો:
જળમાં જેવાં ચરણ મૂકું ત્યાં રોમ રોમ ઍંચાયો,
એક ડૂબકીમાં તો આખો દરિયો થઈ હું ફરકયો.

આમ કેટલો નાનો, મારી આંખ મહીં એ માતો;
કરું પોપચાં બંધ નહીં તો ભીતર ઊતરી જાતો;
એનો વડવાનલ ઊછળીને બેઉ આંખમાં ઝબકયો.

પ્યાસ / રાજેન્દ્ર શુકલ

તારાં નયનનાં એ હસીન છળ હું પી ગયો,
જોતાં રહ્યાં રણો અને મૃગજળ હું પી ગયો.
હે વંધ્ય કાળ, તવ પુરાણ પ્યાસની કસમ
સામી મળેલી એક એક પળ હું પી ગયો!

રેવ૦ ફાધર વાલેસની
વિશદ સમજાવટભરી લેખમાળા
વ્યક્તિ-ઘડતર

૩

મનની કેળવણી

'જ્ઞાન'માં અને 'માહિતી'માં ફેર છે.

હકીકત જાણી, એટલે માહિતી મળી. ખબર પડી, એટલે મનમાં એક નવી વાત આવી. વર્ગમાં બેઠા એટલે પાઠ શીખ્યા. એ માહિતી છે, જાણ છે, સમાચાર છે. પણ જ્ઞાનની કોટિમાં તો એ હજુ નહિ આવે. એથી જીવનમાં વ્યક્તિત્વ નહિ ઘડાય.

થેલીમાં ચોપડીઓ ઠાંસી એનો થેલીને શો ફાયદો? તે ફૂલી જાય એટલું જ. મનમાં હકીકતોની પરંપરા ઠસાવી એનો મનને શો લાભ?

ભૂમિતિનું પ્રમેય તમે શીખ્યા. કર્ણ ઉપર રચેલો ચોરસ એ લંબ ત્રિકોણની બીજી બે બાજુ પર રચેલા ચોરસોના સરવાળાની બરાબર છે, એ 'હકીકત' થઈ. હવે એ પ્રમેયની શોધ કોણે કયાં અને કયારે કરી, એની કેટલી જુદીજુદી સાબિતીઓ આપી શકાય, એ આગળનાં પ્રમેયો સાથે કેવી રીતે સંકળાએલું છે અને એમાંથી કેવાં નવાં પરિણામો તારવી શકાય, એનું મહત્ત્વ શું, એનો ઉપયોગ શો, એનાં વિસ્તૃત સ્વરૂપ કઈકઈ દિશામાં શોધી શકાય,—એમ આ એક જ હકીકતનાં વિવિધ પાસાંની તમે બને તેટલી બારીક તપાસ કરીને તે પચાવવા, આત્મસાત્ કરવા પૂરો પ્રયત્ન કરશો ત્યારે જ તમારા 'જ્ઞાન'માં વધારો થયો એમ કહી શકાશે.

એ કામ બુદ્ધિનું છે. તેના પ્રતાપે માનવ પ્રગતિ સાધી શકે છે, અને બીજાં પ્રાણીઓથી જુદો પડીને માનવ બની જાય છે. (પાછળ)

મધમાખીઓનું કામ તો અદ્ભુત છે! ઓછું મીણ વાપરીને વધુ જગ્યા સમાવી લેવા કોષના કોણ કેવા રાખવા એ પ્રશ્ન આપણા જમાનાના જ ગણિતજ્ઞો કલનશાસ્ત્રની મદદથી ઉકેલી શક્યા; જ્યારે તેનો જવાબ મધમાખીઓને તો વેદકાળથી માલૂમ હતો! તો પણ મધમાખીઓના જીવન અને કામનું જે વર્ણન પહેલા સૈકાના રોમન કવિ વર્જિલે કર્યું હતું તે અક્ષરે અક્ષર આપણી આજની મધમાખીઓને પણ લાગુ પડે છે. વીસ સૈકાઓમાં કશી પ્રગતિ થઈ નથી.

એ પ્રગતિશીલ બુદ્ધિ માનવનું લક્ષણ છે. માટે એ વ્યક્તિવ્યક્તિનું પણ લક્ષણ છે; એટલે કે વ્યક્તિત્વનું તે એક મહત્ત્વનું અંગ છે. તેના કાર્ય, તેના ઉપયોગ અને તેના વિકાસ વિષે આપણને સ્પષ્ટ ખયાલ હોવો જોઇએ.

બુદ્ધિ વારસામાં મળે છે કે મહાવરાથી? બુદ્ધિ જુવાનીમાં વધારે કે પુખ્ત વયમાં વધારે? બુદ્ધિ ને યાદશક્તિ ને કલ્પનાશક્તિ વચ્ચે શો સંબંધ? બુદ્ધિનું કાર્યક્ષેત્ર શું?

વાત ને વાત વચ્ચે **સંબંધો** જોવા, **અનુમાન** કરી કરીને એક સત્યમાંથી બીજું તારવી કાઢવું, અરૂપ **સંકેતો** સમજવા ને વાપરવા, ને પરિસ્થિતિ પામીને યોગ્ય-અયોગ્ય વર્તનનો **વિવેક** કરવો એ માનવ-બુદ્ધિનાં લાક્ષણિક કાર્યો છે.

દરિયામાં ભરતી ને ઓટનું અનંત ચક્ર ચાલ્યા જ કરે છે, અને આકાશમાં સૂરજ કે ચંદ્ર ફર્યા જ કરે છે. એ બે જુદીજુદી ક્રિયાઓ બે સ્વતંત્ર હકીકત લાગે છે; પણ એ બે વચ્ચે ગાઢ **સંબંધ** છે: 'ચંદ્ર નજીક આવ્યો એટલે આકર્ષણબળથી દરિયાનું પાણી એની તરફ ખેંચાયું' એની શોધ તો તીવ્ર બુદ્ધિનો પુરુષાર્થ છે. બીજો દાખલો લઇએ: અમુક ઔષધને અમુક રોગ સાથે **સંબંધ** છે એ જાણવાના પ્રયત્નમાં ચિકિત્સાશાસ્ત્રનો આખો ઇતિહાસ સમાએલો નથી શું? સંબંધ શોધ્યો, ઘટનાનાં કારણ ને પરિણામ શોધ્યાં એટલે 'માનવીને લાયક જ્ઞાન' મેળવ્યું.

અનુમાન કાઢવાની **શક્તિ** ને વૃત્તિ પણ બુદ્ધિની ખૂબી છે. તેનો એક ઉજ્જ્વળ દાખલો ભૂમિતિનો ઇતિહાસ પૂરો પાડે છે. ફક્ત પાંચ સરળ સિદ્ધાંતો લઇને અને એમાંથી અનુમાન પર અનુમાન કાઢીકાઢીને યુક્લિડે તેર ગ્રંથોમાં આખી પ્રમાણિત ભૂમિતિની રચના પગલે પગલે બાંધી, એ એક અજબ સિદ્ધિ છે અને માનવ-બુદ્ધિની અદ્ભુત શક્તિ બતાવે છે. 'અટકળ' તો મૂર્ખ પણ બાંધી શકે. 'તર્કબદ્ધ અનુમાન' એ કુશાગ્ર બુદ્ધિનો ઇજારો છે.

સંકેતો વિજ્ઞાનની ભાષા જ છે. (અને શબ્દો પણ વિચારના સંકેતો જ છે એ કેમ ભુલાય?) વિચારને વાક્યમાં વ્યક્ત કર્યો, પ્રકૃતિના નિયમોને સૂત્રોમાં બાંધ્યા, પદાર્થોનાં સમીકરણ શોધ્યાં ત્યારે જ માણસને સંતોષ થયો. સંસ્કૃતિ એટલે સંકેતોનું સામ્રાજ્ય. મોહેં-જો-ડેરોની મુદ્રાઓથી માંડીને તે આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદનાં સમીકરણો સુધી માનવ-સંસ્કૃતિનો ઇતિહાસ એવી સાંકેતિક સંજ્ઞાઓ સાથે સંકળાએલો છે. તે એટલે સુધી કે આજના ઘણાખરા માનસશાસ્ત્રીઓ સંકેતો સમજવાની અને વાપરવાની શક્તિમાં બુદ્ધિનું શ્રેષ્ઠ માપ જુએ છે. (ગણિતમાં સંકેતોનો વિશેષ ઉપયોગ થવાથી એમાં બુદ્ધિની કસોટી છે એમ લાગ્યા વિના રહેશે નહિ: પણ મારા જેવા ગણિત-શિક્ષકથી એવો પક્ષપાત કેમ કરાય!)

છેલ્લે **વિવેકશક્તિ** પણ બુદ્ધિનું આગવું લક્ષણ હોય છે. કયા સંજોગોમાં કયું વર્તન શોભે અને શું કરવાથી શું સારુંનરસું પરિણામ આવે એ અગાઉથી જાણી લેવું, માણસોનું સાચું પારખું કરવું, અને પોતાની તેમજ બીજાઓની મર્યાદાઓનો ખયાલ રાખીને સમાજમાં સંતોષપૂર્વક જીવતાં શીખવું, એ પણ બુદ્ધિની દોરવણી માગી લે એવું કામ છે.

સંબંધ, અનુમાન સંકેત, વિવેક એ છે માનવબુદ્ધિનું કાર્યક્ષેત્ર. એ જુદાંજુદાં કાર્યોને લગતી વિવિધ શક્તિઓ વ્યક્તિમાં રહેલી જ છે, અને દરેક પોતપોતાના પ્રમાણમાં વિકાસ પામી શકે; પરંતુ બધી એકબીજીની સાથે સંકળાએલી છે. એક રુંધાઈ જાય તો બીજીનો વિકાસ અસંભવિત છે. આમ, સ્મરણશક્તિ અને અનુમાનશક્તિ તદ્દન જુદી શક્તિઓ નથી. 'યાદશક્તિ એ મૂર્ખની બુદ્ધિ છે' એ લોકોક્તિ આધુનિક સંશોધને ખોટી ઠરાવી છે. જેની બુદ્ધિ ઓછી તેની યાદશક્તિ પણ ઓછી.

માણસ પોતાની બુદ્ધિનો ગમે તેટલો ને ગમે તે દિશામાં વિકાસ સાધી શકે ખરો? બાળક પાંચમા વરસ સુધી બોલતાં ના શીખે તો આગળ ઉપર સાહિત્ય-આલમમાં નામ કાઢી શકશે? સ્કૂલમાં ગણિત કાચું હોય તો કૉલેજમાં પાકું થશે? પ્રાથમિક પદાર્થવિજ્ઞાનના પ્રયોગો પર હાથ નહિ બેસે તો પણ અણુશાસ્ત્રી થવાશે? ઘણું કરીને જવાબ 'ના'માં છે. બુદ્ધિ વારસામાં જ મળે છે. દરેક વ્યક્તિમાં તેની મર્યાદા હોય છે. પૂરો પ્રયત્ન કર્યા પછી અભ્યાસનું જે ધોરણ સધાય તે કાયમ રહેવાનો સંભવ છે. પણ 'પૂરો પ્રયત્ન' એ શરત આવશ્યક છે. માટે આળસને કદી અવકાશ રહેશે નહિ. બુદ્ધિની મર્યાદાનો આશ્રય લેવો એ ખરેખર બુદ્ધિની મર્યાદા જ સૂચવે છે!

જેમ શારીરિક વિકાસનો તેમ બૌદ્ધિક વિકાસનો પણ આલેખ—ગ્રાફ—દોરી શકાય. તરુણાવસ્થાનાં પહેલાં વરસોમાં ઝડપી વિકાસ થાય છે, આલેખ ઊંચે ને ઊંચે ચડતો જાય છે. અઢારમાંથી ચોવીસમા વરસ સુધી આલેખ હજુ ચડતો રહે છે, પણ ધીરેથી. પચાસમા વરસ સુધી તે સપાટ જ રહે છે, અને ત્યાર પછી નીચે ઊતરવા માંડે છે. આમ આશરે ચોવીસમા વરસ સુધી બુદ્ધિનો વિકાસ થાય છે, અને તેથી જ એ અરસામાં તેની વિશેષ કાળજી લેવી ઘટે. એ વરસોમાં બુદ્ધિનું સિંચન નહિ થાય તો એ પૂર્ણપણે ખીલશે નહિ. બી રોપ્યા પછી પાણી ન પાઓ તો વૃક્ષ મજબૂત ઊગશે ખરું?

વિજ્ઞાનની ઘણીખરી શોધો વૈજ્ઞાનિકોની યુવાવસ્થામાં જ થઈ છે એ એક હકીકત છે. ન્યૂટને કલનશાસ્ત્ર ૨૩મે વર્ષે, જ્યારે લાગ્રાંજે વિચલનશાસ્ત્ર ૧૯મે વર્ષે શોધ્યું; ગાલોઆએ સમૂહશાસ્ત્ર ૨૦મે વર્ષે પ્રગટ કર્યું, અને આઇન્સ્ટાઇને સાપેક્ષવાદ ૨૬મે વર્ષે પ્રસિદ્ધ કર્યો. એ જાણ્યા પછી કોણ હવે જુવાનીનાં અમૂલ્ય વર્ષો આળસમાં કે ભોગવિલાસમાં કે પોપટિયું 'જ્ઞાન' પ્રાપ્ત કરવામાં વેડફી નાખશે?

બુદ્ધિના વિકાસ વિના વ્યક્તિત્વનો વિકાસ અશક્ય છે. સુઘડ વ્યક્તિત્વ પ્રાપ્ત કરવું હોય તો...ભાવનાપૂર્વક વાંચો, સંબંધો શોધો, સંકેતોનો પરિચય વધારો, વિવેકશક્તિ કેળવો; તમારા સિદ્ધાંતો સ્પષ્ટ કરો; તમારા વિચારો પર કાબૂ રાખો.

વિચારો જ માણસનું વર્તન ઘડે છે. વિચારો જ માનવજાતનો ઇતિહાસ લખાવે છે. વિચારો જ દુનિયાનું સંચાલન કરે છે.

ગુણ અને ભાવના માટે એક લાખ રૂપિયા

ગુજરાતનાં ગામડાંમાં ગુણ અને ભાવના પ્રકટે એવા કોઈ કામમાં હરિઃઓમ્ આશ્રમ એક લાખ રૂપિયા ખર્ચવા માગે છે. જોકે તેની પાસે એટલી રકમ તત્કાળ તો નથી. આ અંગે ગ્રામ જનતામાં ગુણ અને ભાવના પ્રકટે એવી યોજના અમને કોઈ નીચેના સરનામે લખી મોકલશે તો આભારી થઈશું: હરિઃઓમ્ આશ્રમ, શેઢી નદી, નડિયાદ.

ઉદયશંકરની જેમ દંતકથાના લોકપ્રિય પાત્ર જેવી કીર્તિ રળનાર રામ ગોપાલ

લેખક
સુનીલ કોઠારી


રામ ગોપાલ લંડન ગયા ત્યારે

'સોનોબાબા! સોનોબાબા!'

'ટર્કીકૅસલ'ના ગાર્ડનમાં વૃદ્ધ રાજપૂત નોકર ગુલાબે નાના 'સોનોબાબા'ની શોધ કરતાં બૂમાબૂમ કરી મૂકી. આકાશમાં વાદળાં ઘેરાયાં હતાં; વીજળી કડાકા કરી રહી હતી; અને થોડી જ પળોમાં તો ધોધમાર વરસાદ તૂટી પડયો. નાના સોનોબાબાએ ગુલાબના ડરના માર્યા એક નજીકના વૃક્ષનો આશ્રય લઈ તેના પર ચડી જઈ સંતાવું મુનાસિબ ધાર્યું. આવા વરસાદમાં એને સ્વતંત્રપણે તોફાન કરવાની છૂટ મળે ખરી? પિતાજી જાણે તો આવી જ બને. અને છતાં આ તોફાનમાં—વરસતા વરસાદમાં ભીંજાવાનું પ્રલોભન છૂટે નહિ.

થોડી વાર શોધાશોધ કરી ગુલાબ ચાલ્યો ગયો. પછી બહેને આવી બૂમો પાડી. પણ આવડા મોટા ઘરમાં 'સોનોબાબા' ક્યાં ભરાયો હશે તેની શી ખબર? માળીને ય બોલાવી પૂછ્યું. અંતે ઘરમાં નાનો કૂતરો હતો તેણે સોનોબાબાવાળા ઝાડ નીચે આવી ભસવા માંડયું. બહેને ઊંચું જોયું અને સંતાએલા સોનોબાબાએ આંખો વડે વિનતિ કરી. બંને ભાઈબેનને બને ઘણું. બન્નેનું છૂપું કારસ્તાન ચાલ્યું. ઘરમાં બીજાં બાળકોને આ છૂટ મળે નહિ. સૌ ઘરમાં ગયાં એટલે નાના સોનોબાબાએ ઠેકડો માર્યો અને વીજળીના કડાકા, વાદળગર્જના અને વૃષ્ટિમાં મુક્ત આનંદ-નૃત્ય શરૂ કર્યું. જાણે કોઇ સત્ત્વે તેનામાં પ્રવેશ કર્યો! અને એની ખુશાલીનો પાર રહ્યો નહિ. રોજ વહેલી સવારે પિતાજી જોડે સંસ્કૃતમાં જ્ઞાનવાર્તા કરવા માટે આવતા પંડિતનાં વચનો સોનોબાબાને યાદ આવ્યાં: 'આકાશમાં જ્યારે વિદ્યુત ચમકે અને વાદળ ગડગડે, વરસાદ પડે, ત્યારે શિવ નૃત્ય કરતા હોય છે. ધ્યાનથી જોશો તો ઐરાવત પર બેસી, હાથમાં વજ્ર લઈ આવતા ઇન્દ્ર પણ દેખાશે. પ્રકૃતિમાં બધે ઈશ્વર હોય છે. જુએ તેને બધે જણાય!'

આમ નૃત્ય કરતાં કરતાં શિવ અને ઈન્દ્રને શોધતા સોનોબાબાએ ત્રાડ સાંભળી: 'સોનોબાબા! ઝટ ઘરમેં આ જાઓ! પિતાજી અભી આ હી રહે હૈ.' એ સાંભળી સોનોબાબાનાં ગાત્ર ગળી ગયાં. પિતાજીના ડરે દબાતે પગે તે ઘરમાં પાછો ફર્યો. માતાએ વહાલથી તેનું ડિલ લૂછી ગરમગરમ કૉફી પાઇ, ભીના વાળ સૂકવ્યા અને બાળકના આ કારસ્તાનમાં તે પણ સાથીદાર થઈ.

તેઓ રંગૂનમાં હતાં ત્યારે શ્વેડેગૉન પૅગોડામાં તે એને લઇ જતી. મૂળ એ બર્માની કારેન - બર્મિઝ રૂપસુંદરી. પિતાજી રાજપૂત—અજમેરના વાસી. મોટા પંડિત. બર્મામાં ધીકતી વકાલત કરી, અઢળક નાણું ભેગું કરી, બૅંગ્લોર આવી સ્થાયી થએલા. રંગીલો જીવ, તે શાન જાતિની બર્મિઝ રૂપસુંદરીને પરણેલા. આમ બ્રહ્મદેશ ને ભારત બંનેની સંસ્કૃતિની અસરો નાના સોનોબાબાએ ઝીલેલી. 'સોનાબાબા' તો ટૂંકાવેલું નામ. મૂળ વહાલસોયું નામ તો પાડેલું 'બીસાનોબાર': વીસમી નવેમ્બર ઓગણીસસો બાર, એ જન્મતારીખ. તે પરથી પાડેલું ને ટૂંકાનું ય ટૂંકું કરેલું સોનોબાબા. વિશાળ કુટુંબમાં ભાઈભાંડુમાં રામગોપાલ નાનપણથી જ લાડકા પુત્ર. પણ પિતાજીનો ધાક ભારે.



તમે 'રીધમ ઇન હેવન્સ: ઍન ઑટોબાયોગ્રાફી બાઈ રામગોપાલ' વાંચો તો લાગે કે જાણે કોઇ નવલકથા જ વાંચી રહ્યા છો! અને એમાં કશી નવાઇ નથી. રામગોપાલના જીવનમાં જે પ્રસંગો બન્યા છે તે એટલા તો ભિન્ન પ્રકારના અને રસિક છે કે આ નૃત્યકારની કારકિર્દીનો ઇતિહાસ તપાસતાં ભારતીય નૃત્યોની સ્થિતિ કેવી હતી તે પણ સ્પષ્ટ થાય, ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૪૦ અને પછી બીજા વિશ્વયુદ્ધના ગાળા દરમિયાનના ભારતીય નૃત્યનો ક્રમિક વિકાસ-હ્રાસ જાણી શકાય. ઈ. ૧૯૪૭માં પ્રગટ થએલા 'ડાન્સ ઇન ઇન્ડિયા' પુસ્તકમાં લેખક અને કલાવિવેચક શ્રી જી. વ્યંકટ-અચલમે આ કલાકારનો પરિચય કરાવતાં ત્યારે નોંધેલું: 'ઉદયશંકર અને રામગોપાલ બન્ને નૃત્યકારોએ ભારતીય નૃત્યોને પ્રાણપ્રતિષ્ઠા બક્ષી છે.' અને એ વિધાન અતિશયોક્તિભર્યું નથી. તે આ કલાકારની જીવન-રેખા અવલોકતાં જોઈ શકાશે.

રામગોપાલને વિશ્વખ્યાતિ અકાળે પ્રાપ્ત થઈ હતી. તે એટલી હદે કે એમને પોતાને પણ એ આશ્ચર્યભર્યા આઘાતની કળ વળતાં વાર લાગેલી. કહેવાય છે કે બંગ્લોરને મ્હૈસૂર પ્રાંતનું જાણીતું શહેર બનાવવામાં સર મીરઝાએ અગત્યની ભૂમિકા ભજવેલી. પછી તો બંગ્લોરની રમણીઓની સૌંદર્યછટાએ ભલભલાને મુગ્ધ કર્યા. પણ બંગ્લોરના એક કિશોરે જે કીર્તિ પ્રાપ્ત કરી તેણે તો બંગ્લોરની કીર્તિને કલગી ચડાવી. પશ્ચિમના ભલભલા નૃત્યવિવેચકોને આંજી નાંખી, હોલીવૂડમાં ખળભળાટ મચાવી આંતરરાષ્ટ્રીય કીર્તિ પ્રાપ્ત કરનાર એ કિશોર રામગોપાલ હતા. એટલા તો ટૂંકા ગાળામાં એમને આ કીર્તિ પ્રાપ્ત થઈ છે કે ન પૂછો વાત! અને તે પ્રાપ્ત કરતાં એમને બહુ પરિશ્રમે ય કરવો પડયો નથી. એમને જાણનાર એમના નિકટના મિત્રોને પણ તેનું આશ્ચર્ય શમ્યું નથી. તેમનામાં એવી કીર્તિ પ્રાપ્ત કરવાની લાયકાત નથી એવું ય નથી. પણ નસીબનું પાંદડું જ્યારે હઠી ગયું ત્યારે અક્ષરશઃ





ઉપર: સોનોબાબા
ડાબીબાજુ: અજમેરના રાજપૂત પિતા. જમણી બાજુ: બ્રહ્મદેશની રૂપસુંદરી માતા

કીર્તિએ સામેથી ચાલીને તેમના પર કળશ ઢોળ્યો : એક મહત્ત્વાકાંક્ષી અલ્પખ્યાત યુવકને નૃત્યકળાને કારણે અદ્વિતીય ખ્યાતિ પ્રાપ્ત થઇ. મ્હૈસૂરના સબુ નામે મ્હાવત-કુમારને ('એલીફન્ટ બૉય ને') રૉબર્ટ ઓ' ફ્લૅહાર્ટીએ પહેલી વાર જોયો અને વિખ્યાત ફિલ્મ-પ્રોડ્યુસર ઍલેક્ઝાન્ડર કૉરડાએ તેને 'ફિલ્મસ્ટાર' બનાવી દીધો! આના પાવલોવાએ ઉદયશંકરને ચિત્રકારમાંથી નૃત્યકારમાં પલટ્યા અને શ્રીમતી એલિસ બૉનરે વિશ્વવિખ્યાત નૃત્યકાર તરીકે સફળતા મેળવવામાં ઘણી મદદ કરી. એમ રામગોપાલને પણ ઝડપ્યા લા મેરી નામે અમેરિકન નૃત્યાંગનાએ, અને પોલૅન્ડના ઍલેક્ઝાન્ડર જન્ટાએ આશ્રય આપી રાતોરાત નૃત્યકાર તરીકે સ્થાપી દીધા!

રીટાયર્ડ વકીલ બાપે તો રામગોપાલ માટે જુદી જ યોજના કરી રાખેલી. એ નૃત્યકાર થશે એવી સ્વપ્ને ય કલ્પના નહિ. અને એ કળા પરત્વે તેમને સૂગ પણ ખરી. ત્યારના સંયોગો અનુસાર એવી ઘૃણા હોય તે કંઇ અજુગતું નહોતું. એટલે પિતાનો ડર ઘણો. રામગોપાલ એ ડરના માર્યા જ નાનપણથી છાનુંછપનું 'નાચવાનું' વિચારે. પિતાને તો ગંધ સુદ્ધાં ન આવે કે છોકરો નાચણવેડામાં સર્યો છે. ત્યાં નિયમિત નૃત્યવિષયકમાર્ગદર્શનની તો આશા પણ શી રાખી શકાય? કેવળ આંતરિક સ્ફુરણાને વશ વર્તીને એમનો કળાકાર જીવડો થનગનતો. જે મળે તે રેકૉર્ડનું સંગીત નૃત્યના સાથમાં સંગત માટે ચાલે! એને ટેકે આમતેમ તાલબદ્ધ નૃત્ય તે કરતા. ગ્રામોફોન રેકર્ડને આધારે થતા આ નૃત્યનો પ્રભાવ ખૂબ વરતાતો. એનું મુખ્ય કારણ તેમનું આકર્ષક વ્યક્તિત્વ. લોકો પણ તેમનાં નૃત્યો જોતા. એ નૃત્યોના કોઈ નિયમિત 'શો' યોજાતા નહિ. મિત્રોને ત્યાં, મોટાં શ્રીમંત ઘરોમાં, મિજબાનીઓ વગેરે સારે પ્રસંગે મનોરંજનનો આવો જલસો ગોઠવાતો. અને રામગોપાલને તો કહેવાની જ વાર! ભાઇસાહેબ તરત તૈયાર! માથાકૂટ કરી સુંદર પોશાક લઈ આવે, ગ્રામોફોન પર રેકર્ડ મૂકે અને હિંદુ ધર્મનાં દેવી-દેવતાઓ ધરતી પર વિહરવા માંડે!

અને એમાં, એક શુભ ચોઘડિયે, વાઇસરૉયના માનમાં મ્હૈસૂરના યુવરાજે કોઇ મોટી મિજબાની ગોઠવેલી ત્યારે જ યુવરાજને કાને આ ઘેલા કલાકારની વાત આવી. રાજાનો હુકમ છૂટ્યો : 'છોકરાને હાજર કરો!' અને રામગોપાલના થનગનાટનો પાર નહિ. પણ ટાણાસર જ ભાઈ નર્વસ! એને 'શૅમ્પેઈન'નો એક 'પેગ' પાઈ દેવાની યુવરાજે સૂચના કરી. રંગરગમાં આગ ફેલાઈ ગઈ. રાજભંડારમાંથી હીરા, માણેક, અલંકારો, વસ્ત્રોની ભેટ મળી. ઇન્દ્રની સભામાંથી કોઈ ગંધર્વ ભૂલો પડ્યો હોય તેવું જ થયું!

તે દિવસ પછી આ ગંધર્વે પાછું વાળીને જોયું નથી. ઘરબાર છોડ્યાં; કેરળના કલામણ્ડલમ્‌માં જઈ ઝૂંપડીમાં ભોંય પર પડી રહી, વહેલી પરોઢે ઊઠીઊઠીને આંખમાં ઘી આંજી નેત્ર-વ્યાપાર કર્યા; ઠંડીમાં ધ્રૂજ્યા; ગુરુ કુંજુ કુરૂપનો માર ખાધો, વહાલ મેળવ્યું અને કથકલી નૃત્યનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. વહેલી સવારે ચાર વાગ્યે ઊઠી એ કઠોર પરિશ્રમ કરતા અને બપોરે થોડો આરામ કરી વળી મોડી રાત લગી અભ્યાસ-રિયાઝ. રાત્રે સાદડી પર શરીર લંબાવે ત્યારે થાકીને લોથ! આંખ ઊઘડે નહિ તો ગુરુ ચીમટો ભરે! આટલી વહેલી સવાર પડે તે ખમાય નહિ! પણ નૃત્યનો ચટકો ભારે. એક દહાડો એક ટ્રંકમાં ચાર જોડ કપડાં નાખી, થોડા પૈસા લઈ નાઠેલા તે હારીને ઘેર નીચી મૂંડી કરી બાપ પાસે કેમ જઇને ઊભા રહેવાય?

સંજોગ પાધરા, તે પાછા ફર્યા ત્યારે, એ વખતમાં અંગ્રેજી ફિલ્મ્સાં બતાવવા બૅંગ્લોરના એક માત્ર થીએટરના પારસી મૅનેજર-મિત્રે એક દહાડો બોલાવી કહ્યું કે 'આ વર્લ્ડ ફેમસ ડાન્સર આવી છે તેને મલ! તું કાંય કથકલ્લી ફથકલ્લી શીખી લાઇવો છે, તે એવનને શીખવ. મજેનું નાચે છે બચ્ચા! પરી હૂર જોઇ લે!'

થયું! લા મેરીએ મળતાવેંત ચકોર આંખે પારખી લીધું કે આ છોકરો સાધારણ નથી. લઈ લો ભેગો! જાપાનમાં નચવશું અને દુનિયાભરમાં 'ઇન્ડિયન ડાન્સીઝ' બતાવીશું. ઠીક કામ આવશે.

બાપે તો સાંભળી ત્રાડ નાખી: 'કુળમાં આ દીપક પાક્યા! નાચવા નીકળ્યા છે! યાદ રાખજે બચ્ચા, છ મહિનામાં લાત મારીને આ નાચનારી તગેડી નામેલે તો! આંખમાં આંસુ અને ગજવામાં પાઈ ન હોય ત્યારે રાજપૂત બાપ પાસે ગરદન ઝુકાવીને આવજે!' પણ નૃત્યના દેવાધિદેવ શિવના આ પરમ ઉપાસકે કાને શબ્દ ય ધર્યો નહિ અને જે દહાડે થીએટરમાંથી નૃત્યનો સામાન લઇને લૉરી નીકળી ત્યારે ખટારામાં એક નાનકડી ટ્રંક મૂકી ભાઈ નીકળી પડ્યા!

લા મેરી બાઈ જબ્બર. દુનિયાભરના નાચ જાણે. મુજરા કરે તે એવા કે ઘડીમાં જાપાનની લલના તો પળમાં ભારતની બાયદારી! કથકલી નૃત્યના કથાપ્રસંગોમાં એ દાનવોને ઘેલા કરતી વિષ્ણુએ લીધેલા છદ્મરૂપવાળી મોહિની થઈને આવે ત્યારે કોઈની દેન છે કે એને પારખી શકે? દિલ-દિમાગને ચકરાવે ચડાવે એવાં દુનિયાભરનાં નૃત્યોની ઝલક બતાવે. રામગોપાલ પાસે મયૂર-નૃત્ય અને શિવ-નૃત્ય કરાવે તે

લઘુકથા

નિગ્રહ

મોહનલાલ પટેલ

ફાગણ મહિનાના સહેજ ચડતા પહોરે સમીરની એકસરખી લહેરમાં બે વસ્ત્રો એકબીજાને અડપલાં કરતાં હતાં. વૈશાખી લીંબુના રંગનો ગૃહિણીનો સાળુ તરલ બનીને વારંવાર સંન્યાસીના ભગવા વસ્ત્રની છેડછાડ કરતો હતો. એક વાર એનો મહદ્ અંશ વસ્ત્રની સોડમાં છુપાયો, અને બીજી જ પળે હાથતાળી દઇને એનો છેડલો ગગન તરફ સરકી ગયો. ભગવું ઉત્તરીય પળવાર તો સ્તબ્ધ બનીને સ્થિર થઈ ગયું, ત્યાં વળી સાળુએ એને આંતરીને ગૂંગળાવી દીધું. ઉત્તરીયે ઝડપ મારીને એને હડાવી દીધો. પણ પછી તો એણે માનુની સ્ત્રીની પેઠે જાણે રૂસણું જ લીધું. એ ખંડિતાને મનાવવા ઉત્તરીયે બે કદમ આગળ બઢાવ્યાં, ત્યાં તો એકદમ માન ત્યજીને સાળુએ ગેરુઆ વસ્ત્ર ઉપર આક્રમણ જ કર્યું. એક ગાઢ આશ્લેષ સાધીને એ બંને સમીરને હીંચોળે ઝૂલી રહ્યાં...

બગીચામાં બે વૃક્ષો વચ્ચે બાંધેલા તાર ઉપરનાં આ વસ્ત્રોની એકાંતલીલા યજમાનના મકાનની અગાશીમાંથી સ્વામીજી સ્થિર નેને નિહાળી રહ્યા હતા.

એક વાર એમને સહેજ ક્ષોભ થયો : 'રીટાદેવી પોતાને આ સ્થિતિમાં જુએ તો?' એમને આ પ્રશ્ન ન જચ્યો. બદલ્યો : 'એ પોતે જ આ વસ્ત્રોને જુએ તો?'

પાછળ કંઇ સંચાર થયો એટલે એમણે ડોક મરડી. પાળેલી એક બિલાડી પસાર થઈ. સ્વામીજીની નજર ફરીથી પેલાં વસ્ત્રોમાં ગૂંથાઈ ગઈ.

'સ્વામીજી!' પાછળથી ટહુકો આવ્યો, એટલે એમણે મુખ ફેરવ્યું. યુવાન રીટા પ્રસન્ન મુખે એમને ભોજન લેવા આમંત્રી રહી હતી. જવાબ આપ્યા વિના સ્વામીજી રીટા સામે જોઈ રહ્યા.

રીટા સહેજ અકળાઇ. એણે કહ્યું : 'સ્વામીજી, ભોજન માટે પધારો.'

'આજે...' સ્વામીજીએ ભારે લાચારીભર્યા અવાજે કહ્યું : '... મારે ઉપવાસ છે; રીટાદેવી!'

રામગોપાલ મન મૂકીને કરે.

બનવાકાળ તે જાપાનમાં કોઇ છાપાવાળાએ લા મેરીને બદલે રામગોપાલનાં મોંફાટ વખાણ કર્યાં ને છાપરે ચડાવ્યા! બસ પછી તો પૂછવું જ શું? લા મેરી કહે: 'આ ને આ ઘડીએ ચાલતો થા! મારે તું મંડળીમાં ના જોઇએ!' પેલી ટ્રંક ને થોડાં ચીથરાં બધું યે થીએટર બહાર ફેંકાઇ ગયું! જાપાનમાં તોકિયો શહેરમાં આંસુ સારતો મિત્રહીન રામગોપાલ ભાગ્યને અને પેલા છાપાવાળાને નિંદતો બેઠો! ભૂખ, હતાશા, શ્રમ અને ભાવિનો ડર બધું ભેગું થયું. શરીર તો તાવથી ધીકે! વેદનાનો માર્યો તે બેભાન થઇ પડયો. બીજે દહાડે આંખ ઊઘડી ત્યારે એક સરસ ઘરમાં પરી જેવી કોઇ સ્ત્રી માથે પોતાં મૂકે છે અને ભાંગ્યા તૂટયા અંગ્રેજીમાં હિંમત દે છે. આ કોણ? પોતે કયાં?...અને આગલા દહાડાનાં અપમાન ને ગ્લાનિ ફરી ઘેરી વળ્યાં. ડૂમો ભરાયો અને આંખેથી આંસુની ધારા ચાલી. બાઈ કહે 'રડ મા! ભાઈ, બાપુ, રડ મા! જે થયું તે ખરું. હવે કહે તો તને ઇન્ડિયા ભેગો કરીએ, કે કહે તો તારા બાપુને તાર દઇએ કે તને તેડી જાય!' જેમજેમ બાઈ આશ્વાસનનાં વચનો કહે તેમતેમ તે ધ્રુસકે ધ્રુસકે રુએ!

ત્યાં બારણે ટકોરા થયા અને પોર્લૅન્ડના જર્નાલિસ્ટ ઍલેક્ઝાન્ડર જન્ટાએ રામગોપાલને પરિસ્થિતિ સમજાવી. રામગોપાલને તો દેવદૂત મળ્યા જેટલો આનંદ થયો. ઍલેક્ઝાન્ડરે લા મેરીના 'ટ્રૂપ'માં આ ભારતીય યુવકને ભાળ્યો ત્યારથી જ એની શક્તિઓ નાણી લીધી હતી. લા મેરીના આવા વર્તાવ પછી તેણે એને આશ્રય દીધો, એટલું જ નહિ, જાપાનથી બંનેએ સાથે જ ઊડીને અમેરિકાની ધરતી પર ઊતરાણ કર્યું. ક્યાં કેરળનું ગામડું, ક્યાં જાપાનનું તોકિયો શહેર, ને ક્યાં ન્યૂયૉર્ક! રામગોપાલ તો ચકળવકળ થઇ જોયા જ કરે! ઍલેક્ઝાન્ડરે ભાર ઉપાડયો અને છઠ્ઠીએ લેખ લખી ગએલી વિધાતા અંતરીક્ષમાં બેઠી બેઠી હસી રહી!



રામગોપાલ: 'દેવોનું હાસ્ય'માં; (નીચે) શિવપાર્વતીમાં.
(આ લેખ સાથેનાં બધાં ચિત્રો કલાકારના સૌજન્યથી)



અમેરિકા સર કર્યું, યુરોપભરમાં ભારતીય નૃત્યો રજૂ કર્યાં, અને નવલકથાના કોઇ રસિક પ્રકરણ જેવી ઘટનાઓ સંભળાવવા ભાઈ મુંબાઈના બારે ઊતર્યા. બાપે કોટે વળગાડયો! દીકરાની કીર્તિ દિગંતમાં વ્યાપી હતી. બૅંગલોર આવી રામગોપાલે પોતાનું 'ગ્રૂપ' ઊભું કર્યું અને ભારતભરનો પ્રવાસ કર્યો એટલું જ નહિ, મદ્રાસ જઈ ભરતનાટ્યમના એકમેવ અદ્વિતીય ગુરુ, પન્ડનલ્લુરના મીનાક્ષીસુંદરમ્ પિલ્લે પાસે પન્ડનલ્લુર ગામે જઈ ભરતનાટ્યમ્ નૃત્ય-પ્રકારમાં અધિકારી શિક્ષા પ્રાપ્ત કરી. અને રામગોપાલ જ એકમાત્ર પુરુષનૃત્યકાર ઠર્યા છે જેણે જાહેરમાં પુરુષો ભરતનાટ્યમ્ રજૂ કરી શકે એવી પહેલ કરી. આજે ય માત્ર રામગોપાલ જ દંતકથાના પાત્ર જેટલી લોકપ્રિયતા પ્રાપ્ત કરી શક્યા છે. બીજો કોઈ પુરુષ નર્તક ભરતનાટ્યમ્ નૃત્યપ્રકારો એમના જેટલી આકર્ષક ઢબે રજૂ કરી શક્યો નથી. 'ઝનકઝનક પાયલ બાજે' ચલચિત્રથી ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકેલા કથક નૃત્યકાર ગોપીકૃષ્ણ ભરતનાટ્યમ્ રજૂ કરે છે, પણ જેમણે રામગોપાલને દીઠા છે તે સૌ નૃત્યજ્ઞો કહે છે: 'રામગોપાલની તોલે કોઈ ન આવે.'

ભારતનો પ્રવાસ કરી એ મંડળી લઇ યુરોપ ઊપડયા અને લંડનના વિખ્યાત ઑલ્ડવિચ થીએટરમાં લાગટ છ અઠવાડિયાં 'ફુલ હાઉસ'નાં પાટિયાં લાગેલાં રહ્યાં. લોક ગાંડાતૂર થઈ આ નૃત્યકારને જોવા જતા. લક્ષ્મીએ પણ કૃપાકટાક્ષ કર્યો અને રામગોપાલનાં ગજવાં ભરાયાં. તેમના આકર્ષક વ્યક્તિત્વ અને કળાને પશ્ચિમના બડેખાં વિવેચકોએ મન મૂકી વખાણ્યાં અને પરિણામે શાસ્ત્રીય ભરતનાટ્યમ્ નૃત્યોને પ્રતિષ્ઠા મળી. યુરોપ માથે કર્યું, (અનુસંધાન પૃ. ૪૮૫મે)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

—આત્મકથાનક-૪૫—

લેખક-આલેખક : રવિશંકર રાવળ

૨૦૨ ચિત્રવર્ગના અનુભવો

આર્ટ સ્કૂલના વાતાવરણમાં હું રંગાતો ચાલતો હતો, પણ બહારના સ્કેચો કરવા ઉપરાંત બીજી કશી ચિત્રપ્રવૃત્તિ કરી શકતો નહિ. રહેવાનું તો ઝવેરી બજારની એક ગલીમાં ભાવનગરના ડહેલાનાં સંબંધી મણિફઇને ત્યાં મળી ગયું હતું. એ સ્થાન આર્ટ સ્કૂલથી દૂર નહોતું એટલે મને ફાજલ સમય મળતો; પણ મને ખોટી રખડપટ્ટીનો ઘણો કંટાળો હતો. જેમને ત્યાં રહેતો તેમને મારી તરફની જરા પણ તકલીફ નડતરરૂપ ન બને તેની ખૂબ કાળજી રાખતો. આ મુકામ પણ કેટલો ચાલશે તેની મનમાં ચિંતા જ રહેતી.

મણિફઇ વત્સલ માતા હતાં. તેમના મોટા પુત્ર હીરાલાલ પોતાના કાકાની સાથે પેઢીનો વહીવટ સંભાળતા. બીજા કાકાઓ ખૂબ વ્યવહારુ હતા. પેઢીમાં શું કામ ચાલતું તે હું સમજતો નહિ તેમજ તે તરફ ધ્યાન પણ આપતો નહિ. તેઓ મોડી રાત સુધી ચોપડા લખતા એટલે તેમની બેઠકથી થોડે દૂર મેં મારું બિછાનું રાખ્યું હતું. મણિફઇ અને છોકરાં અંદરના ખંડમાંથી પેઢીના મોટા ખંડના બારણા પાસે આવી બેસે એટલે હું બે ઘડી તેમની પાસે જઈ બેસુ. એ વખતે નાનાં છોકરાંને રીઝવવા કંઇકંઇ વાતો કરું. એ બધાંને ઘરમાં કોઇ આવી વાતો કરનાર મળેલું નહિ, એટલે પછી તો તેઓ નિયમિત મારી વાટ જુએ ને મણિફઇ મને બોલાવે. એમના સહવાસમાં મારો સૂતાં પહેલાંનો સમય આનંદમાં વીતવા લાગ્યો.

મને નવા આદર્શો અને સ્વપ્નાં મળ્યા છતાં આર્ટ સ્કૂલના અભ્યાસમાં કલ્પના અને સર્જકતાની જરા પણ હવા મળતી નહોતી. પ્લાસ્ટરના નમૂના પરથી ચારકોલમાં છાયા-પ્રકાશના વર્ણો સિદ્ધ કરવાના હતા અને જડ પદાર્થો, જેને 'સ્ટિલ લાઈફ' (ચલન રહિત જીવન)નું ખોટું નામ આપવામાં આવ્યું હતું તે ઉપરથી આબેહૂબ ઉતારવાનાં હતાં. ઉપરાંત ડિઝાઈન (રૂપરચના)માં ફૂલોનાં તાદૃશ ચિત્રો સાથે તેમાંના આકારોના પદચ્છેદ કરી તેને નવી રીતે ને નવા રૂપે ગોઠવવાના હતા. નજરે જોઇને ચિત્ર કરવાના પદાર્થસમૂહમાં ખાસ કોઈ હેતુ કે ખયાલ આપવામાં આવતો ન હતો. અઠવાડિયામાં એક વાર 'હિસ્ટૉરિક ઑર્નામેન્ટ્સ (ઐતિહાસિક અલંકૃતિઓ)ને નામે ગ્રીક, રોમન, સેલ્ટિક ને ભારતીય એમ એકેકી આકૃતિ બોર્ડ પર શિક્ષક કરતા અને નીચે ચાર છ લીટીનો પરિચય આપતા, તે અમારે સીધેસીધી નોટમાં ઉતારી લેવાની હતી. એમ કહેવાતું કે આ અભ્યાસક્રમ પ્રિન્સિપલ બર્ન્સે ઠરાવ્યા હતા. જીવંત પાત્રનું ચિત્રણ ત્રીજા વર્ષે શીખવાનું હતું. આમ વિદ્યાર્થીની કલ્પના ને ધીરજ મરી જાય એવો શુષ્ક ને લાંબો પંથ નિર્માયો હતો. મને લાગ્યું કે મારી સ્ફુરણાઓ ને ભાવનાઓ જીવતી રાખી મારે ગમે તે કસોટી આપવી પડશે.

હું ચારે તરફ ફાંફાં મારતો કે દેશનો કોઇ નૈસર્ગિક પ્રતિભાવાળો કલાકાર મળી જાય. પણ ભાગ્યે જ કોઈ મિત્રો, ગૃહસ્થો કે શ્રીમાનોને ત્યાં કલાનો સમજપૂર્વક આદર થયાનું જાણવા મળતું. એકમાત્ર અપવાદ રૂપે શેઠ શ્રી પુરુષોત્તમ વિશ્રામ માવજીના લક્ષ્મી આર્ટ પ્રેસમાંથી 'સુવર્ણમાળા'નાં પુરાણચિત્રો બહાર પડતાં તે સિવાય બીજા



નાનાં છોકરાંને રીઝવવા કૈં કૈં વાતો કરું.

ચિત્રગ્રંથો પણ લોકો વસાવતા નહોતા. 'ટાઈમ્સ ઑવ ઇંડિયા' કે મુંબાઈનાં અન્ય પત્રો નાતાલ કે દિવાળીના અંકો કાઢતા તેમાં ફોટોગ્રાફો અને ક્વચિત એકાદ દેશી ચિત્રકારનું કરેલું કઢંગુ ચિત્ર દેખાતું. રંગીન છપાઈના તો ત્યારે હજી પ્રયોગો જ થતા.

૨૦૩ બૉમ્બે આર્ટ સોસાએટીનું પ્રદર્શન

એવામાં ઈ. ૧૯૧૧ના માર્ચ માસમાં 'બૉમ્બે આર્ટ સોસાએટી'નું વાર્ષિક પ્રદર્શન મેં પહેલી જ વાર જોયું. મુંબાઇ અને હિંદના બીજા અનેક ચિત્રકારોનાં અસલ ચિત્રો પણ ત્યાં પહેલી જ વાર જોયાં. જળરંગી તેમજ તૈલરંગી ચિત્રો ઉપર ઘણા નવા ચિત્રકારોનાં નામ વાંચ્યાં. અમારી આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓમાંથી કેટલાકનાં ચિત્રો પણ ત્યાં હતાં. આ પ્રદર્શનમાં ચિત્રો સ્વીકારાય તેને તેઓ પ્રથમ સિદ્ધિ માનતા. હું પણ કોઈક દિવસ અહીં ચિત્ર મૂકીશ એવું હું ઝંખી રહ્યો.

પ્રદર્શનનું આ વર્ષનું મુખ્ય આકર્ષણ મુલ્લર નામના એક નવીન યુરેપિયન કલાકારનું 'રામ-સીતા' નામનું ચિત્ર હતું. રાજા રવિવર્મા પછી ભારતનું પુરાણચિત્ર એક અ-ભારતીય ચિત્રકાર કરે અને તેમાં નવી પ્રતિભા અને ભારતીયતાનું દર્શન કરાવે તે અનોખો બનાવ હતો. એને સુવર્ણચન્દ્રક અપાયો એમાં સૌને પૂર્ણ ઔચિત્ય ભાસ્યું. રવિવર્માનાં ભારેખમ પાત્રો અને રંગભારને પડછે એક હળવી હવામયતા અને ભાવસબળતા તેમાં હતી. મેઘધનુષ્યની ઝાંય જેવું રંગયોજન અને પાત્રોમાં નર તેમજ નારીદેહનાં સૌષ્ઠવ ને આભિજાત્ય મનોહર હતાં. મને એ ચિત્રની ભારે ચોટ લાગી. એનો ફોટોગ્રાફ મને ક્યાંયથી મળ્યો નહિ તેમજ છાપામાં છપાએલો પણ મેં જોયો નહિ, એટલે મેં તો ઘેર આવી મનમાં વસ્યું હતું તે ચિત્ર મારી જાતે જ નાના માપમાં ઉપજાવી કાઢ્યું. એ વખતે મારી પાસે આકૃતિ કે રંગની સાધના જરા યે નહોતી. મૂળ ચિત્રનો પ્રભાવ તો શું પણ અંશ ભાગ પણ એમાં હું લાવી શક્યો નથી; પણ તે સ્કેચ એક મિત્ર પાસે સચવાઈ રહ્યો હતો તે જેવો ને તેવો અહીં રજૂ કર્યો છે.

આ અરસાનો, મને ભાવનગરના સમાચાર આપતો, ભાઇ મસ્ત-

રામનો એક પત્ર સચવાઈ રહ્યો છે તે આ કથાનકની સાંકળ રૂપ બનશે:

"હું આ વખતે ફેઈલ થયો. પહેલાંને વર્ષે બેઠો નહિ. એમ કરતાં બે વર્ષ મૅટ્રિકમાં જ પસાર કર્યાં અને અમૂલ્ય સમય ગયો. તે દરમિયાન તમે F.Y.નો અરધો ટર્મ ભરી આર્ટ લાઈનમાં જોડાયા. પરમાનંદ P.Y. પાસ થઈ ઈન્ટરમાં ગયા અને તમારો સુસ્ત મસ્ત આળસમાં અને અભ્યાસની બેદરકારીમાં મૅટ્રિકમાં બે વર્ષ ગાળી ત્રીજું વર્ષ ગાળવા બેઠો છે, ત્યારે શું લાગે તે તમે સમજી શકશો.

ખબર છે, આપણું દક્ષિણામૂર્તિ ઊઘડ્યું ? ધમાધમી; કામની તડામાર; શ્રી નૃસિંહપ્રસાદ સુપરિન્ટેન્ડેન્ટ, એટલે આવીઆવીને કહે મ-સ્ત-રા-મ. ફ-લાણું કરશે. ઊઘડવાની ક્રિયાને દહાડે સર્વ ગૃહસ્થોને આમંત્રણ: જ્યાં આપણે ગૅધરિંગ કર્યું હતું તે જ ધર્મશાળાના હૉલમાં. વંડીની અંદરનો ભાગ, બંગલા તરફનો, તે બોર્ડિંગનું મકાન. પ્રમુખ રા. રા. ત્રિભોવનદાસ કાલિદાસ નાયબ દીવાન અને કાર્યક્રમ આ સાથે મોકલ્યો છે તે પ્રમાણે. આપણા નાનુ-ભાંકાને દાખલ કર્યા છે. અમારા નાનાને પણ તેમાં જ. હું પણ ફક્ત જમવા તથા બીજા ચારેક કલાક સિવાય બોર્ડિંગમાં જ રહું છું. એક જુદી ઓરડીમાં જ અમે ટાઈમ ટેબલ બાંધ્યું છે તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરું છું.

ગજુભાઈ શું કરે છે? તેમને મારા પ્રણામ. તે જ પ્રમાણે વનમાળીને. (વનમાળી=ગિજુભાઇના નાના ભાઈ, તે વખતે મિલમાં ફિટરનું કામ કરતા હતા) મુ. ગિજુભાઈ મને ત્યાં ભણવા બોલાવે છે, પણ નવો મૅટ્રિક ક્લાસ આપણી બોર્ડિંગમાં જ ખુલવાનો છે તેથી હું ત્યાં આવી શકતો નથી. સર્વને યથોચિત. અસ્મદીય રવિ ?

લિ. યૂષ્મદીય–તમારો મસ્તરામ"

૨૦૪ અવાંતર અનુભવ


મારા આશ્રયસ્થાનમાં હું રોજ નિયમિતપણે બાળસાહિત્યમાં મારા પ્રયોગો કરી આનંદ મેળવી રહ્યો હતો એવામાં એક સાંજે વીશીમાંથી હું જમીને આવ્યો ત્યારે ઘર ખાલીખમ ! પેઢીના તકિયા પર એકલા ભાઈદાસ લેટ્યા હતા. 'આમ કેમ છે?' એવું પૂછ્યું ત્યાં બેચાર અજાણ્યા વેપારીઓ ઘોંઘાટ કરતા ઉપર ચડી આવ્યા: 'ક્યાં ગયા શેઠિયાઓ?' ભાઇદાસે કહ્યું: 'બધા દર્શન કરવા ગયા છે.'

'અરે દર્શન શાનાં? પારકાં નાણાં પચાવી જવાં છે?' એમ કહેતા બબડાટ કરતા તે પાછા ગયા. મેં પૂછ્યું: 'ભાઈદાસ આ શું છે? આપણા શેઠિયા માટે આ લોકો આવું બોલે છે એ મને ગમતું નથી.'

'રવિભાઇ! તમે સાવ ભોટ રહ્યા લાગો છો. તમે નહોતા જોતા, રોજ રાતે મોડે સુધી ચોપડા લખાતા હતા ને બપોરે સામાન તથા ઘરવખરી બીજે પહોંચતી હતી તે? આજ બપોરે ચોપડા કોર્ટમાં પહોંચી ગયા છે અને છોકરાંઓને બીજા ભાડૂતી ઘરમાં ગોઠવી દીધાં છે. કાલથી આ માળાને કોર્ટનું સીલ વાગશે, એટલે આપણે તુરત જ બીજે મકાન શોધી લેવાનું છે. આનું નામ "દેવાળું" સમજ્યા?'


હું સમજ્યો કે કાલે સવારમાં આ સ્થાન સાથે મારો કોઈ સંબંધ નથી. લોકો દેવાળું કાઢે છે, એવી વાત તો સાંભળેલી, આજે પ્રત્યક્ષ અનુભવ થયો. રાતે અમે સૂઈ ન શક્યા. અનેક માણસો પૂછપરછ કરવા આવતા ગયા અને શેઠિયાઓ માટે લેણદારો ગમેતેમ બોલતા વિદાય થતા ગયા. મને તો મારા ઉપકર્તાઓ માટે એવા બોલ સાંભળી ખૂબ દુ:ખ થયું.

સવારમાં મારે માટે કોઇ ઉપાય ન હતો. ટર્મ પૂરી થવાને થોડા જ દિવસ બાકી હતા, પણ રાત પૂરતો મુકામ તો નક્કી કરવો જ પડવાનો હતો. બિસ્તર બાંધી, પેટી સાથે મજૂરને માથે ઉપડાવી, ચાલતો ચાલતો હું પહોંચી ગયો પીપળવાડીમાં. હરિભાઈ અને તેમ-



ઘેર આવીને મનમાં વસ્યું હતું તે ચિત્ર
મારી જાતે જ નાના માપમાં ઉપજાવી કાઢ્યું

મનાં માતુશ્રી કાશીબાએ જરા પણ સંકોચ વિના પૂરા ઉમળકાથી મને આવકારી નિશ્ચિત કરી દીધો. એ વખતે પણ મારા જેવા બે જુવાનો નોકરી શોધવા આવેલા, તેમના બિસ્તરા ડામચિયા પર પડેલા જ હતા. નોકરી મળેલી, પણ ઓરડી રાખવાની અશક્તિને કારણે સૂવાનાહવાનું ત્યાં જ રાખતા અને વીશીમાં જમી લેતા. રાત પડ્યે આ બધા ચાલીમાં ભેગા થાય ત્યારે સોગઠાંબાજીની રમત ચાલે, અથવા મંદિરોમાં નોકરી કરતાં સગાંસંબંધીઓ આવે તે વાતો કરતા બેસે, ને મોંમાં તમાકુ-ચૂનાની ચપટી મારી મોડી રાત સુધી બેઠક જમાવે. તેમની વાતોમાં હું મંદિરોની ઘાલમેલ, ખટપટ, પ્રસાદની ચોરી, મહારાજોના ધાકધમકીના કિસ્સા સાંભળતો. એકાદ ખૂણે બેસી વાંચવા-લખવાની સગવડની તો કોઈ આશા જ નહોતી, એટલે મારો તો નિયમ હતો કે થોડી વાર સૌને હળીમળી લઈ પછી આઘે પથારી કરી નવ વાગ્યે જ સૂઇ જવું. મારે માટે ટીકા સાંભળતો કે, 'આ ભાઇને હજી વ્યવહારની ચિંતા નથી.' હું ન્યાતનાં વેવિશાળો, સંબંધોની વાતો કે સગાંવહાલાંના તાણાવાણા સમજી શકતો નહિ. કોણ કોનો ભાણેજ, જમાઇ, ભત્રીજો કે સસરો કે મામો થાય કે કાકોજી થાય તે કંઈ મગજમાં ઊતરતું નહિ. કોઈની પણ સાથે મને વાતો કરવી ગમે તો તે એકલાં કાશીબા સાથે. તેમની પાસે બેસીને ઘરની કે કોઇનાં સુખદુ:ખની વાતો સાંભળતો. રાજરાણી જેવાં ગૌરવવાળાં કાશીબા ઘરની સ્થિતિને સમતોલ રાખવા કેટલું ખમી લેતાં તે હું સમજી શકતો. ખાનદાનીનું ખમીર જાળવનારાં એવાં નારીરત્નોનો આજે અભાવ છે.



કરાચીમાં પિતાશ્રીના પડોશીઓ (૧૯૧૧) ડાબી બાજુથી-જેઠાલાલ વ્યાસ, ઘનશ્યામભાઈ, પિતાશ્રી; પાછળ ઊભેલા : મણિશંકર સોમનાથ

૨૦૫ મારી કથની

કરાચીથી બેન, બા-બાપુ તથા પત્નીના કુશળ-પત્રો આવ્યા કરતા. મારી પત્ની વિષે મેં હજુ સુધી ઉપેક્ષાભાવ જ રાખ્યો હતો: તેનું થવાનું હશે તે થશે; હાલ તો મારે મારા આદર્શો તરફ જ લક્ષ રાખવું એવો નિશ્ચય કરી લીધો હતો. પરંતુ મારાં બેન મારા માટે બહુ જ ચિંતા અને ખયાલો રાખતાં. મારી પત્નીને અનુકૂળ ગૃહિણી બનાવવા તેણે કેટલા પ્રયત્નો કર્યા હશે તેની હું કલ્પનામાત્ર કરી શકું છું. ગૃહજીવનના કોઈ પણ આદર્શોના સ્વપ્ન વિના, ગામડામાંથી આવેલી એ કન્યા સાવ કોરી પાટી જેવી હતી. તેને મારાં બેને અને બાએ રસોઈના કામથી માંડી ઘરના બીજા સંસ્કારોનું ઘડતર આપવા મહેનત ન લીધી હોત તો મારો સંસાર કેમે કરી પાટે ન ચડત. તેમનું એ ઋણ હું અંદાજી શકતો નથી. મને મારી સિદ્ધિની ઝંખનામાં એની તરફ જોવાનો પણ વિચાર અશક્ય બન્યો હતો. પણ બેને પોતાના જીવનના સંતાપો શમાવીને ભાઇના જીવનમાં પ્રકાશ લાવવા એ પાત્રને અક્ષરથી માંડી વાચનલેખન ઘરમાં જ શીખવી, એક જ અને પહેલો પત્ર મને મુંબાઇ લખાવ્યો ત્યારે મારું હૃદય ભાવભીનું બની ગયું. મારી પત્ની મારા માટે વિચાર કરી શકે છે એટલું હું સમજી શક્યો.

મારી મુંબાઈની મુસીબતો હું ઘણી વાર લખતો ત્યારે તે વાંચી તેઓને ઘણું લાગી આવતું એ તેમના પત્રોમાંથી હું જાણી શકતો. તેમાં જ્યારે મારા મુકામ-ભ્રષ્ટ થવાની વિગત તેમણે જાણી ત્યારે ઉનાળાની રજા પડતાં જ સીધા કરાચી પહોંચી જવાનું પિતાજીએ લખી નાખ્યું. મુંબાઇથી ટ્રેઈનમાં કરાચી જતાં જેટલો વખત લાગે તેથી ટૂંકા વખતમાં સ્ટીમર સીધી કરાચી જાય છે અને ભાડું પણ ઓછું છે એ મેં અનુભવ્યું હતું; વળી હરિભાઈના કુટુંબનાં માણસો ઘણી વાર ભાવનગર પણ સ્ટીમર રસ્તે જવાનું પસંદ કરતાં તેમને મૂકવા હું પણ તેમની સાથે બંદર પર જતો હોઈ ત્યાંનો પરિચિત હતો, એટલે મેં સ્ટીમરમાં જ ફરી વાર કરાચી જવાનો નિશ્ચય કરી લીધો, અને ઉનાળાનું વૅકેશન પડતાં વહેલી તકે કરાચી જવાનો દિવસ ઠરાવી તેના ખબર કરાચી લખી નાખ્યા.

૨૦૬ ફરી કરાચી

સ્ટીમરનો પ્રવાસ મને માફક બનશે કે કેમ તેની બધાંને ચિંતા હતી; પણ મેં તો અગાઉ સ્ટીમર અનુભવી હતી, એટલે સમુદ્રપ્રવાસમાં વાંચવાની તથા સ્કેચ કરવાની મજા આવશે એમ ધારીને તેનાં સાધનો પણ સાથે રાખ્યાં હતાં. દિવસે કે રાતે જ્યારે વખત મળે ત્યારે તૂતક ઉપરથી દરિયો જોયા જ કરતો, અરબી સમુદ્રની વચગાળે જ્યારે સ્ટીમર ચાલવા માંડી ત્યારે ચારે બાજુએ વિસ્તરેલા અફાટ સાગર પર જતી સ્ટીમર એક નાનકડા તરાપા જેવી લાગી, તે પરથી તે ચલાવનાર માનવીની સાહસિકતા અને હિંમતમાં વ્યાપેલી ઈશ્વરી શક્તિનો અંશ પિછાણ્યો.

ત્રીજે દિવસે બાર વાગ્યે સ્ટીમર કરાચીના ધક્કે લાંગરી ત્યારે પિતાજીએ મોકલેલા માણસે મને ઓળખી સામાનને સંભાળી લીધો અને વિક્ટોરિયા ગાડીમાં કરાચીના બંદર પરથી રણછોડ લાઈનની ચાલીમાં લાવી ઉતાર્યો. ઘરનાં બધાં માણસો મારું દૂબળું મોં ને સુકાએલું કાઠું જોઈને પામી ગયાં કે રસકસ વિનાના ખોરાકથી મારું લોહી શોષાઈ ગયું હતું.

બીજે દિવસે પિતાજી તેમના મિત્ર વૈદરાજ જયશંકરભાઈ, જે ઝંડુભટ્ટજીના શિષ્ય અને ધીરાકાકાના મિત્ર હતા, તેમની પાસે મને લઈ ગયા. મારી નાડીમાં તેમને જરાય ઉષ્મા લાગી નહિ. પંદર દિવસ માટે મધ-ઘી સાથે પ્રબળ માત્રાઓ લેવાની અને પૌષ્ટિક ખાનપાનની ભલામણ કરી. બા બેન અને પત્નીએ મારી તબિયતને ઉઠાવ આપ્યો. કરાચીનાં સારાં ફળો પહેલી જ વાર મેં માણ્યાં. આરામ ને લહેર સિવાય બીજું કંઈ કામ નહોતું. જૂના મિત્રો કેશવજીભાઇ ને છગનલાલ સોની મળી ગયા હતા. પંદર દિવસમાં તો કરાચીની હવા ને પાણીએ મને નવજીવન આપી દીધું. રણછોડ લાઈનમાં પિતાશ્રીના પાડોશીઓ, સ્નેહીઓ ને શહેરમાંના અન્ય વતનવાસીઓનો પરિચય થયો.

તે કાળે કરાચીની વસાહત ને જમાવટમાં મોટે ભાગે કચ્છીઓ, સૌરાષ્ટ્રીઓ, પારસી તેમજ ભાટિયા વિશેષ હતા, એટલે કરાચી એક ગુજરાતી સંસ્થાન જેવું જણાતું. ગુજરાતી શાળાઓ ને હાઈસ્કૂલો ચાલતી, તેમાં શ્રી મોહનભાઈ (રા. વિ. પાઠકના સસરા), (અનુ. પૃ. ૪૮૧)



મજૂરને માથે સામાન ઉપડાવી ચાલતો પીપળવાડી પહોંચી ગયો

એફ F બી B આઇ I

ફેડરલ બ્યૂરો ઑવ ઇન્વેસ્ટિગેશન

અમેરિકાનું બહાદુર બળવાન અને બુદ્ધિમાન છૂપીપોલીસખાતું

લેખક • પુષ્કરભાઈ ગોકાણી

કોલોરાડોનો એક ખેડૂત સાંજે ગાયો દોહી ઘરમાં જતો હતો ત્યાં ઉપર પસાર થતા વિમાનનો અવાજ સંભળાયો. એની ઝબકતી બત્તીને એ રોજની પેઠે જોઈ રહ્યો હતો. આજે વિમાન કંઈક મોડું હતું. એકાએક ભયંકર ધડાકો થયો ને વિમાન ખંડિત હાલતમાં નીચે તૂટી પડયું. ઈ. ૧૯૫૫ની ૧લી નવેમ્બરની આ વાત. હોનારતના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. ડેનવર વિમાન-મથકે એ વિમાનના પ્રવાસીઓને વળાવવા આવેલાં સંબંધીઓ હજી પોતાને ઘેર પણ નહિ પહોંચ્યાં હોય ત્યાં આ દુ:ખદ ખબરો મળ્યા.

રૉય મૂર નામના એફ.બી.આઈ.ના એક એજન્ટે (અમલદારે) વિમાન-કંપનીને પોતાની સેવાની જરૂર હોય તો તૈયારી બતાવી. વિમાન-કંપનીએ દુર્ઘટનામાં પારખી ન શકાય એવી રીતે મૃત્યુ પામેલાઓને ઓળખી કાઢવાની સહાય માગી. સિવિલ એરોનૅટિક બૉર્ડે પણ એફ.બી.આઇ.ને આ દુર્ઘટનાનું કારણ પકડી પાડવાની વિનંતિ કરી.

મૃતશરીરોને એક સ્થળે એકઠાં કરાયાં. એમાંથી નવેક જણને તો એમનાં સગાંસંબંધીઓએ ઓળખી કાઢયાં. બીજાં ૩૫ જણની આંગળાંની છાપ પરથી પોતાની ફાઇલોના આધારેએફ.બી.આઈ.એ ઓળખી બતાવ્યાં. પાંચ વિમાની કર્મચારીઓ તેમની સર્વિસ-બુકના આધારે ઓળખાયા. અન્ય કેટલાક એમના દાંતનાં ચોકડાંના આધારે યા એમની સાથેની અંગ પરની કોઇ ને કોઈ ચીજવસ્તુથી ઓળખાયા. બાકી પાંચ થી છ જણનાં ઓળખ મુશ્કેલ બની રહી.

એફ. બી. આઈ. લૅબોરેટરી, વિમાન-કંપનીએ તથા સિવિલ એરોનૅટિક બોર્ડે હવે આ દુર્ઘટનાના કારણ પ્રતિ લક્ષ્ય ઠેરવ્યું.

પહેલાં તો સર્વેઅરે વિમાનની દિશામાં જ્યાં દુર્ઘટના બની હતી ત્યાં એક મુખ્ય રેખા દોરી. તેની બન્ને બાજુ તથા તે રેખા ઉપર દર હજાર ફૂટે બીજી રેખાઓ દોરી. આમ દુર્ઘટનાવાળા સ્થળને ૧૦૦૦'×૧૦૦૦'ના ચોરસમાં વહેંચી નાખી, વિમાનનો દરેક તૂટેલો ભાગ, ધાતુનો કટકો, સામાન જે મળ્યું, તેની તે કયાંથી મળ્યું તે મુજબની વિગતવાર નોંધ તૈયાર કરી, પોતાના નકશાના દરેક ૧૦૦૦'×૧૦૦૦'ના ચોરસમાં તેની જગ્યાએ ચીતરી કાઢી.

વિમાનનો પાછળનો ભાગ જાણે ચપ્પુથી જુદો કાપી કાઢયો હોય તેમ સારી હાલતમાં મળી આવ્યો. તેનાથી દોઢ માઈલ દૂર વિમાનના આગળના ભાગનો ભંગાર મળી આવ્યો.

તેઓએ તેને ડેનવરના ગોદામમાં લઇ જઈ, મૂળ વિમાન જેવા જ લાકડાના નમૂના ઉપર તે કકડાઓને ગોઠવી, પહેલાં હતું તેવું વિમાન બનાવવાનો પ્રયત્ન શરૂ કર્યો. તેમાં એક ગાબડું કોઇ રીતે બરોબર બેસતું થઇ શકયું નહિ. ત્યાં ચાર નંબરનું માલસામાન રાખવાનું ફાલકું હતું. એન્જિનીઅરોએ જોયું કે એ ગાબડું કાણું વિમાન તૂટવાના કારણે પડયું લાગતું નહોતું, પણ કોઇ હથિયાર મારીને કાણું ન પાડયું હોય તેમ તે ભાગનું પતરું બહાર ખેંચાયું હતું. ત્યાંના ભાગની એક બાજુ પરનો રંગ બળી ગયો હતો. ધાતુના કટકાઓ પ્રવાસીઓનાં બૂટનાં તળિયાંમાં ઘૂસી ગયા હતા એટલું જ નહિ, પણ એક સ્ટેઈનલેસ સ્ટીલની બૅગનું પતરું વીંધી તેની અંદર પણ પેસી ગયા હતા. વિમાનની કોઈ યાંત્રિક ખામીને લીધે થએલા વધુમાં વધુ ભયંકર અકસ્માતમાં પણ આવું બની શકે નહિ.

ચાર નંબરના ફાલકામાં કે તેની નીચે પેટ્રોલની પાઈપ લાઇન નહોતી તેથી પેટ્રોલ સળગી ઊઠવાના કારણે આ અકસ્માત થયાનું સંભવિત નહોતું. આમ, બધાં કારણો જોતાં નક્કી થયું કે કોઈ સ્ફોટક પદાર્થને લીધે જ આ હોનારત સર્જાઈ હતી. ૭મી નવેમ્બરે આ નક્કી થયું અને ૨૪ કલાકમાં જ એફ.બી.આઈ.ના એક સો એજન્ટોએ દરેક પૅસેન્જરના ભૂતકાળને જુદાંજુદાં કુલ વીસ શહેરોમાંથી ખોદવા માંડયો—એવી આશાથી કે કોઈ પ્રવાસી કે વિમાનના કર્મચારીઓ સિવાયના કોઈએ મોકલેલા દારૂગોળાના એકાએક ફાટવાના કારણે કદાચ આ અકસ્માત થયો હોય. દરેક પ્રવાસી ને કર્મચારી જો નિર્દોષ ઠરે તો આ એક જ કારણે અકસ્માત સંભવી શકે. વિમાનમાં એ રીતે કંઇ મોકલાયાની નોંધ મળી નહિ. એફ. બી. આઇ.ના અમલદારે (જેને હવે એજન્ટ નામે જ ઓળખીશું) જોયું કે બધા પ્રવાસીઓનો સામાન મળી આવ્યો હતો. એક ફક્ત મિસિસ કિંગના સામાનમાંથી થોડી વેરવિખેર વસ્તુઓ સિવાય કંઇ મળ્યું નહોતું. પણ વિમાનઘરની નોંધમાં હતું કે તેનો સામાન 'ફ્રી લગેજ'ની ૬૦ રતલ વજનની મર્યાદા કરતાં ૩૭ રતલ વધારે હતો. જ્યારે તેને ઓછો કરવા માટે વિમાનઘરના કર્મચારીએ કહ્યું ત્યારે મિસિસ કિંગે પોતાના પુત્ર જૅક ગ્રૅહામને પૂછેલું: 'તને લાગે છે કે મારે આટલા બધા સામાનની જરૂર પડશે? થોડો ઓછો કરી નાખીએ તો ૨૭ ડૉલર બચી જાય.'

'ના, મા, તું બહેન પાસે છેક અલાસ્કા જાય છે. વળતાં તેને તારી વસ્તુઓ આપી દેજે ને. નહિ તો જરૂર વખતે કોઇ ચીજ વિના હાથ બંધાઈ રહેશે.'

એજન્ટોને મિસિસ કિંગની હૅન્ડબૅગ મળી. તેમાં ૧૯૫૧ના એક વર્તમાનપત્રની કાપલી હતી, જેમાં પોલીસે ગ્રૅહામને ખોટી સહી કરીને બૅંકમાંથી પૈસા મેળવવાના આરોપસર પકડવાનું

લખ્યું હતું. બીજી બધા વિગતો નકામી લાગતાં હવે ગ્રૅહામ તરફ ધ્યાન કેંદ્રિત થયું. તેનો ભૂતકાળ તપાસતાં નીચેની માહિતી મળી:

ડેનવરમાં ૧૯૩૨માં જૅક ગ્રૅહામ જન્મેલો. તેને પાંચ વરસનો મૂકી તેના પિતા ગુજરી ગયા. તેની માએ બહુ જ મુશ્કેલીમાં તેને ઊછેર્યો. ૭ વર્ષ પછી ૧૯૪૩માં તે પૈસાપાત્ર કિંગને પરણી.

જૅક પહેલેથી જ બીજા કરતાં જુદો હતો. સોળમે વર્ષે પોતાની વય ખોટી લખાવીને તેણે નવ માસ કોસ્ટ-ગાર્ડની નોકરી કરી. તેમાં તે રજા વિના ૬૩ દિવસ ગેરહાજર રહ્યો હતો. પોતાના મિત્રોને તે કહેતો કે 'પૈસા માટે હું ગમે તે કરવા તૈયાર છું.'

માની રોકટોક હતી નહિ એટલે યુવાનીમાં તે બગડતો ચાલ્યો. ૧૯૫૧માં ડેનવરના કારખાનામાંથી મળેલા એક ૨૦ ડૉલરના ચેકમાં ફેરફાર કરી તેને ૪૨૦૦ ડૉલરનો બનાવી તેણે બૅંક સાથે ઠગાઈ કરી. એ પૈસામાંથી ૨૦૦૦ ડૉલરની એક મોટર ખરીદી ડેનવર છોડ્યું. ટેક્સાસના લુબૉક શહેરમાં એક નાના ગુનાસર પોલીસની ગોળીઓની રમઝટમાં જ્યારે તેની મોટર તૂટી પડી ત્યારે જ તે પકડાયો. ત્યાંથી તેને ડેનવર બૅંકની ઠગાઇ માટે કામ ચલાવવા મોકલ્યો. મિસિસ કિંગ(ડેઇઝી કિંગ) પોતાના પુત્રને જેલમાં સાંખી ન શકી. તેણે ૨૫૦૦ ડૉલર ભરી આપ્યા અને બાકીના ૧૭૦૦ ડૉલર ભરી આપવા માટે તેનો પુત્ર જૅક ગ્રૅહામ નોકરી કરી શકે એ ઈરાદા ઉપર કામચલાઉ છોડી મૂકવા માટે કોર્ટની દયા માગી. છૂટયા પછી જૅક તદ્દન સીધોસાદો ને મળતાવડો બની ગયો. જાત ઘસીને તેણે મહેનત કરવા માંડી. ઈ. ૧૯૫૩માં તે ગ્લોરિયા એલ્સનને પરણ્યો. તેને બે બાળકો થયાં. ૧૯૫૪માં ડેઇઝી કિંગના પતિ જ્હૉન અર્લ કિંગ મરણ પામ્યા ત્યારે તેના વારસામાં મળેલા ૩૫૦૦૦ ડૉલર તેણે એક હોટેલ ચલાવવામાં રોકયા ને જૅકને તે હોટેલના સંચાલનમાં મૂકયો. બધું કુટુંબ સાથે રહેવા લાગ્યું. હોટેલમાંથી છૂટી જૅક એક ગરાજમાં કામ કરવા જતો જેથી તે પેલા ૧૭૦૦ ડૉલરના દેવામાંથી છૂટી શકે. પણ આમ સારા દેખાતા જૅકને રેલવે સાથેના તેની મોટરના એક અકસ્માતમાં વીમાની સારી એવી રકમ મળી. એક વખત હોટેલમાં ગૅસનો ધડાકો થતાં તેના વીમાના પૈસા પણ તેને મળ્યા. હવે લાગતું હતું કે વીમાના પૈસા મેળવવા માટે જ તેણે કદાચ આમ કર્યું હોય! પોતાની મા સાથે પણ એને વારંવાર ઝગડો થતો. લોકો કહેતા કે હોટેલ બરાબર ન ચલાવવા બાબત તથા હિસાબમાં ગોટાળા બાબત એ ઝગડા થતા.

આ બધી માહિતી એકઠી કર્યા પછી ૧૦મી નવેમ્બરે ગ્રૅહામને તેની માના સામાન બાબત પૂછવામાં આવ્યું. 'મને ખબર નથી કે તેણે તેના સામાનમાં શું લીધું હતું; પણ પોતાના શિકારના શૉખ ખાતર તેણે તેની શૉટ-ગન તથા તેને માટે દારૂગોળા લીધાં હતાં ખરાં.' જૅકે કહ્યું.

જૅકની પત્નીએ પણ કહ્યું કે તેની માએ સામાન પોતાને હાથે જ બાંધ્યો હતો. ઉપરાંત એમ પણ કહ્યું કે જૅકે સાથોસાથ માને નાતાલ માટે ભેટનું એક પૅકેટ પણ આપ્યું હતું. તેમાં જૅકે છીપનાં ઘરેણાં બનાવવાના ડેઈઝીના શૉખ માટે તે કામ માટેનાં હથિયારોનો 'કિટ' આપ્યો હતો. પણ પૂછતાછમાં જૅકે શા માટે તે ન જણાવ્યું? ફરી એજન્ટોએ તપાસ આદરી. ડેનવરની ફક્ત બે દુકાનો જ આવો સામાન વેચતી હતી. તે બન્નેએ જણાવ્યું કે ઑક્ટોબરમાં તેઓએ એવાં કોઈ સાધનો વેચ્યાં જ નથી. વળી, જૅકે પોતે તો આવું કોઇ પૅકેટ ભેટ આપ્યાનું કબૂલ્યું જ નહિ.

દરમિયાન ૧૩મી નવેમ્બરે એફ.બી.આઈ.ની લૅબોરેટરીનો રિપોર્ટ આવ્યો કે વિમાનના અકસ્માતના કેન્દ્રના ભાગના ટુકડાઓ ઉપર સોડિયમ કાર્બોનેટ, સોડિયમ નાઈટ્રેડ અને સલ્ફર મળી આવ્યાં છે. ડાઇનેમાઇટના ધડાકાને પરિણામે જ એ શક્ય હતું.

તે જ દિવસે સાંજે જૅકને બોલાવી એજન્ટોએ કહ્યું: 'તારે વકીલને ને તારી પત્નીને બોલાવવી હોય તો બોલાવી લે. હવેની પૂછતાછમાં તું જે કહીશ તે તારી વિરુદ્ધના પુરાવારૂપે હશે. અમને ખાતરી થઈ છે કે માને મારી નાખવા માટે જ તેં આખા વિમાનને ડાઇનિમાઇટથી ઉડાવી દીધું છે. ખરું ને?' 'ના.'

'તો પછી તારા ઘરની જડતી લઈએ તેમાં તને વાંધો છે?'

જૅકે સહી કરી આપી. એજન્ટે તેના ઘરની જડતી લીધી. ઘરમાંથી ડેઈઝીની શિકારની શૉટગન અને તેનો દારૂગોળો મળી આવ્યાં. જૅક તો કહેતો હતો કે ડેઈઝી એ પોતાની સાથે લઈ ગઈ હતી. જૅકને એનો ખુલાસો પૂછવામાં આવ્યો. આ ફેરતપાસમાં જૅકે પેલું ઘરેણાં બનાવવાનાં સાધનોનું પૅકેટ માને આપ્યાનું કબૂલ્યું ને જણાવ્યું કે એ પૅકેટને એને કોઇ અજાણ્યો માણસ ગૅરેજમાં વેચી ગયો હતો. પૅકેટને એણે જે રિબનથી વીંટયું હતું એ રિબન પોતાની મોટરકારમાં હજી યે હોવાનું પણ તેણે કહ્યું. મોટરના ખાનામાંથી તે રિબન તો ન મળી, પણ ડાઇનેમાઈટ બનાવવાનો તાર મળી આવ્યો! ૩૭,૫૦૦ ડૉલરની વીમાની એક પોલિસી પણ એજન્ટને જૅકના સૂવાના ઓરડામાંથી મળી આવી. વિમાનમાં જતાં પહેલાં જ પોતાની માનો વિમાની જોખમનો એ વીમો જૅકે ઊતરાવી તે માટે તેની માની સહી પણ તેણે કરાવી લીધી હતી! માનું મરણ થાય તો એ રકમ જૅકને મળવાની હતી. વીમા કંપનીએ બધી પોલિસી જ્યારે વિમાન તૂટ્યું ત્યારે જ રજૂ કરી હતી, પણ ગમે તે કારણે તેઓ આ ૩૭,૫૦૦ ડૉલરની પોલિસી રજૂ કરી શકયા નહોતા; કદાચ ભૂલી ગયા હતા.

તેની દીકરીને આપવા માટે ડેઈઝીએ ખરીદેલી કેટલીક વસ્તુઓ પણ ઘરમાંથી મળી આવી. એજન્ટે પૂછ્યું: 'ડેઈઝી શા માટે આ વસ્તુઓ સાથે ન લઈ ગઈ?' જૅકે કહ્યું: 'એટલે શું, મેં કંઈ તેને ના પાડી હતી?' ગૅરેજમાં તપાસ કરી તો ખબર પડી કે જૅકે પેલાં સાધનોનું પૅકેટ ખરીદ્યાનું કોઈ જાણતું નહોતું. મતલબ કે જૅકે એ વાત ઉપજાવી જ કાઢેલી. જૅકને એનો પણ ખુલાસો પુછાયો. હવે એ બધી બાજુથી ઘેરાઇ ગયો હતો પાણી મંગાવીને પીધા પછી તેણે એજન્ટોને પૂછ્યું કે 'કયાંથી શરૂ કરું?'

'જ્યાંથી તને યોગ્ય લાગે ત્યાંથી.'

જૅકે શરૂ કર્યું. 'છ મહિના પહેલાં જ્યારે માને ખબર પડી કે તેની હોટેલમાં ખોટ જાય છે ત્યારે તેણે મને સખત ઠપકો આપ્યો અને હોટેલ બંધ કરી દેવાની ધમકી આપી...'

અને પછી એ આખીયે દુર્ઘટનાનો ઇતિહાસ કહેતાં જૅકે પોતે ડાઇનેમાઈટ બનાવતાં કઇ રીતે શીખ્યો, ટાઇમ બૉમ્બ કેમ બનાવ્યો, માના સામાનમાં એ કઈ રીતે સેરવી દીધો વગેરેની વિગતો આપી. વિમાનઘર પર એણે વીમાની ચાર પૉલિસીઓ લીધેલી. ૬૨૫૦ ડૉલરની એક જેના પૈસા એની સાવકી બહેનને મળે, ૬૨૫૦ ડૉલરની બીજી, જેના પૈસા એની માસીને મળે; અને ૩૭૫૦૦ ડૉલરની બે, કે જેના પૈસા એને પોતાને મળે તેમ હતા. પણ વિમાનને ઊપડવામાં મોડું થયું આથી, કદાચ ટાઇમ બૉમ્બ ત્યાં જ ફાટે એના ખયાલના ઉશ્કેરાટમાં તે બેમાંથી એક જ પૉલિસીમાં એની માની સહી કરાવી શકયો હતો.

જૅકે કરેલી કબૂલાતની નીચે તેની સહી લેવામાં આવી. ડૉકટરે તેને તપાસીને સર્ટિફિકેટ આપ્યું કે કોઈ પણ જાતની બળજબરી વિના એ કબૂલાત મેળવવામાં આવી હતી.

કોર્ટમાં કેસ રજૂ થયો. એ વખતે જૅક જોકે ફરી ગયો, પણ તેની વિરુદ્ધના સબળ પુરાવાઓને લીધે તે ગુનેગાર ઠર્યો અને વિમાનમાંના ૪૪ જણના ખૂન માટે કોર્ટે તેને મોતની સજા કરી.

આવા તો અનેક ગુનાઓની તપાસમાં મદદ કરનાર આ સંસ્થા 'ફેડરલ બ્યૂરો ઑાવ ઈન્વેસ્ટિગેશન' (FBI) ઈ. ૧૯૦૮થી અમેરિકામાં સેવા બજાવી રહી છે.

અમેરિકામાં જ્યારે ચારે તરફ સોનેરી ટોળીઓનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું, લાંચરુશવતની બદી વધી ગઈ હતી, રાજકીય દબાણને કારણે સરકારમાં 'વાડ ચીભડાં ગળે' તેવી સ્થિતિ ઊભી થઈ હતી ત્યારે 'બ્યૂરો ઑાવ ઈન્વેસ્ટિગેશન' નામે સંસ્થા સ્થપાઈ. ઈ. ૧૯૦૮માં પ્રસિડેન્ટ થીઓડેર રૂઝવેલ્ટે મોટા રાજકીય વિરોધ સામે એક પ્રકારની જિદ કરીને જ તે સ્થાપી હતી. ૧૯૩૫માં તેને 'ફેડરલ બ્યૂરો ઑાવ ઈન્વેસ્ટિગેશન' નામ મળ્યું. આજે દુનિયાભરમાં એફ. બી. આઈ. (F. B. I.)ના ટૂંકા નામે તે ઓળખાય છે.

ઈ. સ. ૧૯૦૮ પહેલાં ન્યાયખાતું પોતાના કામ માટે ખજાનાના જાસૂસી કર્મચારીઓની મદદ માગતું. એ કર્મચારીઓનું મુખ્ય કામ તો ખોટા સિક્કા બનાવનારાઓને પકડવાનું હતું.

આરંભમાં તો એફ. બી. આઈ.માં શિસ્ત જેવું બહુ નહોતું. તેની નોકરી માટે કોઈ નિશ્ચિત ધોરણ પણ નહોતું. રાજકીય દબાણ ને લાગવગથી જ તેમાં નોકરી મળતી. એમાં કામના અનુભવનું પણ કોઈ મહત્ત્વ નહોતું. પરિણામે, પહેલા વિશ્વવિગ્રહ દરમિયાન અમેરિકાને બહુ જ સહન કરવું પડયું. ૨૧૯ એજન્ટની બનેલી તે સંસ્થા જર્મનોની ભાંગફોડ પ્રવૃત્તિ દાબી શકી નહિ ૧૯૧૬ માં અમેરિકા પોતાનાં દારૂગોળા અને હથિયારોને જર્મનોના કાવતરાનો ભોગ બનતાં અટકાવી શકયું નહિ. તુરત સંસ્થાના એજન્ટોની સંખ્યા ૨૧૯માંથી ૪૦૦ની કરી દેવાઈ, પણ તેઓમાં હૈયાઉકલત નહોતી. સોંપાએલાં કામ સિવાય તેઓ વિશેષ કંઈ કરી શકતા નહિ.

આગળ જતાં સામ્યવાદીઓએ અમેરિકામાં ભાંગફોડ વધારીને સરકારને ઊથલાવી નાખવાનાં કાવતરાં કરવા માંડયાં, ત્યારે સરકારે તેની સામે જે આકરી જેહાદ ઉપાડી તેથી તો ઊલટું લોકોમાં વિરોધ જાગ્યો. તેમને પોતાના મૂળભૂત હક્કો તૂટી જતા લાગ્યા. સંસ્થામાં લાંચરુશવત અને લાગવગ વધી પડયાની બૂમ ઊઠી.

ગેસ્ટન લી. મિન્સ નામે એક માણસ આ ગુનાશોધન ખાતામાં જોડાયો. તે પાછળથી જર્મનીનો આડતિયો સાબિત થયો. ખોટી સહીઓ તથા બનાવટી વસિયતનામું ઊભું કરવાના તથા ખૂનના આરોપો પણ તેના પર મુકાયા. આવા માણસો જો સંસ્થામાં કામ કરતા હોય તો તે વખતે સરકારના કર્મચારીઓ કેવા હશે? સેનેટરોના હિસાબો તપાસાયા. એમની પાસે પૈસા કયાંથી આવતા હતા તેનો તેઓ સંતોષકારક જવાબ વાળી શકયા નહિ. કામગીરી, શિસ્ત અને ચારિત્ર્યની દૃષ્ટિએ જ્યારે એફ. બી. આઈ. ભયમાં મુકાઈ ત્યારે ઈ. ૧૯૨૪માં તે વખતના ડાયરેક્ટરનું રાજીનામું મંગાયું. પ્રેસિડેન્ટ કેલ્વિન કૂલિજનાના ઍટર્ની જનરલ હાર્લેન ફિસ્ક સ્ટોને ૧૯૨૪ની ૧૦મી માર્ચે જે. એડગર હૂવર નામના ૨૯ વર્ષના જુવાનની કામચલાઉ ડાયરેકટર તરીકે નિમણૂક કરી, જે સાત માસ પછી કાયમી કરવામાં આવી. સત્તા ઉપર આવ્યા પછી હૂવરે સાફસૂફી શરૂ કરી. મિન્સ જેવા અનેકને તેણે કામ ઉપરથી દૂર કર્યા. તેણે પોતાના ખાતા માટે નીતિ નક્કી કરી કે:

(૧) એફ. બી. આઈ. ફક્ત કેન્દ્રીય કાયદાઓ તોડનારની જ તપાસ કરશે, તથા તેને લગતી માહિતીઓ એકઠી કરીને ઍટર્ની જનરલને તે અંગે કામ ચલાવવા માટે આપશે.

(૨) આ સંસ્થા ઍટર્ની જનરલને જ જવાબદાર રહેશે.

(૩) બિનજરૂરી, અણઆવડતવાળા અને અશિસ્ત કર્મચારીઓને દૂર કરવામાં આવશે.

(૪) નવી નિમણૂક ઍટર્ની જનરલ જ કરશે અને તેમાં પણ સારી કામગીરી બજાવનારને તેના ગુણ પ્રમાણે બઢતી મળશે.

(૫) દરેક એજન્ટ અણીશુદ્ધ પ્રામાણિક, ચુસ્ત ફરજ-પરસ્ત અને કાયદાનો જાણકાર હોવો જોઈશે.

(૬) ફરજ ઉપર તે કદી દારૂ પી નહિ શકે અને કામ ઉપર ન હોય ત્યારે પણ અમુક મર્યાદિત પ્રમાણમાં જ દારૂ લઈ શકશે, કારણ કે એજન્ટને ગમે ત્યારે ફરજ ઉપર બોલાવવામાં આવશે.

(૭) એજન્ટોને ભદ્ર ગૃહસ્થનો પોશાક જ પહેરવાનો રહેશે.

આજ ૪૧ વર્ષ થઈ ગયા છતાં, અમેરિકામાં જુદાજુદા પક્ષ સત્તા ઉપર આવ્યા છતાં અને જુદાજુદા પક્ષના ઍટર્ની જનરલ બદલાયા છતાં, જે. એડગર હૂવર હજી ડાયરેકટરપદે છે. તે કહે છે, 'એફ. બી. આઈ.ની આબરૂ બંધાવા પાછળ તેની સેવા કરનાર તેના હજારો એજન્ટોની મહેનત છે. તેના દરેકે દરેક એજન્ટની નાની શી હીલચાલ, તેનું જીવન, તેની રીતભાત, સંસ્થાને પ્રતિષ્ઠા અને યશ આપી રહ્યાં છે. આટલી બધી મહેનતે ઘડાએલી ઉપયોગિતા અને આબરૂ ફક્ત એક એજન્ટના ગેરવર્તનથી સંસ્થાને ગુમાવવી

ન પડે, તે માટે દરેકે જાગૃત રહેવાનું છે, કેમ કે હજારોની મહેનત ફક્ત એક જ જણ સહજમાં મિટ્ટીમાં મિલાવી શકે.

અને ખરે જ, દરેક એજન્ટ પોતે એફ. બી. આઈ.નો એજન્ટ હોવાનું ગૌરવ અનુભવે છે. વકીલ, વ્યાપારી, ડૉક્ટર, મોચી, દરજી, સુથાર, લુહાર, ધોબી, ભરવાડ, ખેડૂત, લેખક, પ્રોફેસર, સૌ વર્ગમાંથી, ગરીબ અને તવંગર થરમાંથી તેના એજન્ટો ભરતી થયા છે.

અમેરિકાનું અનેક રીતે રક્ષણ કરનાર એફ. બી. આઈ. પોતાના પ્રત્યેક કર્મચારીની હિલચાલનો ઘડિયાળની ગતિ સાથે કાબૂ ધરાવે છે. એડગર હૂવર ટેલિફોન ઉપાડી. ગણતરીની મિનિટોમાં તેનો નાનામાં નાનો એજન્ટ કયાં છે, શું કરે છે, પોતાના કામમાં તેણે કેટલી પ્રગતિ કરી છે, વગેરે જાણી શકે છે. જુદાજુદા બાવન વિભાગના ખાસ એજન્ટને માટે સીધા હૂવરને જવાબદાર છે.

પોતાના વિભાગના દફતરની આસપાસનાં નાનાં શહેરોમાં લગભગ ૧૨૦૦ જેટલા સ્થાનિક એજન્ટો હોય છે. તે બધા પોતાની કામગીરીથી પૂરા વાકેફ હોય છે અને જ્યારે જરૂર પડે ત્યારે તુરત તે ઉપયોગી બની શકે છે. આથી ગુનાની જાણ થતાં જ યોગ્ય જગ્યાએ, યોગ્ય માણસ, સમય અને પૈસાનો બચાવ કરીને માહિતી આપી શકે છે. દરેક એજન્ટે પોતાના કામનો અહેવાલ પોતાના અધિકારી સ્પેશીઅલ એજન્ટને આપવાનો હોય છે અને હુકમો પણ તેની પાસેથી જ લેવાના હોય છે. પ્રાપ્ત વિગતો ઉપરથી ખરો નિર્ણય લઈ શકે એવા બુદ્ધિશાળી અને ખાસ વિશ્વાસુઓને જ સ્પેશીઅલ એજન્ટ બનાવાય છે. વૉશિંગ્ટનના મુખ્ય મથકેથી એમને એમની કામગીરી અંગે સૂચનો આપવામાં આવે છે.

વૉશિંગ્ટનના દફતરમાં ખાતાનાં બધાં કામને કેન્દ્રિત કરી જુદાજુદા વિભાગોમાં વહેંચવામાં આવે છે. પ્રત્યેક પ્રકારના કામની માહિતી એ પ્રકારના વિભાગમાંથી જ મળી રહે એવી ત્યાં વ્યવસ્થા છે. દા. ત. બૅન્કની ધાડ વિષેની બધી માહિતીઓ એક જ વિભાગમાં એકત્ર થાય છે. એ બધી વિગતોના પરિચયથી એ વિભાગનો વડો એમાંના એકસરખાપણાને તુરત જ પારખી જાય છે. શિકાગોની કોઈ બૅન્કમાં પડેલી ધાડની રીત જોઈ તુરત જ એ પ્રકારે અમુક સમય પહેલાં લૉસએન્જેલિસમાં પડેલી ધાડ સાથેનું સરખાપણું થોડી જ પળોમાં જાણી શકે છે ને એ પરથી કહી શકે કે બંને ધાડ પાડનાર કોઈ એક જ ટોળકી હોઈ શકે.

હૂવરના હાથ નીચે એક મદદનીશ અને અન્ય આઠ ઊંચી કક્ષાના અધિકારીઓ છે. કોઈ મહત્ત્વની કામગીરી હોય તો તુરત અને નહિ તો દર સોમવારે અને બુધવારે તેઓ મળે છે. એ વખતે તેઓ પોતાના અહેવાલો ને માહિતીઓની આપલે કરે છે.

મદદનીશ ડાયરેક્ટર એ મીટિંગનું સંચાલન કરે છે. કોઈ પણ કામ પ્રત્યેના તેઓના અભિપ્રાયો તદ્દન ભિન્ન હોઈ શકે, પણ કામની બાબતમાં અમુક નિર્ણય લેવાયા પછી સૌ તેને જ વળગી રહીને તેને સફળ કરવા કામે લાગી જાય છે. પોતાના અંગત અભિપ્રાયને પછી તેમાં મહત્ત્વ રહેતું નથી. આ તેની શિસ્ત છે. તેના ૬૨૦૦ સ્પેશિયલ એજન્ટ અને બીજા ૮૦૦૦ કર્મચારીઓ તથા એજન્ટોએ આ રીતે શિસ્તને માન આપવાનું રહે છે. કોઈ પણ એજન્ટ પોતાની પાસેની માહિતી ખુદ પોતાની પત્નીને પણ જણાવતો નથી. તે કદી ભેટ સ્વીકારતો નથી. તેણે પોતાનું દેવું તથા કર નિયમિત ભરવાનાં હોય છે. આવા કેટલાક કરેલા નિયમો ન પાળનારને ગમે તેવા મોટા પદેથી પણ દૂર કરવામાં આવે છે.

નોકરીમાં રહેનાર દરેક કર્મચારીને શરૂઆતમાં અઢાર અઠવાડિયાં આકરી તાલીમ લેવી પડે છે. તેમાં તેને ખુશ્કી, તરી અને હવાઈ તાલીમ પણ અપાય છે. જ્યુજ્યુત્સુ અને સ્વરક્ષણાર્થે અંગબળના બીજા પ્રયોગો પણ શીખવાય છે. એફ. બી. આઈ.માં સામાન્ય ટાઈપિસ્ટ કે લૅબોરેટરીમાં કામ કરનાર વિજ્ઞાનીએ પણ પિસ્તોલની લડાઈમાં પોતાનો બચાવ કરતાં શીખી લેવાનું રહે છે. તેને ખિસ્સામાંથી પિસ્તોલ કાઢવાની સાથે જ નિશાન લઈ ગોળીબાર કરતાં શીખવું પડે છે. વળી સૂતાં, ચાલતાં, બેસીને કે ઊભાઊભા પણ ગોળીબાર કરી શકવા જેટલું જ્ઞાન અને મહાવરો મેળવવાં પડે છે. ૩૮ કૅલિબરની રાઈફલ, સબમશિનગન અને શૉટગન વાપરતાં શીખવું પડે છે. સામાન્ય કાયદાઓનું જ્ઞાન મેળવવું પડે છે. સખત કામ અને એકધારા ઉજાગરાથી પણ ટેવાવું પડે છે. સામાન્ય માણસ એફ. બી. આઈ.નો કર્મચારી બની શકતો નથી. બીજી બાજુ એફ. બી. આઈ.માં દાખલ થએલો માણસ તેને છોડી પણ શકતો નથી. એક પ્રકારનું ગૌરવ તેને એની સાથે બાંધી રાખે છે.

એફ. બી. આઈ.ના કર્મચારીની પાછળ તેની જિંદગીનું જોખમ પડછાયાની પેઠે ઘૂમતું હોય છે. આત્મરક્ષણાર્થે નછૂટકે સામાને મારી નાખવાની તેમને છૂટ છે. પણ બહુ ઓછા કિસ્સામાં તેઓ ગુનેગારને જીવતો પકડી શકતા નથી. એફ. બી. આઈ. કદાચ હિટલરની ગેસ્ટાપો જેવી સંસ્થા બની જાય એવી આશંકાથી તેની સામે જેહાદ પણ ઊપડી હતી. કૅપોન, બેબીફેઈસ નેલસન અને ડિલિન્જર જેવા ડાકુઓને નછૂટકે માર્યા ત્યારે તે ડાકુઓનો પક્ષ લેનારો એક વર્ગ પણ ઊભો થયો હતો! તેનો સફળ સામનો કરી હૂવરે સંસ્થાનું ખમીર આજ સુધી ટકાવી રાખ્યું છે. ધીમેધીમે તેઓને વિશાળ સત્તા મળતી ગઈ. અત્યાચાર, બળાત્કાર, અપહરણ, બૅન્કોની લૂંટ, ભાંગફોડ, દાણચોરી, એક રાજ્યમાંથી બીજામાં મોટરની ચોરી વગેરે અસંખ્ય બાબતો ફેડરલ કાયદામાં સમાવવામાં આવી ને એ રીતે તે એફ. બી. આઈ.ના કાર્યક્ષેત્રમાં ઉમેરાઈ.

કેટલીક વાર સ્થાનિક પોલીસખાતાને જાણ કર્યા વિના પણ એફ. બી. આઈ. કામ કરે છે. ઘણી વાર ઈર્ષ્યામાં, લાગવગથી કે રાજકીય દબાણથી પોલીસ એફ. બી. આઈ.નું કામ બગાડી ન નાખે તે માટે આમ થાય છે. અને હવે તો એવો કાયદો છે કે એફ. બી. આઈ.ની 'નૅશનલ ઍકેડેમી'માં તાલીમ લીધા સિવાય કોઈ વ્યક્તિ પોલીસની નોકરી લઈ શકે નહિ.

ધીમેધીમે એફ. બી. આઈ.માં લૅબોરેટરી ખોલવામાં આવી. આંગળાંની છાપનું પણ ખાતું ખોલવામાં આવ્યું. આજે એમાં કરોડો આંગળાંની છાપ સંઘરાએલી છે. એફ. બી. આઈ.ની લૅબોરેટરીની કામગીરીનાં થોડાં દૃષ્ટાંત આવતા અંકે (ચાલુ)

કલાક્ષેત્રની ઊણપ

દિલ્હીની 'ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટસ સોસાએટી'ના મુખપત્ર 'આર્ટ ન્યૂસ'ના ઑગસ્ટ અંકના તંત્રીલેખમાં આ દેશની સ્વાતંત્ર્ય-લડત વિષે કલાકારોની ઉદાસીનતા તરફ ધ્યાન દોરતાં લખ્યું છે: "સ્વાતંત્ર્ય-પ્રાપ્તિના વિગ્રહમાં આપણા અગ્રણીઓ ને દેશવાસીઓનાં બલિદાન અને યાતનાઓ ઇતિહાસને પાને તો આજની પેઢીને પ્રેરણારૂપ બને એ રીતે અંકિત થયાં છે; પરંતુ એના અનુસંધાનમાં તરત આપણને પ્રશ્ન થાય છે કે ઇતિહાસના એ ખરી કટોકટીના કાળ પરત્વે આપણા ચિત્રકારોની દેણગી શી છે?

બીજા અને ચોથા દાયકા વચ્ચેના એ કાળમાં ભારતમાં ઘણા નામી ચિત્રકારો થઈ ગયા છતાં રાષ્ટ્રીય લડતનો કોઈ પણ અંશ કાગળ કે કૅનવાસ પર રજૂ કરાયાનો એકે પ્રયત્ન થયો જાણ્યો નથી. 'ભારતમાતા'ના પેલા જાણીતા ચિત્ર(અવનીન્દ્રનાથ ઠાકુર કૃત) ઉપરાંત થોડા દેશનેતાઓની છબિઓ, દૃશ્યચિત્રો, લોકપાત્રો કે પુરાણોના કથાપ્રસંગોનાં આલેખનો જ માત્ર ગણાવી શકાય. જ્યારે યુરોપના દેશોમાં તો તે તે દેશોની રાષ્ટ્રીય ચળવળે ત્યાંના થોકબંધ ચિત્રકારોને એ યાતનાઓને ચિત્રબદ્ધ કરવાને પ્રેર્યા હતા, જે ચિત્રો આજે તે તે પ્રજાના ઇતિહાસના પ્રમાણભૂત દસ્તાવેજો બની રહ્યા છે.

એ હકીકત છે કે આ પ્રજાના ઇતિહાસના એ મહાન અગત્યના પ્રકરણ વેળાના જીવનનું કોઈ પ્રતિબિંબ ક્યાંય ઝીલાયું નથી. આ ઊણપ માટે કોઈ બચાવ નથી; અને વધુ ખેદની વાત તો એ છે કે એ કદી પુરાવાની નથી. એ



ઈ. ૧૯૨૨માં અમદાવાદના સર્કિટ હાઉસમાં ગાંધીજીનો મુકદ્દમો (રવિશંકર રાવળ)



'રાખો મશાલ જલતી નવ કૂચ થભે!'
એલિસબ્રિજ અખાડામાં મોટું ભીંતચિત્ર (રવિશંકર રાવળ: ગુજરાત કલાસંઘ)



'યુદ્ધ-પથ': ગાંધીજીની દાંડીકૂચ (૧૨મી માર્ચ ૧૯૩૦)ને સ્મરણાંકિત કરતું શ્રી કનુ દેસાઇનું પ્રતીક ચિત્ર

કાળના ચિત્રકારોની અમે અવગણના કરવા માગતા નથી, પણ પરદેશીઓ જ્યારે જોવા માગે છે કે તમારા સ્વાતંત્ર્યવિગ્રહનાં ચિત્રો કેવાં છે, ત્યારે અમે શરમ અનુભવીએ છીએ. આ લખાણમાં સત્યાંશ જરૂર છે; પણ ગુજરાતની વાત કરીએ, તો આપણે અભિમાન તો નહિ પણ આશ્વાસન લઈ શકીએ એવી સ્થિતિમાં તો અવશ્ય છીએ. વળી એ પણ ન ભૂલવું જોઇએ કે ત્યારે ઊગીને ઊભી થતી આપણી કળાના માર્ગમાં અનેક રુકાવટો હતી. સુતાર-કડિયા જેટલી યે એમની રોજી નક્કી નહોતી, પહોંચવાળા લોકો બાપદાદાની છબી કે ઈષ્ટ દેવની મૂર્તિથી આગળ કલાતત્ત્વનો સ્પર્શ પામ્યા નહોતા, ને ચિત્રકારોની તાલીમ એટલી સંકુચિત ને રૂઢિગ્રસ્ત હતી કે તત્કાલ આલેખન કરવાની શક્તિ જૂજ કલાકારો ધરાવતા.

અને છતાં 'કુમાર'ના જૂના વાચકોને સ્મરણ હશે કે શ્રી કનુ દેસાઇએ તો દાંડીકૂચ સાથે સફર કરીને કેટલાક પ્રસંગોની નોંધ લીધી છે. ૧૯૨૨માં અમદાવાદના સર્કિટ હાઉસમાં ચાલેલા ગાંધીજીના મુકદ્દમા વખતે, માથા પર તોળાઈ રહેલા ભયની નીચે, શ્રી રવિશંકર રાવળે એ મુકદ્દમાનાં પાત્રોની મુદ્રાઓ અને દશ્યરચના ઝડપી સ્કેચોમાં ઉતારી લીધેલા, જે પૈકી થોડા 'મૅન્ચેસ્ટર ગાર્ડિયન'માં છપાયાં હતાં. હમણાં સર્કિટ હાઉસના એ મુકદ્દમાવાળા ખંડની ભીંત પર એ પ્રસંગનું મોટું ચિત્ર મૂકવા માટે એ સ્કેચો ઉપરથી હૂબહૂ દસ્તાવેજી કાચો આલેખ શ્રી રાવળે તૈયાર કરેલો, પણ તે પર એવી નુકતેચીની થઈ કે ચિત્રમાં ગાંધીજી ઉઘાડા દેખાય છે તે સારું લાગતું નથી! ચિત્રકારે સગી આંખે જોએલી અને તત્ક્ષણ સ્કેચમાં ઉતારેલી (તથા ઈંગ્લંડમાં છપાએલી) દસ્તાવેજી હકીકત ઉપરની આ નુકતેચીની ખરે ખર અજબ લેખાય! ગુજરાત રાજ્યના વરિષ્ટ ન્યાયમૂર્તિ શ્રી શેલતે એ મુકદ્દમા વિષે તૈયાર કરેલા પોતાના ગ્રંથમાં એને મુખચિત્ર તરીકે મૂકીને કદર કરી છે એ સંતોષની વાત છે.

આ ઉપરાંત શ્રી રાવળનું બીજું પણ એક આલેખન નોંધપાત્ર છે. અમદાવાદ એલિસબ્રિજ આરોગ્ય સમિતિના અખાડાની ભીંત ઉપર સ્વાતંત્ર્યની લડતને બિરદાવતું, આખી દીવાલને આવરી લેતું મોટું ચિત્ર 'રાખો મશાલ જલતી' ઘણાં વર્ષો સુધી અનેકને પ્રેરણા આપતું ત્યાં રહેલું. કુમારના ૨૭૮મા અંકના રંગીન મુખચિત્ર તરીકે તે પ્રકટ થયું છે.

અને શ્રી કનુ દેસાઈનાં દાંડીકૂચનાં ચિત્રોનો સમૂહ તો 'ભારત પુણ્ય પ્રવાસ'ના નામથી ચિત્રસંપુટ રૂપે પણ બહાર પડયો હતો. ચિત્રકાર 'ચંદ્ર'ના 'સ્વાતંત્ર્ય-યજ્ઞ' ને બંસીલાલ વર્મા 'ચકોર'ના 'ભારતમાં અંગ્રેજી અમલ' એ બે સંપુટોની પણ નોંધ લેવી જોઇએ. આ સાથે ઉપર્યુક્ત ચિત્રો પૈકી થોડાંકની પ્રતિકૃતિઓ આપી છે.

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃ. ૪૭૫થી

શ્રી નર્મદભાઈ તથા શ્રી દલપતભાઈ ભટ્ટ વગેરે શાળાના અધિકારીઓ હતા. રણછોડ લાઈનની ચાલીની પરિચિત વ્યક્તિઓમાં ભાઇ મણિશંકર સોમનાથ અને જેઠાલાલ વ્યાસ મુખ્ય હતા. એઓ માત્ર પડોશીઓ જ નહોતા, કુટુંબીઓ બની ગયા હતા.

જેઠાલાલ વ્યાસ મૅટ્રિક પણ પાસ નહોતી કરી શકયા. તે ફિટર-કામ જાણતા એટલે મુંબાઈથી કરાચીની સ્ટીમરમાં બેસી ગએલા ને બંદરેથી સીધા એક કારખાનામાં જઈ નોકરી માગીને પોતાની લાયકાત ની ખાતરી માટે પ્રત્યક્ષ કામ કરી બતાવવા જણાવ્યું. તેમની વાતથી અંજાઇને કારખાનાના મૅનેજરે પૂછ્યું: 'કયારથી કામ પર આવશો?'

'અત્યારે—આ ઘડીએ કામ પર ચડવા તૈયાર છું.' એમ કહી સામાન એક ખૂણે મૂકી પગાર શરૂ કરી દીધો! ત્યાર પછી ઘણા સંજોગોનો લાભ લઈ. છેવટે એક ટ્રાવેલિંગ એજંટની જાહેરખબર વાંચી ત્યાં સાહેબી ઠાઠ કરીને પહોંચી ગયા. એમને અંગ્રેજી ફેંકતાં સારું આવડતું. એકદમ કહી દીધું કે મને નહિ રાખો તો ભૂલ કરશો! આમ રૂઆબ કરી જગ્યા મેળવી લીધી. તેમની સાથેની વાતોમાં મને બહુ મઝા પડતી. એમને મન કોઈ પણ સાહસ મુશ્કેલ નહોતું,—માત્ર લાગ મળવો જોઇએ! તે સરસ બાંધાના હતા અને છાપ પાડે એવો મ્હોરો રાખી નિશ્ચયાત્મક સ્વરે વાત કરતા. પોતાના સામાન ઉપર તે 'વ્યાસ'ને બદલે 'VAS' (વાઝ) લખતા, એટલે એ જમાનામાં લોકો તેમને કોઈ યુરોપિયન ધારી અંજાઈ જતા. પેશાવર તરફથી આવે ત્યારે અગૂર, સંતરાં અને સકરજનનો ટોપલો લેતા આવે, ને અમારા ચાર ઘરના મિત્રોને ભેગા કરી તેની મોજ માણે. એ પોતે ઘણો વખત પ્રવાસમાં જ રહેતા. તેમનાં પત્ની મારા વડીલો પ્રતિ બહુ જ ભાવ ને આદર બતાવતાં.

મણિશંકર સોમનાથ પણ મૅટ્રિક થઈ શકેલા નહિ. કોઈ ઑફિસમાં હિસાબી કારકુન માત્ર હતા, પણ અભ્યાસ વધારી ફિલસૂફીનાં પુસ્તકો વાંચતા થઇ ગએલા, ને થીઓસૉફિસ્ટ બની તત્ત્વજ્ઞાનવિષયક ભાષણો કરી પ્રમુખ સુધી લાગવગ મેળવી ચૂકયા હતા. સત્યાગ્રહનો જમાનો આવ્યો ત્યારે કડક ભાષણો કરવાને લીધે સરકારે કરાચી છોડાવ્યું, તે વખતે ભાવનગરમાં અમારે ત્યાં આવી રહેલા, અને છેવટે મુંબાઈમાં કટલરીની દુકાન કરેલી. હાલ એમાંના કોઇ હયાત નથી. પણ એ જુવાનો ખરા પુરુષાર્થી હતા.

૨૦૭ ફોટોગ્રાફીનો સાજ

કરાચીમાં મેં રોજ રખડપટ્ટી ખૂબ કરવા માંડી અને એકેમે સ્કેચબુકો ભરી કાઢી. પણ હજી મને સ્કેચ માટે કોઇ ધોરણ હાથ લાગ્યું નહોતું. જે કંઈ નવીન કે આકર્ષક જોઉં તેની બને તેટલી સાચી આકૃતિ કરી લેવા પ્રયત્ન કરતો. એમાં કોઈ યોજના નહોતી, છતાં નિત્ય જીવનની પ્રવૃત્તિઓ નિહાળવાનો આનંદ મને પુષ્કળ મળી રહેતો. આ પ્રવૃત્તિ દરમ્યાન ફોટોગ્રાફીનો નાદ જાગ્યો. એ સમયની ફોટોગ્રાફી મોટે ભાગે ઘોડી કૅમેરાથી જ થતી, જેની કિંમત મારા ગજા બહાર હતી. વળી એનો નકામો ખર્ચ ને સમયનો વ્યય મને પોસાય તેમ નહોતાં. છતાં ફોટોશિક્ષક ત્રંબકલાલ પાસે નાનો લેન્સ કે ઘોડી વિનાનો કૅમેરા વેચવાનો હતો તેનો પંદર રૂપિયામાં સોદો કરી લીધો. આમ મારા જીવનમાં ફોટોગ્રાફી પ્રવેશ પામી. તેનું વ્યાપક પરિણામ મને અનેકગણું મળી ગયું.

અમે ચાલીની સળંગ લાઇનોમાં એક બ્લૉકમાં રહેતા. દાખલ થતાં જ નાહવાની અને બળતણની રૂમ, રસોડું, વચ્ચેનો નાનો સ્ટોર રૂમ અને પાછળ એક દીવાનખંડ તથા રસ્તા પર માત્ર બારી, આવા નાના મકાનમાં સાંસારિક એકાંતે કોઈ પતિપત્ની મુક્ત મને મળી શકે નહિ. પણ મારાં પત્નીને વાંચવાનો થોડો શોખ લાગ્યો છે એટલું પણ મારું મન મનાવવાને બસ લાગ્યું.

વૅકેશન પૂરું થયું, ઘર છોડવાનો સમય પાસે આવ્યો અને વિરાટ મુંબાઇમાં હું હવે કયાં ઠરી ઠામ થઈશ તેથી ચિંતા થવા માંડી. પિતાજીએ એકબે મિત્રોનાં નામ આપ્યાં. પણ તે બધા સારી સ્થિતિના હોવા છતાં બબ્બે રૂમના બ્લૉકોમાં જ રહેતા હોઈ કોઇને એક પણ બહારનો માણસ દિવસો સુધી સાચવવાનું પોસાય તેમ નહોતું. એટલે અંતે એવું ઠર્યું કે મારે હવે ટ્રેઇન રસ્તે ભાવનગર જઈ, ત્યાં નાના ભાઇની ખબર કાઢીને પછી મુંબાઈ પહોંચવું. (ચાલુ)

પોલાંડની નાટ્યપ્રવૃત્તિ

દેશદેશનાં નટ નાટક અને નાટકશાળાઓનો પરિચય કરાવતી પશ્ચિમનાં પરિભ્રમણોની લેખમાળા

હપતો: ૬૨ · લેખક: **ચન્દ્રવદન મહેતા**

આને પછી જામી ચર્ચા. દર વખત એક વિષય અને એક અતિથિ હોય છે તેમ: 'નાટકકાર અને પ્રેક્ષકોનો સંબંધ.' અતિથિવિશેષ આ વખતે ફ્રાન્સના જુવાન નાટકકાર આરમંડ રૂસ્સે. આપને યાદ હશે, હેલસિન્કીમાં યૂજિન આઇનેસ્કો હતા તેમ. આ યુવાને તો ખુરશી લઇને ચર્ચાનું ઉદ્‌ઘાટન કરતાં જ જમાવ્યું: 'હું નાટકકાર, મારે ભાવ અને સંઘર્ષ સાથે કામ, એ માટે દરરોજ નવાનવા પ્રેક્ષકો જોઈએ. જુવાન ટોળું વધારે ગમે. હું એમનાં દિલ ધડકાવું, હચમચાવું અને આખરે જીતું એવું ઇચ્છું.' એમના પછી ઑસ્ટ્રિયાના ઍલન સેમુરે છેલ્લાં ૩૦ વર્ષનો યુરોપના નાટકનો ઇતિહાસ ઉકેલ્યો, વિષાદને વખોડયો. ત્યાં જુલિયને પડકાર્યું કે વિષાદ જેવું કંઈ છે જ નહિ. આવો ફ્રાન્સમાં ને જુઓ ઍંશી ઉપરાંત જુદાજુદા દેશનાં થએલાં નાટકો; હજી થશે, તે. અમેરિકાએ ડહોળ્યું કે પ્રેક્ષક તો ગમે તે જુએ; એના પર મદાર ન બંધાય. તો બ્રિટનના હન્ટે એ વાત ચોખ્ખી પાડી આપી કે બે પ્રકારનાં જ નાટકો છે: એક લોકપ્રિય લોકભોગ્ય; અને બીજાં ભારેખમ, વિચારપ્રેરક, નવું નવું બતાવવાવાળાં. પોલૅન્ડે વળી વિવેચક અને પ્રેક્ષકનો ભેદ નાણી બતાવ્યો. તો ઈટાલીના પ્રતિનિધિએ નાટકકારની સ્વતંત્રતા વિષે જ સિક્કો માર્યો. બેલ્જિયમના હેનો સાહેબે પ્રેક્ષક અને નાટકકાર વચ્ચે આધ્યાત્મિક સંબંધની તેમજ સૌન્દર્ય ને આનંદની વાત લલકારી, ત્યાં વચ્ચે ઈઝરાયલની નટી તડૂકી ઊઠી કે આ બધા 'મોનોલૉગ' કરો છો તે 'ડાયલૉગ' કરોની. આ તો ચર્ચા નહિ કહેવાય. ઇંગ્લંડના યુવાન નાટકકાર પીટર શેફરે પોતાનો નાટક લખતાં સંવેદનોનો જાતઅનુભવ જાહેર કર્યો, તો સ્વીડન બ્રાઝિલે નવલકથા ને નાટકનો ભેદ કાઢી બતાવ્યો. સોવિયેટ દેશમાંથી મારકોવ અને પ્રખ્યાત નાટકકાર સુરખોવે નાટક મારફત નવી આશા, નવો માનવ, નવો પ્રેક્ષક પેદા કરી નાટકશાળાને ઉપયોગી બનાવવાની વાત કરી. ક્યૂબા, હંગેરી, જર્મનીના પ્રતિનિધિઓએ ટ્રૅજેડી, લોકમેદની, પ્રચારાત્મક નાટક વિષે મુદ્દાઓ રજૂ કર્યા...

આમાં આખો દિવસ નીકળી ગયો. બીજે દિવસે 'રીડિસ્કવરી ઑવ સ્ટાઈલ'ના લેખક માઈકલ સૅંટ ડેનિસે મધુર ભાષામાં પ્રોડયુસરની જવાબદારી થકી લેખકને નાણ્યો, ને એમ ભિન્નભિન્ન દૃષ્ટિબિન્દુઓ બાદ આરમંડે આખરે ચર્ચાને ટૂંકમાં આટોપી લીધી. આ ચર્ચામાં મોકો મળતાં ભરતની રસ-થીઅરી ઉપર ટૂંકમાં મેં જે કંઈ કહ્યું એની નોંધ અહીં અસ્થાને અને બિનજરૂરી હોઈ જતી કરી છે.

અતિથિવિશેષે પાથરણું ઉપાડતાં ચર્ચાનાં છાંટણાં છટકારતાં કહ્યું: 'મારે કશું જ કહેવાનું નથી. તમે મને સાંભળ્યો એ માટે આભાર; નવાનવા દૃષ્ટિબિંદુઓ ઉપસાવી આપ્યા એ તમારો ઉપકાર. અમે નાટકો લખીએ છીએ, તે ભજવાય છે, તે તમે જોવા આવો છો, એ જ બસ અમારો આનંદ છે. નવાનવા પ્રેક્ષકો જોવા આવતા રહે એવી અમને આશા છે. આખરે તો તમે અમારા નાટકમાંથી કઈક તો ગ્રહણ કરો જ છો; આજે અમે અહીં તમારી ચર્ચામાંથી કંઈક તો ગ્રહણ કરીશું જ. એ જ છે આખરનો સાર. થૅંક્યૂ.'

મને મનમાં ઘણી વાર વિચાર આવ્યો કે દર સાલ એક વાર આપણા દેશના કિશોરાવસ્થા કુદાવી થોડા પીઢ ડાહ્યા અનુભવી બનેલા આ ક્ષેત્રમાં કામ કરનારા શંભુ મિત્ર, અદી મર્ઝબાન, તરુણ રૉય, પી. એલ. દેશપાંડે, રુકિમણી અરુંડેલ, મૃણાલિની સારાભાઈ, વિજયા ખોટે, જયંતી દલાલ, દીના પાઠક, વિષ્ણુ વ્યાસ, તાપસ સેન, અલ્કાઝી, સ્નેહલતા સાન્યાલ, જયન્તી પટેલ, પ્રવીણ, અરુણ ઠાકોર, ગોવિંદરામ વ્યાસ જેવા એકઠા બેસી આવી કોઈ સુત્રાત્મક ચર્ચા કરે તો સારું નહિ?

આ ચર્ચાનું પરિણામ? કંઇ નહિ. ન ઠરાવ, ન ટેકો-વાંધો. પણ એક મુદ્દાને અનેક પાસાં-પડખાં છે, કોઠેકોઠે જુદી મતિ, એ તો ત્યાં એટલી ઝીણવટથી સ્પષ્ટ થયું કે એ બે દિવસનો બુદ્ધિ સામે બુદ્ધિનો પડકાર એ જ એક પ્રકારનો આંતરિક આનંદનો અનુભવ હતો. એમાંથી ઘણા મુદ્દાઓ સ્પષ્ટ તો થયા જ, અને એ આખી ચર્ચા હવે છપાશે ત્યારે વાંચવામાં વળી ઓર આનંદ આવશે તે જુદું.

મને મઝા પડી તે હન્ટ અને સૅંટ ડેનિસ, વેવેલિયન રીસ અને પીટર શેફર સાથે. હન્ટનું નાટક-વિવેચનાનું પુસ્તક વાંચવા જેવું છે. ઑસ્ટ્રેલિયામાં સીડની થીએટરને ખુલ્લું મૂકી એનું સંચાલન કરવા એ ગયા તે સમયનાં એનાં ત્રણ ભાષણો અત્યંત મનનીય છે, નાટકકલાની ઝીણી સૂઝવાળાં છે. છપાયાં પણ છે ને ભારતમાં મળે પણ છે. વિષય તો 'મેકિંગ ઑવ ધ ઑસ્ટ્રેલિયન થીએટર'નો છે, પણ એમાં એણે બધી પ્રજાને ઉપયોગી થાય એવા મુદ્દાઓ છણ્યા છે. નાટકશાળા એટલે શું, એની માવજત માટે ટીપેટીપે કેમ સરોવર ભરાય, એ માટે ધગશ, સંઘબળ, સહકાર ભાવના, લોકાદર, એનાં વિવિધ પડખાં, ભૂતકાળમાં જડાએલાં મૂળિયાં, એ ઉપર અવલંબતું ભાવિ, સારા નાટકોની અછત, આરસીમાં ખરું પોત નહિ પરખાય પણ સત્ય માનવના મનમાં છે તે પારખવું ઘટે, આ નાટકનો ધંધો, એની ખૂબી-ખામીઓ, ત્યાંથી માંડી પ્રેક્ષકોની અભિરુચિ, એમના પ્રકાર, એમનામાંનું ક્યાંક ચંચલ તત્ત્વ, ક્યાંક સાચી પરખ; એવા એવા અનેક વિષયો એણે ટૂંકમાં રસભરીરીતે ચર્ચ્યા છે. એવો બ્રિટિશ બચ્ચો જમણમાં કે નાસ્તામાં સામી ખુરશીએ બેઠો હોય તો મનખો સુધરી જ જાય એમાં શી નવાઇ? એના વિવિધ અનુભવો! ન્યૂ યૉર્કમાં, બ્રિસ્ટલમાં, ઓલ્ડ વિક્માં, લંડનમાં, સીડનીમાં ભાતેભાતનાં નાટકોની રજૂઆત કરેલી. મીડિયા, હૅમલેટ, જુલિયસ સીઝર, શિફ્ટિંગ હાર્ટ બધાંમાં જ ભારે કીર્તિ મેળવેલી. સ્પષ્ટ અવાજનો, બાંધીદડીનો આ ગૃહસ્થ નસીબજોગે વૉરસોથી લંડન જતાં પ્લેન ઉપર પણ સાથે. પછી તો ભયોભયો જ ને?

પણ આપણે એમ દરેક જણની પાકી ઓળખાણ આપવા જઇશું તો આ ભંગાર શહેરમાં ત્રીસ ઉપરાંત નવી બંધાએલી નાટકશાળાઓનો તાગ કેવી રીતે લઇ શકીશું? કોડિયા જેટલું પોલૅન્ડ, એનાં સોળ પરગણાં અને દરેક પરગણામાં બે પાંચ નાનાંમોટાં જૂનાંનવાં થીએટરો. એની મુલાકાતો તો શી રીતે લઈ શકીશું? ક્રૅકો, લુબલિન, પોઝનાન, ને લૉડસ ગામનાં થીએટરોની તો વાતો સાંભળીને જ સંતોષ માનવો પડ્યો. એકેકથી ચડિયાતાં, સ્વચ્છ સુઘડ સગવડવાળાં, મહામૂલા પથ્થરનાં બાંધેલાં, અને એકમાં તો આરસ પાણીને મૂલે વહેતો દેખાય એવાં. કારણ પોલૅન્ડમાં નાટક-ભજવણીની ઘણી જૂની પ્રણાલિકા છે.

૧૬મી સદીથી ત્યાં નાટકો ભજવાય. એમાં યે વળી લૅટિન ભાષામાં પણ નાટકો ભજવાતાં. ૧૬૩૩માં 'ગામડિયો રાજા થઈ બેઠો' નામના અઢી-ત્રણ કલાકના નાટકે ભારે નામના મેળવેલી. 'ટેઇમિંગ ઑવ ધ

શ્રૂ' નાટકના પહેલા દૃશ્યમાંથી આખું નવું લાંબું નાટક ઉપજાવી કાઢેલું. અહીં ઇટાલિયનો નાટક કરવા આવતા. વળી, ૧૬૧૬-'૧૭માં ઇંગ્લંડથી ગ્રીનની ટોળી પણ અહીં આવી માર્લોનાં, હેવુડનાં, ડેકરનાં ને શેક્સપીઅરનાં નાટકો અંગ્રેજીમાં ભજવી ગઈ હતી. અને એમ ઓપેરા તેમજ નાટકના ગણેશ મંડાયા. નાટકો કરવા જગ્યા જોઇએ, એટલે વૉરસોના કિલ્લામાં જ તરત એક નાટકશાળા બાંધી નાખી, અને ત્યાંથી શરૂઆત થઈ ગઇ. ૧૭૨૫માં રાજા ઑગસ્ટે એક જાહેર નાટકશાળા બાંધી આપી. ત્યાં ફ્રેંન્ચ, જર્મન અને અંગ્રેજીમાં પણ નાટકો થવા માંડયાં. ૧૮૨૧માં પોલૅન્ડના મશહૂર નાટકકાર ઍલેક્ઝાન્ડર ફ્રેડ્રોએ 'ધણી અને ધણિયાણી'નો નાટક લખી ભારે કીર્તિ સંપાદિત કરી. પછી તો પરંપરા પ્રગટી; યુરોપના દરેક પ્રખ્યાત લેખકનાં નાટકો ત્યાં ભજવાયાં. એમાં પોલૅન્ડના સર્વોત્તમ કલાકાર અને દિગ્દર્શક, અમર કીર્તિને પામનાર લ્યૂઓ શીલરે નટ નાટક અને નાટકશાળાને સર્વ રીતે સર્વગુણસંપન્ન બનાવ્યાં. ૧૮૮૭થી ૧૯૫૪ સુધીની એની કારકિર્દી પછી આજે દસ વર્ષે પણ એના નામની બોલબાલા છે.

બહુ કામેલ વ્યક્તિ આ શીલર: લડાઈમાં કેદ, જેલયાતના, નાસભાગ; પણ એ બધું પતતાં ફરીફરીને નાટક અને નાટકશાળા. રૂંવાં ખડાં થઈ જાય એવું દુ:ખભર્યું જીવન, પણ એણે અને એના સાથીદારોએ નટની તાલીમ, નટો માટે ખાસ અભ્યાસનાં સાધનો, કઠપૂતળીની શાળા, નાટકો રજૂ કરનારાઓની શાળા, નાટકશાળાઓની દેખભાળ રાખનારાઓની શાળા, એવીએવી કંઇક નિશાળો ખોલી. ખોલી એટલે સરકાર પાસે બંધાવી, ચલાવડાવી. ૧૮૧૧થી નિશાળો તો હતી; એણે વ્યવસ્થિત સ્વરૂપમાં મૂકી. આ કામ માટે અધ્યાપકો ઊભા કર્યા, એમની તાલીમની પણ વ્યવસ્થા કરી. આ સંસ્થાઓ બંધાઈ, ૧૯૩૯ના યુદ્ધમાં એ સદંતર નષ્ટ થઈ ગઈ, પણ ૧૯૪૫ પછી પાછી બંધાઈ, કામકાજ શરૂ થયાં. ભણતરનો પ્રકાર, ભણતરના પ્રયોગો, કેટલાં વર્ષનું ભણતર વગેરે બધું નવેસરથી વિચારાયું, અમલમાં મુકાયું. નિશાળોમાં તાલીમ, કૉલેજોમાં તાલીમ, વિધવિધ પ્રકારની તાલીમ, બધાંનો વિચાર કરવામાં આવ્યો. વળી, પોલૅન્ડ તો સંગીતના ઉસ્તાદો માટે પણ મશહૂર. શોપેં જેવા ત્યાં જન્મ્યા એટલે સંગીતશાળાઓ પણ ખરી જ.

આપણે એ પ્રકરણ નહિ ખોલીએ, નહિતર પોલૅન્ડમાંથી બહાર જ નહિ નીકળાય. જેટલા દિવસ પોલૅન્ડમાં રહ્યા તેટલા દિવસ ચારપાંચ ઠેકાણે રોજિંદાં ચાલતાં નાટકો, એમાંથી જ પસંદગીની મૂંઝવણ, ત્યાં વળી સંગીત-જલસાઓ સાંભળવા કયાં જઇએ? જો કે જવું તો ગમે, પણ શું થાય! એક દિવસ ડુરેનમાટનું 'વિઝિટ' જોયું, અચાર્ડનું 'ઇડિયટ' જોયું, પોલ્સ્કી થીએટરમાં ફરી 'ટારટ્યૂફ' જોયું, નારોડોવીમાં ફ્રેડ્રોનું 'રિવેન્જ' જોયું, એરિસ્ટૉફેનિસનું 'ફ્રૉગ' જોયું, 'ઍગામેમ્નોન' જોયું, 'રિવૉલ્વર' જોયું, પણ આવી યાદીમાં બીજાને શો રસ પડશે?

છતાં 'વરુઓ'—સિલ્વીઓ ગાવાનિનેટીનું નાટક, ઇટલીમાં લખાએલું, ત્યાં ભજવાએલું, અને આપણા લોકમાં પણ બરાબર બંધબેસતું આવે એવું, એમાં જરૂર રસ પડશે. વરુ જેવા માણસો ચારેકોર હમણાં તો જોવા મળે છે. આગસ્ટો નામના એક નાયકે દેવાળું કાઢયું. અને વળી એને આબરૂ બહુ વહાલી, એટલે આપઘાત કરવાનું ઠરાવ્યું. પણ એનો એક ભાગીદાર માર્કો એને તરતમાં તો બચાવી લેવા તૈયાર થયો, પણ એક શરતે, કે આગસ્ટો જો એકાદ વર્ષમાં કમાઇને પોતાનું દેવું ન ચૂકવી શકે તો વર્ષ પછી આગસ્ટોએ અકસ્માતમાં મરી જવું, અને ભારે રકમનો વીમો ઉતરાવવો તે માર્કોને નામે કરતા જવું. કબૂલ. દરમિયાન માર્કોએ આગસ્ટોનાં દેવાં પતાવી નાખ્યાં. વર્ષ પૂરું થયું, પણ આગસ્ટો હવે અકસ્માતમાં મરવા તૈયાર છે જ કયાં? દિવસો વહ્યા ગયા, અને માર્કોએ દેવાળું કાઢયું! હવે આગસ્ટોનો વારો. પોતાની જેમ જ એણે માર્કોની પૉલિસી ઉતરાવી, અને અકસ્માતમાં મરી જવાની પોતે કરેલી ગોઠવણ માર્કોને પણ કહી બતાવી. પેલો કહે, 'અલ્યા તું નહોતો મર્યો.' બીજો કહે 'અલ્યા હું મર્યો હોત તો તને કોણ તારો બાપ બચાવત?' જો જામી છે બે વચ્ચે! પૈસાના ભૂખ્યા, બંને જણા એકબીજાને સીધેસીધા ઠાર કરવાની અણી પર આવી પહોંચ્યા. આ તબક્કે એમના દીકરાઓએ વચ્ચે પડી બંનેને બચાવી લીધા, એ રીતે કે બંને પિતા મહાશયોને વેપારમાંથી આઘા બેસાડયા, અને દીકરાઓ વેપારી થઈ બેઠા. આ નાટકમાં ગમ્મત પડી એના કરતાં 'મને તો વિધવા વહાલી' એમાં વળી ઓર રસ પડયો.

ગામમાં એક ગાંચજાભાઈ જેવા એડુઆર્ડો. એમને જેવી ખબર પડે કે તાજેતરમાં કોઈ બાઈ વિધવા થઈ કે તરત ત્યાં પહોંચી જાય, ને એને આશ્વાસન આપવા લાગી પડે: 'હોય બેન. સંસાર એવો જ છે, એમાં કંઈ સાર નથી.' ચલાવ્યે જ રાખે. પરિણામે પેલી વિધવાઓ પીગળતી જાય અને પોતાના ધણીનાં કપડાં આને કાઢી આપે. અને એડુઆર્ડો એવા અનેક ધણીઓનાં કપડાં એકઠાં કરી, એનો વેપાર કરી, દુકાન ચલાવતો થયો ને એમાં ભારેનું કમાવા માંડયો. ઉપરાંત, કેટલીક વિધવાઓ પહેલાં તો એની દોસ્તો બને, પછી ત્યાં લાગણીના ફુવારા પણ ઊડે. કારણ આપણા એડુઆર્ડો એમને આધ્યાત્મિક જ્ઞાનના પાઠ ભણાવે. એમાં એવું પણ અડાવે કે મરેલા ધણીઓના જીવાત્મા ઘણી વાર એડુઆર્ડોના શરીરમાં આવનજાવન કરે છે! વિધવાઓ આ માને પણ ખરી, અને એમ મેળ જમાવતાં વાર પણ ન લાગે! મારા વહાલાએ ભારેની વસ્તુ નાટકમાં ભરી દીધી છે! એમ કરતાં એક વિધવા તો એવી વળગી કે તરત બંનેએ લગ્ન કરી લીધાં, ને લગ્ન બાદ એ વિધવાને બીજો જ કોઈ વિધુર વળી પોતાના આગવા આધ્યાત્મિક વાદ ઉપર ચડાવી ગયો, એટલે એ એના ફંદામાં ફસી, અને આપણા એડુઆર્ડોને છૂટાછેડા લઈ વિધુર થવા વારો આવ્યો. પછી ઘણી વાર બને છે તેમ, પરણીને ન પસ્તાયા, તો છૂટાછેડા લઈ પસ્તાયા! પણ પરિણામ તો પરણવાને લઇને જ, એટલે બીચારા એડુઆર્ડોની સામે હવે એક પણ વિધવા ન જુએ. આખું વિધવામંડળ બીજા અધ્યાત્મવાદી તરફ વળ્યું, અને આપણા એડુઆર્ડો હાથ ઘસતા રહ્યા! (ચાલુ)

શતરંજના કોયડાનો ઉકેલ

1 R–Q8 ch! પ્યાદાને જો વજીર બનાવી શકાતો હોય તો તેને માટે હાથીનો ભોગ આપવો એ વધુ પડતું ન જ કહેવાય.

1...,K×R; 2 P–N7

હવે કાળો પ્યાદાને વજીર થતાં અટકાવી નહિ શકે એમ લાગે છે: પણ, 2...,R–N5!

પ્યાદાને વજીર થતો અટકાવવા માટે પણ હાથીનો ભોગ વધુ પડતો નથી.

3 K×R, P–B4 ch!

કાળો રમત બચાવવા તેનું છેલ્લું પ્યાદું પણ હોમી દે છે. જો સફેદ તે પ્યાદું મારે તો રમત ડ્રૉ થાય. 4 K×P, K–B2 અને હવે બાકી વધતું પ્યાદું RP હોવાથી તે જીતી શકે નહિ.

4 K–N5! K–B2; 5 K–R6, K–N1;

નહિ તો સફેદ 6 K–R7 રમીને જીતી જાય માટે આ ચાલ ફરજિયાત જ છે.

6 K–N6, P–B5.

હવે કાળાનું આ પ્યાદું ત્રણ ચાલમાં વજીર થશે જ્યારે સફેદનું એક પ્યાદું કાળા રાજાથી અટકાવેલું છે અને બીજું પ્યાદું ઘણું પાછળ છે પછી સફેદ કેમ જીતે છે? જુઓ:

7 P–R4, P–B6; 8 P–R5, P–B7; 9 P–R6, P–B8 (=Q) કાળાનો વજીર થઈ ગયો પણ! 10 P–R7 mate.

પેશ્વા અને ગાયકવાડની પ્રતિષ્ઠાના હામી શેઠ હરિભક્તિ

લેખક · રમેશ જોષી

એ એવો કાળ હતો, જ્યારે ઇતિહાસ કરવટ બદલી રહ્યો હતો; તવારીખનાં પાનાં ઝડપથી આલેખાઈ રહ્યાં હતાં. બાબરે સ્થાપેલી ને અકબરે વિસ્તારેલી મુઘલાઈનું તખ્ત ડગમગી ઊઠ્યું હતું. સવાર પડે ને દિલ્હીની પ્રજા કોઈ નવા બાદશાહની દુહાઈ સાંભળતી હતી. એ એવો કાળ હતો, જ્યારે મુઘલાઇનાં ઊંડાં મૂળને ખોદી નાખી નામશેષ કરવામાં અગત્યનો ભાગ ભજવનાર હિંદુપત પાદશાહીના પાયા પણ હચમચી ઊઠ્યા હતા. માલિકને એક ખૂણે હડસેલી મૂકી રાજની રણીધણી થઈ બેઠેલી પેશ્વાઈના આખરી દિવસો હતા.

પૂનાની પેશ્વાઈ ગાદી ઉપર ત્યારે બાજીરાવ બીજાની આણ વર્તતી હતી. મહારાષ્ટ્રની ધરતી ઉપર પેશ્વાઈનાં ઊંડાં બીજ રોપનાર બાજીરાવ બલ્લાળનો નામધારી આ બીજો બાજીરાવ, નામે એક હોવા છતાં કામે એનાથી ઊલટો જ નીવડ્યો. પડતી પેશ્વાઇને ટકાવી રાખવાની એનામાં લાંબી પહોંચ નહોતી, હિંમત પણ નહોતી. હિંદુપત પાદશાહીના તૂટતા જતા ભગવા ઝંડાની શાન ટકાવી રાખવા એક દૂબળોપાતળો બ્રાહ્મણ ભગીરથ પ્રયત્ન આદરી રહ્યો હતો. એ હતો નાના ફડનવીસ. ઇતિહાસને પાને સમય અને સંજોગોને અનુકૂળ ભગવાન કૌટિલ્યને પણ બે વાત નવી શીખવે એવી એની શાખ હતી. પૂના એટલે મરાઠી સામ્રાજ્યનું પાટનગર અને નાના ફડનવીસ એ પૂનાનો, એ મરાઠી સત્તાનો આધારસ્થંભ. તવારીખને પાને એમાંથી એક કહેવત આલેખાઈ છે: 'જબ તક નાના તબ તક પૂના.' એવા એ નાના જીવતાં મરાઠી સત્તામાં ફાચર મારવાનું ખુદ કંપની સરકારનું પણ ગજું નહોતું. નાના ફડનવીસના નામની એ પરદેશીઓના દિલમાં એવી તો સજ્જડ ધાક હતી કે સત્તાભૂખી કંપની સરકાર, મરાઠી સત્તાના પાકેલા ફળને, ગમે તેટલી ઇચ્છા હોવા છતાં, હાથ લગાડી શકતી નહોતી.

નાના ફડનવીસના હવે આખરી દિવસો હતા. એક વહેલી સવારે મૂર્ખ બાજીરાવ ખટપટિયાઓની જાળમાં ફસાયો ને એમણે સુઝાડેલી અવળી બુદ્ધિથી દોરવાઈ નાના ફડનવીસને કેદ કર્યો. નાનાથી ડરીને ચાલતા માનવીઓનાં મન પરથી નાનાની ધાકનો પરદો હઠી ગયો. નાના ફડનવીસ 'અજેય' છે એવી ભ્રમણા દૂર થઈ. ન થવાનું થઇ ગયું. બાજીરાવને જોકે પોતાની આ ભૂલ પાછળથી સમજાઈ, પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હતું.

દુશ્મનોને કંપાવતો નાના ફડનવીસ પોતાની પાસે છસો જેટલા અરબ અંગરક્ષકોની ફોજ નિભાવતો. એ અરબ ટુકડી પર નાનાનો એટલો તો દાબ હતો કે નાનાની હાજરી માત્રથી એ ટુકડીનો એકેએક અરબ ધ્રૂજતો. પણ બાજીરાવે કરેલી માત્ર એક જ ભૂલથી એ અરબ ટુકડીના મન ઉપર નાના પણ માત્ર સામાન્ય માનવી હોવાની છાપ ઘેરી બની. ઈ. ૧૮૦૦ની ૧૯મી માર્ચની મધ્ય રાત્રે મરાઠી સત્તાનો એ આખરી સૂરજ નાના ફડનવીસ–સદાને માટે આથમી ગયો.

નાનાને એ આખરી દિવસોમાં બહારના અને આંતરિક દુશ્મનો ઉપરાંત નાણાંભીડ પણ એટલી રહેતી કે પોતાના અરબ અંગરક્ષકોનો પગાર પણ આપી શકતો નહોતો.

દુશ્મનોનાં હૈયાંને સદા ય કંપાવતો નાના મરણ પામ્યો, ને ગઈ કાલ સુધી નાના સાથે વફાદારીના કોલથી બંધાએલા એ પરદેશી અરબોને પોતાની વફાદારી પૂરી થઈ લાગી. ને...ઇતિહાસને પાને કદી પણ ન નોંધાયું હોય એવું પગલું એ ભાડૂતી સિપાઇઓએ ભર્યું: શ્રીમંત બીજા બાજીરાવ પેશ્વા અને રાજ્યના મોટા મોટા અધિકારીઓ-સરદારોની હાજરીમાં એ ભાડૂતી સિપાઈઓએ પોતાના એક વેળાના માલિક નાના ફડનવીસના મૃત દેહનો કબજો લીધો. પોતાનો બાકી રહેતો પગાર અદા કર્યા પછી જ નાનાના મૃત દેહને સોંપવા એ માથાભારે અરબોએ હઠ પકડી. માત્ર છસો જેટલા અરબ સિપાઈઓનો બાકી પગાર ચૂકવવા માટે પેશ્વા બાજીરાવ પાસે નાણાં નહોતાં એવું નહોતું. પરંતુ એ સ્વાર્થી પેશ્વાએ પોતાના નિમકહલાલ રાજસેવકના મૃત દેહની દુર્દશા થતી મૂગે મોઢે જોયા કરી. રાજ્યના સરદારો પણ આ વાટે જતી ઉપાધિ વહોરવા તૈયાર ન થયા.

રાત વધતી હતી. સવાર પડતાં તો નાનાના મૃત દેહને અવલમંજલ પહોંચાડવો જ જોઈએ. પેશ્વા અને મરાઠી સત્તાના અન્ય સરદારોનાં મોઢાં પર શાહી ઢળી ગઈ. માત્ર છસો સામાન્ય અરબો મહાન મરાઠી સત્તાને પડકારી રહ્યા હતા એ વાતની નામોશી ટૂંકી બુદ્ધિના પેશ્વાના અંતરમાં ન ઊતરી. મરાઠી સત્તાના આધારસ્તંભ નાના ફડનવીસના મૃત દેહને અટકાવતા અરબોને ડારવાની કોઇમાં હામ નહોતી જણાતી.

છત્રપતિ શિવાજી મહારાજે સ્થાપેલી હિંદુપત પાદશાહીની સ્થિરતાથી આકર્ષાઇને ભારતભરના વેપારીઓની કોઠીઓ ત્યારે પૂનામાં પડી હતી. વેપાર ને વેપારી શાખમાં આગવું સ્થાન ધરાવનાર ગુજરાત તો એમાંથી બકાત કેમ રહે? કાશ્મીરથી કન્યાકુમારી, ને દૂર દૂર આફ્રિકાનાં બંદરોમાં પણ ગુજરાતી વેપારીનો બોલ સવાલાખનો ગણાતો. કોઇ લખ–લખાપત વિના ગુજરાતી વેપારીનો માત્ર બોલ જ હૂંડી જેવો ગણાતો. એવી શાખ-આબરૂ લઇને વડોદરાના બે શરાફ ભાઇઓએ ત્યારે પૂનાની ધરતી પર પોતાની પેઢી નાખી હતી. એ બે ભાઈઓ તે હરિભાઈ અને ભક્તિભાઇ. એ બે ભાઈઓના મજિયારા વેપારમાંથી થયો હતો 'હરિભક્તિની પેઢી'નો જન્મ.

આ બે ભાઇઓ મૂળ તો વાઘોડિયા પાસેના માડોધર ગામના. ગામડા ગામેથી ખભે ખડિયો ને હાથમાં દોરીલોટો લઈ વડોદરામાં આવેલા. પણ...શ્રદ્ધાનું ભાતું ને સચ્ચાઈની મૂડી એમની પાસે હતી. એના બળે એ પેઢી એવી જામી કે દિલ્હીના બજારમાં પણ હરિભક્તિની હૂંડી સ્વીકારાતી ને દક્ષિણમાં ખુદ નિઝામ પણ એનો મોભો જાળવતો.

નાના ફડનવીસના મૃત્યુના પ્રસંગે શેઠ હરિભક્તિની પેઢીમાં મુખ્ય મુનીમપદે દુલ્લભદાસ મુનીમ હતા. નાના ફડનવીસ અને શેઠ હરિભક્તિ વચ્ચે સગા ભાઈનો નાતો હતો. ગુજરાત સાથેના કામમાં નાના ફડનવીસ શેઠ હરિભક્તિને પૂછીને પગલું મૂકતા. વહેલી સવારે નાનાની સ્મશાનયાત્રામાં જોડાવા દુલ્લભદાસ મુનીમ નાનાના મુકામે પહોંચ્યા, ત્યાં એમણે પોતાના શેઠના એક જાંનિસાર મિત્રના મૃત દેહની અવહેલના થતી જોઈ.

ઘડીભર માટે મુનીમ દુલ્લભદાસ વિચારમાં પડયા. અરબોને ચૂકવવાની રકમ નાનીસુની નહોતી. શેઠ પોતે જો પૂનામાં હાજર હોત તો જુદી વાત હતી. પણ એ તો વેપારના કામે વડોદરા ગયા હતા.

પણ એ ગુજરાતી પેઢીના ગુજરાતી મુનીમે ઘડીના છઠ્ઠા ભાગમાં નિર્ણય કરી લીધો, ને ઉતાવળા પગલે અરબ જમાદાર પાસે જઈને હાકોટો કર્યો: 'જમાદાર! શું માલિકના મૃત

દેહનું આવું અપમાન કરવાનું તમારો મજ-હબ શીખવે છે?'

એક સામાન્ય દેખાતા ગુજરાતી વાણિયાના આ પડકારથી આંખો વધુ કરડી બની. પણ એથી જરા યે ડર્યા વિના દુલ્લભદાસે આગળ સવાલ કર્યો: 'તમારે તમારો પગાર જોઈએ છે ને? તો જાઓ, શેઠ હરિભક્તિની પેઢી એ રકમ માટે જામીન થાય છે,'

'અરબ બેરખના બાકીપગાર માટે શેઠ હરિભક્તિની પેઢી જામીન થાય છે? અને પેઢીનો માલિક નહિ પણ એક મુનીમ એ વાતની જાહેરાત કરે છે?' ત્યાં ટોળે વળેલાં સૌ જાણે વીજળી પડી હોય એમ ચમકી ઊઠ્યાં. સાંભળનારનાં મોં આશ્ચર્યથી પહોળાં થઇ ગયાં.

કેટલાક હિતેચ્છુઓએ તો મુનીમ દુલ્લભદાસને ખૂણામાં ખેંચી જઈ બે અક્ષર શિખામણના પણ સંભળાવ્યા: 'અરે દુલ્લભદાસ! તમારું તે કાંઈ ખસી ગયું છે કે શું? કાલ ઊઠીને તમારો શેઠ આ રકમ નહિ કબૂલે તો શું કરશો? જાત વેચતાં ય પૈસા પૂરા નહિ થાય.'

પણ મુનીમ તો માત્ર આટલો જ જવાબ આપતા હતા: 'મારા શેઠ અને નાના ફડનવીસ વચ્ચે સગા ભાઇનો નાતો છે. એમની ગેરહાજરીમાં એક મર્દ મિત્રના મૃત દેહની અવદશા થાય એ કેમ સાંખી રહેવાય? અને હું મારા શેઠને તમારા કરતાં વધારે ઓળખું છું, એને પૈસા કરતાં બોલની કિંમત—દોસ્તી અને શાખની કિંમત વધારે છે.'

બસ, થઈ રહ્યું. શેઠ હરિભક્તિની પેઢીનો કોલ મળી ચૂક્યો હતો. એ કોલ કોઈ સામાન્ય માનવીનો નહોતો. દિલ્હીના બાદશાહી દરબારમાં પણ જેના બોલની શાખ હતી એ પેઢીનો મુનીમ બાકી પગારની જંગી રકમ માટે જામીન થતો હતો. પછી અરબ જમાદારને બીજું શું જોઈએ? એણે તલવાર મ્યાન કરી ને અદબથી દુલ્લભદાસને સલામ કરી બાજુ પર હટી બોલ્યો: 'અચ્છા, આપકી જમાનત કાફી હય.'

નાના ફડનવીસના મૃત દેહને અરબ સિબંદીના કબજામાંથી છોડાવવા ખુદ પેશ્વા તૈયાર ન થયા, તેના સરદારોએ હિંમત ન ભીડી, ત્યારે એક ગુજરાતી પેઢીના ગુજરાતી મુનીમે માલિકની ટેક પર વિશ્વાસ રાખી કોલ આપ્યો. મહારાષ્ટ્રના ધરતી પર એક ગુજરાતી પેઢીના મુનીમે ગુજરાતની શાન વધારી આ અમર પ્રસંગ પૂનાના રાજદફતરે નોંધાએલો છે.

આ પ્રસંગ તો બન્યો અઢારસોની સાલમાં પણ તે પહેલાં એક પ્રસંગ બની ગયો હતો. તળ વડોદરામાં જ્યાં આ પેઢીના સ્થાપકોનો ઉદય થયો હતો ત્યાં પણ ગાયકવાડ સરકારે શેઠ હરિભક્તિને પોતાના પારેખ નીમી એમનું બહુમાન કરેલું. એક વાર ખુદ પેઢીની આંટ પણ હચમચી ઊઠે એવો કટોકટીનો પ્રસંગ ઊભો થયો. વડોદરાના ગાયકવાડ પાસે પેશ્વા સરકારનું રૂપિયા એક કરોડનું લેણું બાકી નીકળતું હતું. એ રકમ બાંધી મુદતમાં એકીસાથે ભરવાનો પેશ્વા તરફથી તકાદો થયો. ત્યારે ગાયકવાડની નજર પોતાના પારેખ શેઠ હરિભક્તિ પર પડી. અને શેઠ હરિભક્તિએ પોતાના મહારાજાની પ્રતિષ્ઠાને પોતાની ગણી, એકી કલમે રૂપિયા એક કરોડ પેશ્વાને ભરી દીધા!

એ એક એવો કાળ હતો કે જ્યારે ક્યાં ય સલામતી નહોતી, ક્યાંય સ્થિરતા નહોતી. એવે વખતે, પોતાનાં નાણાં પાછાં ફરશે કે કેમ તેની ચિંતા કર્યા વિના, માત્ર ગુજરાતી વેપારીની આંટ ખાતર ગુજરાતના આ શાહ સોદાગરે કોથળીનાં મોં ખુલ્લાં મૂકી દીધાં. ને 'ગુજરાતી' વેપારીનો બોલ એટલે ત્રાંબાને પતરે લખાએલો લેખ' એ વાતને સાબિત કરી બતાવી.

* આના દસ્તાવેજી પુરાવા માટે 'પૂના બાર નાત મહાજનનો ઇતિહાસ'ના કર્તા શ્રી ગોવિંદદાસ શાહ જ ખરા યશના અધિકારી છે.

અનુસંધાન] **રામગોપાલ** [પૃ. ૪૭૨થી

અમેરિકામાં પ્રયોગો રજૂ કર્યા અને પછી લંડન જઈ સ્થાયી થયા.

એમના જીવનમાં આશ્ચર્યકારક આકસ્મિક ઘટનાઓએ ઘણો ભાગ ભજવ્યો છે. ઢગલો ધન મળ્યું છે તો ઘરબાર વેચી ફિલ્મોમાં નૃત્ય-દિગ્દર્શક તરીકેની નોકરી લઈ પાઇએ પાઈ ચૂકવવી પડે તેટલું પહાડ જેટલું દેવું પણ માથે ચડી ગયું છે. ટૂંકમાં, જીવ પૂરો કલાકારનો. આવે એવું જ વાવરતાં વાર નહિ. જીવ ઉદાર, અને સૌ પર વિશ્વાસ મૂકી કામ કરે. વ્યવહારુ ઓછા એટલે '૫૬માં એડિનબરસ ફેસ્ટિવલમાં ભારત વતી નૃત્યો રજૂ કરવાનું બીડું ઝડપ્યું ને ગાંઠનાં ગોપીચંદન કર્યાં! સરકાર સાથે કામ પાડવાનું ને ખર્ચ તો કહે લખલૂટ! તેમાં આપદા આવી પડી. ધાર્યા કરતાં બજેટ કરતાં ઝાઝું વેતર્યું અને પસ્તાયા. દરેક કલાકારને ફાળે જે કરુણ ઘટના નિર્માઇ હોય છે તેવી રામગોપાલને લલાટે પણ ચીતરાઇ હતી. ૧૯૫૬ પછી તેમની કળાનાં તદ્દન વળતાં પાણી થયાં છે.

મેં એમનાં, એકમાત્ર 'Lord Shiva Danced' (હિંદીમાં 'શિવ-નાચ') નામે બર્માશેલના પબ્લિસિટી વિભાગે બનાવેલી ફિલ્મમાં જે નૃત્યો મઢાયાં છે તે જ જોયાં છે. એ જોઇને રામગોપાલની નૃત્યકળા માટે બહુ ઊંચો આદર બંધાય એવું નથી. પણ તેમના સહકાર્યકરો, નૃત્યના સંમાન્ય વિવેચકો, અધિકારી જાણકારો ને સાથીદારો પાસેથી સાંભળવા મળ્યું છે કે રામગોપાલના ભરતનાટ્યમના શાસ્ત્રીય પ્રકારનાં નૃત્યો આકર્ષક હતાં. 'બૅલે' તો જોયાં નથી, પણ શ્રી રજની લાખિયા અને કુમુદિની લાખિયા તેમજ શ્રીમતી મૃણાલિની સારાભાઇ પાસેથી જાણવા પામ્યો છું કે રજૂઆત ઘણી આકર્ષક અને ભારતીય નૃત્યોની પ્રતિષ્ઠાને જેબ આપે તેવી. એ ત્રણે કલાકારોએ સારો એવો વખત સાથે મળીને પણ કાર્યક્રમો રજૂ કર્યા છે.

કલાકાર તરીકે ઉદયશંકરની જેમ જ એમણે દંતકથાના લોકપ્રિય પાત્ર જેવી કીર્તિ મેળવી. દુનિયાભરના નૃત્યક્ષેત્રના અગ્રણીઓ, આચાર્યો મહારથીઓ બધાની જોડાજોડ સ્થાન મેળવ્યું. ભારતીય નૃત્યોની પ્રતિષ્ઠા ભારત સોંસરી સંસારભરમાં પ્રસારી. માર્થા ગ્રેહામ, સેસિલ દ મીલ, (અવસાનપૂર્વે લંડનમાં રામગોપાલનાં નૃત્યો જોવા ગએલા), માર્ગો ફોન્તેઈન, એલિસિયા માર્કોવા (એમની જોડે 'રાધા અને કૃષ્ણ' 'બૅલે' રજૂ કર્યો: જુઓ ને સરખાવો: 'ઉદયશંકર અને પાવલોવા'નું ચિત્ર ને પ્રયોગ) વગેરે જોડે તે ઘનિષ્ઠ સંપર્કમાં આવેલા તથા રંગમંચ-વિષયક ચર્ચા-વિચારણા કરેલી. આજે હવે લંડનમાં 'સ્ટૂડિયો' (નૃત્યશિક્ષણ માટે એક ખંડ) ભાડે રાખી નૃત્યશિક્ષણ આપે છે. વય હાલ ૫૩ વર્ષનું છે, છતાં કળાય નહિ એટલી સ્ફૂર્તિ ધરાવે છે. અંગ્રેજી ચિત્રકાર મિસ કે અમ્બ્રોઝના સહયોગમાં Classical Dances and Costumes of India નામે સચિત્ર સુંદર પુસ્તક લખ્યું છે. ઉપરાંત સિરોઝ દાદાચાનજી નામે લેખક જોડે નૃત્ય-વિષયક અન્ય પુસ્તક લખ્યું છે. ત્રીજું તે 'રીધમ ઇન હેવન્સ'. નૃત્યમાં રસ હોય તે સૌને આ ત્રણે વાંચવાની ભલામણ છે.

અમેરિકા અને આપણે

અમેરિકાના છેક વાયવ્ય ખૂણે આવેલી એક યુનિવર્સિટીમાં અધ્યાપન માટે ગએલા આપણી ગુજરાત યુનિવર્સિટીના જાણીતા ગણિતીએ પોતાના કુટુંબનાં બાળકો પર લખેલા પત્રોમાં ત્યાંનાં શૈક્ષણિક અને સામાજિક પાસાંઓનું કરાવેલું રોચક દર્શન

ડૉ. પ્રફુલ્લ ચુ. વૈદ્ય

તા. ૨૫-૧૦-૧૯૬૪ **૧**

વહાલાં બાળકો,

સાલ મુબારક! આજે ૨૫મી ઑક્ટોબર છે. આજથી અહીં ટાઇમ બદલાય છે. ગઇ કાલે રાતના ૨ વાગ્યે વૉશિંગ્ટન રાજ્યનાં બધાં ઘડિયાળ ૧ કલાક પાછળ મૂક્યાં. એટલે રવિવાર હોવાથી અમે સવારે ૮-૦ વાગ્યે ઊઠયાં અને ઊઠીને ઘડિયાળ એક કલાક પાછળ મૂકી અને સાત વાગ્યે ઊઠયાનો સંતોષ લીધો! અહીં શિયાળામાં સૂર્યોદય બહુ મોડો થાય. સવારે આઠ વાગ્યે સૂરજ ઊગે એ કાંઈ સારું લાગે? એટલે ઘડિયાળ પાછળ મૂકીને તે વખતે સાત વગાડી દીધા!

આ ટાઈમ ૨૫મી ઍપ્રિલ સુધી ચાલુ રહેશે. હવે અમારી ઘડિયાળ તમારા કરતાં સાડા અગિયાર કલાક પાછળ છે. તમે સોમવારે સવારે ૯-૩૦ વાગ્યે જમવાની તૈયારી કરતાં હો ત્યારે અમે અહીં રવિવારે રાત્રે ૯-૦ વાગ્યે ટી. વી. ઉપર 'સન્ડે નાઈટ મૂવી' જોતાં હોઇએ!

અમેરિકામાં નાતની બોર્ડિંગ!

તમને આ મથાળું વાંચીને નવાઈ લાગશે. આપણે ત્યાં પાટીદાર બોર્ડિંગ, જૈન બોર્ડિંગ, નંદવાણા બ્રાહ્મણ બોર્ડિંગ વગેરે ચોક્કસ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેનાં ખાસ છાત્રાલયો હોય છે. કેટલીક કૉલેજો તો પોતાની પત્રિકામાં ગર્વથી જાહેર કરે છે કે કૉલેજના છાત્રાલય ઉપરાંત ગામમાં જુદીજુદી જ્ઞાતિનાં ૨૦ જેટલાં બીજાં છાત્રાલયો છે!

આવાં 'જ્ઞાતિનાં છાત્રાલયો' મેં અહીં અમેરિકામાં પણ જોયાં અને મને ખૂબ નવાઈ લાગી. આમ તો મારુ ધ્યાન ન જાય, પણ આ છાત્રાલયોને ગ્રીક એબીસીડી (આલ્ફાબેટ) પ્રમાણે નામ અપાય છે. મારે રોજ યુનિવર્સિટી જવાનો રસ્તો બી સ્ટ્રીટથી જાય છે. આ બી સ્ટ્રીટ ઉપર એક મકાન પર 'બીટા થીટા પાઈ' (Beta Theta Pai) તો બીજા મકાન પર ફાઈ, ઓમેગા' (Phi, Omega) લખેલું છે. હવે આ બીટા (Beta—આપણે તેનો ઉચ્ચાર બીટા કરીએ છીએ પણ અહીં તેનો ઉચ્ચાર બેટા થાય છે) થીટા, પાઈ, ઓમેગા એ બધા ગ્રીક ભાષાના અક્ષરો છે. પાઈને તો તમે ઓળખો છો. તે π એમ લખાય. ગ્રીક અક્ષરો $\alpha, \beta, \gamma, \delta, \epsilon, \pi, \omega$ (આલ્ફા, બીટા, ગેમા, ડેલ્ટા, એપ્સીલોન, પાઈ, ઓમેગા) વગેરેમાંથી બેત્રણ અક્ષરો પસંદ કરીને મકાન પર લખેલા હોય. મને થયું કે આ મકાનોમાં ગણિતપ્રેમીઓ વસતા હોવા જોઇએ, જેથી મકાન પર આલ્ફા, બીટા, થીટા વગેરે લખે છે.

પણ તપાસ કરતાં ખબર પડી કે આ ગ્રીક મૂળાક્ષર નામધારી મકાનો તો છાત્રાલયો છે! છોકરાઓનાં આવાં છાત્રાલયોને ફ્રૅટર્નિટીઝ (fraternities) કહે છે, તથા છોકરીઓનાં છાત્રાલયો સૉરોરિટીઝ (sororities) કહેવાય છે. ગમે તે વિદ્યાર્થી આ છાત્રાલયમાં દાખલ થઈ ન શકે; પરંતુ જેમ રોટરી ક્લબના મેમ્બર થવાય તેમ આ છાત્રાલયના પણ મેમ્બર થવાય. કોઈ પણ એક છાત્રાલય લઇએ: દા૦ત૦ β, ω, α, (બીટા, ઓમેગા, આલ્ફા). આ ફ્રૅટર્નિટીની શાખાઓ અમેરિકાભરમાં પ્રસરેલી હોય. અને સામાન્યરીતે તે ફ્રૅટર્નિટીના સભ્યનાં બાળકો તે જ ફ્રૅટર્નિટીમાં સોગંદવિધિ કરીને દાખલ થાય. જુદીજુદી ફ્રૅટર્નિટીના વિદ્યાર્થીઓ એકબીજા સાથે હળેભળે ખરા, પરંતુ કોઈ પણ ફ્રૅટર્નિટીમાં નહિ જોડાએલા વિદ્યાર્થી સાથે તેને ઝાઝો સંપર્ક નહિ. જુદીજુદી ફ્રૅટર્નિટી ને સૉરોરીટીમાં જોડાએલાં છોકરા છોકરીઓ સામાન્ય રીતે ફ્રૅટર્નિટી ને સૉરોરીટીમાં જોડાએલાં સાથે જ લગ્ન કરે.

આ ફ્રૅટર્નિટી કે સૉરોરીટી માટે તેમાં જોડાએલાં વિદ્યાર્થીઓને ખૂબ ગર્વ હોય છે. તેમનાં સ્વેટરો પર પોતાના ગૃહના ગ્રીક અક્ષરો ભરેલા હોય, કોટ કે બ્લેઝર ઉપર પણ γ, Λ, A (ગેમા, લેમ્ડા, આલ્ફા કૅપીટલ) કે એવા સૂચક મૂળાક્ષરો હોય. તેમની મોટરો પર પણ આવા અક્ષરો હોય. આ બધું જોયું ત્યારે મને યાદ આવ્યું કે અમારા વખતમાં નિશાળમાં પાણી પીવાના પ્યાલા ઉપર 'બ્રાહ્મણ', 'વાણિયા' એવાં નાતનાં નામ લખેલાં હતાં. તેમાં 'નાગર' નામનો પ્યાલો નહોતો. તેથી એવો પ્યાલો ન આવ્યો ત્યાં સુધી નાગરોએ નિશાળમાં પાણી ન પીધું! પોતાની ફ્રૅટર્નિટી માટે ગર્વ અનુભવતા ને અન્ય 'સામાન્ય' વિદ્યાર્થીઓ સાથે ઝાઝો સામાજિક સંપર્ક ન રાખતા આ અમેરિકન વિદ્યાર્થીઓને જોઈ મને આ 'નાગરો' યાદ આવ્યા.

દર અઠવાડિએ આવો એક પત્ર લખવાનું નક્કી કર્યું છે તે મુજબનો આ પહેલો પત્ર છે. —લિ. કાકાના આશીષ

તા. ૧-૧૧-૧૯૬૪ **૨**

વહાલાં બાળકો,

મને લાગે છે કે આ કાગળ બરાબર બેસતા વર્ષે કે બીજને દિવસે તમને મળશે. એટલે ખરી રીતે તો આ કાગળમાં સાલમુબારક લખવા જોઈએ. માટે... સાલમુબારક!

અહીં અમેરિકામાં ઘણી વાત આપણા કરતાં તદ્દન વિપરીત-ઊંધી હોય છે. આપણે ત્યાં વાહન રસ્તાની ડાબી બાજુ ચાલે છે, અહીં તે રસ્તાની જમણી બાજુ ચાલે છે. એ જ પ્રમાણે અહીં પગે ચાલનાર રસ્તાની ડાબી બાજુ ચાલે ત્યારે આપણે ત્યાં જમણી બાજુએ. (એલિસબ્રિજ પર 'જમણી પગથી પર ચાલો' એમ લખેલું છે તે જોયું છે?)

આજે પહેલી નવેમ્બર છે. આપણે તેને ૧-૧૧-૬૪ એમ લખીશું; અહીં તે ૧૧-૧-૬૪ એમ લખાય છે! આપણે ત્યાં પહેલાં તારીખ ને પછી મહિનો, જ્યારે અહીં પહેલાં મહિનો ને પછી તારીખ એવો ક્રમ છે. શરૂઆતમાં તો ૧૦-૨૯-૬૪ જેવું વાંચીને આપણને આશ્ચર્ય થાય, પણ પછી મનમાં ઘડ બેસે કે આ તો આપણું ૨૯-૧૦-૬૪ છે!

એવું જ અહીં બારણાના આગળિયા વિષે છે. અમદાવાદના આપણા ઘરની બહાર ઊભા હો અને મુખ્ય બારણું (સિંગલ બારણું) ખોલવું હોય તો આગળિયે મારેલું તાળું તમારી ડાબી બાજુએ આવે છે. અહીં અમારા બ્લૉકની બહાર ઊભા રહી બારણું ખોલવું હોય તો તાળું જમણી બાજુએ આવે! આપણાં સિંગલ બારણાંને જે બાજુ મિજાગરાં હોય તે બાજુ અહીં આગળિયો હોય અને જે બાજુએ ત્યાં આગળિયો હોય તે બાજુએ અહીં મિજાગરાં!

આપણે ત્યાં વિદ્યાર્થી પરીક્ષા 'આપે' છે ને શિક્ષક પરીક્ષા 'લે' છે. અંગ્રેજીમાં કહીએ તો Student gives examination; teacher takes examination. અહીં ઊંધું: આ શુક્રવારે 'મેં પરીક્ષા આપી અને મારા વિદ્યાર્થીઓએ પરીક્ષા લીધી!' રખે એમ સમજતાં કે મારા વિદ્યાર્થીઓએ પેપર કાઢ્યો ને મેં સવાલોના જવાબ લખ્યા. પેપર મેં

કાઢ્યો, વિદ્યાર્થીઓએ તેના જવાબ લખ્યા; પણ અહીં આ પરિસ્થિતિ માટે નીચે પ્રમાણે વાક્યરચના વપરાય છે: The teacher gives examination and the students take examination!

શાળા-કૉલેજમાં બધે જ મોટા ભાગના વિદ્યાર્થીઓ અહીં પેન્સિલથી લખે છે અને પેન્સિલની પાછળ રહેલા રબરથી જરૂર પડે તે ભૂંસે છે. ભલભલા એમ.એ. ને પીએચ.ડી.ના વિદ્યાર્થી પણ સાદી પેન્સિલથી જ લખે છે. શાહીવાળી ઈન્ડીપેન તો કોઈ વિદ્યાર્થી વાપરતો જ નથી. કોઈક બૉલપેન કદાચ વાપરતો હોય; બાકી બધા જ પેન્સિલ વાપરે છે. આપણે ત્યાં બી.એ. તથા એમ.એ.ની ડિગ્રીઓ છે; એ જ ડિગ્રીને અહીં એ.બી. તથા એ.એમ. કહે છે.

આ બધાનું ભલા શું કારણ હશે? આ નવા ખંડમાં વસનારા લોકોએ વિચાર્યું હશે, કે ચાલો આપણે દુનિયાથી કાંઇક જુદું કરીએ અને તેથી આમ આપણાથી વિરુદ્ધ પ્રકારનો વર્તાવ નક્કી કર્યો હશે? પણ એવું વિચારતાં પહેલાં એક વાતનું ધ્યાન રાખવું જોઈએ. ઉપર જે બાબતોમાં મેં 'આપણી' એમ લખ્યું તે ખરી રીતે 'આપણી' નહિ અંગ્રેજોએ આપણને શીખવેલી વાતો છે. જે જે સરખામણી ઉપર કરેલી છે તે બધી વસ્તુઓ અંગ્રેજો આવ્યા પછી આપણે ત્યાં દાખલ થએલી છે. એવું ન બને કે દુનિયા બધી એક રીતે કાર્ય કરતી હોય અને અંગ્રેજો દુનિયા કરતાં જુદી રીતે કરતા હોય? આપણે આ જુદી રીત શીખ્યા હોઈએ અને અમેરિકાવાળા દુનિયાની સામાન્યરીતે જ કાર્ય કરતા હોય અને તેથી આપણને તે આપણાથી જુદા લાગે? ફ્રાન્સ, જર્મની, જાપાન વગેરે દેશોમાં આ બધું કેમ થાય છે તે જાણ્યા પછી જ આપણે કહી શકીએ કે ઇંગ્લંડવાળા જુદા પડે છે કે અમેરિકાવાળા.

અહીં ૩જી નવેમ્બરે સામાન્ય ચૂંટણી થવાની છે. ચૂંટણીમાં મતદાન મશિનથી થાય છે! એ વિષે આવતે રવિવારે લખવા વિચાર છે.

—લિ. કાકાના આશીષ

૩

તા. ૮-૧૧-૧૯૬૪

વહાલાં બાળકો,

ગયે મંગળવારે તા ૧૧-૩-૬૪ (૧૧-૩માં તો સમજી ગયાં ને?) ને રોજ અહીં સામાન્ય ચૂંટણી હતી. ચૂંટણીને દિવસે રજા નહોતી! પ્રમુખની ચૂંટણીમાં બૅરી ગોલ્ડવૉટર સખ્ત રીતે હાર્યો.

અહીં ચૂંટણીનો ઘણોખરો પ્રચાર રેડિયો અને ટેલિવિઝન (ટૂંકું રૂપ ટી. વી.) ઉપર જ થાય છે, અને પ્રચારમાં સ્પષ્ટ સિદ્ધાન્તોની ચર્ચા મુખ્યત્વે હોય છે. છતાં સામસામા આક્ષેપો અને ગાળાગાળી પણ ક્વચિત્ થાય છે! સિદ્ધાન્તોની ચર્ચાનો એક નમૂનો લઈએ:

ગોલ્ડવૉટરની પ્રચાર-સમિતિનો પ્રમુખ ટી.વી. ઉપર ગોલ્ડવૉટરને સવાલ પૂછે (ટી. વી. ઉપર સિનેમા જોતાં હો તેમ બધું દેખાય ને સંભળાય): 'હેલો, સેનેટર ગોલ્ડવૉટર! અણુવિકસિત દેશોને અમેરિકન આર્થિક મદદ આપવા વિષે આપનો શો મત છે?' પછી ગોલ્ડવૉટર જવાબ આપે: 'અણુવિકસિત દેશોને મદદ આપવામાં હું માનું છું; પણ જે દેશોની વિદેશનીતિ આપણી વિદેશનીતિને અનુસરતી હોય તેમને જ મદદ આપવામાં હું માનું છું.' પછી પેલો પ્રચારક પ્રેક્ષકોને ઉદ્દેશીને બોલે: 'In your heart you know he is right. Vote for Barry Goldwater.' (તમારા હૃદયમાં તમે જાણો છો કે તે સાચો છે. ગોલ્ડવૉટરને મત આપો.) આ પ્રમાણે ગોલ્ડવૉટરના સિદ્ધાન્તોના મુખ્ય મુખ્ય મુદ્દા ટી. વી. ઉપર આવે અને છેલ્લે પેલો પ્રચારક બોલે: 'ઈન યૉર હાર્ટ યૂ નો હી ઈઝ રાઈટ'. 'આ વાક્ય ગોલ્ડવૉટરના પ્રચારનું સ્લોગન(નારો) થઈ ગયું હતું.

એક દિવસ અમારી યુનિવર્સિટીના દૈનિક 'એવરગ્રીન'માં બે લીટીની એક જાહેર ખબર વાંચી. એમાં આટલું જ લખ્યું હતું: 'In your heart you know. he is nuts.' (nuts એટલે ગાંડિયો!)

મતદાનનું મશિન

મતદાન કરવાની મતપેટીની જગ્યાએ અહીં મશિન હોય છે. આમ તો આપણને મોટું પાટિયું જ દેખાય, જેના ઉપર ચૂંટણીમાં ઊભા રહેલાનાં નામ હોય અને દરેક જગ્યા (પ્રમુખ, પાર્લમેન્ટનો સભ્ય, ગવર્નર વગેરે) સામે એક હાથો હોય. મુંબાઈમાં પરાંની ગાડીઓના આવવા-જવાના સમય વગેરે દર્શાવવા માટે ચર્ચગેટ, બોરીબંદર, ગ્રાન્ટરોડ કે એવાં મોટાં સ્ટેશનોએ ઇન્ડિકેટર હોય છે તેના જેવું આ મશિન દેખાવમાં લાગે. મશિન ઉપર એક લાલ સ્વિચ હોય. પહેલાં એ લાલ સ્વિચ દબાવો એટલે મતદાન ઓરડીના પડદા બંધ થઈ જાય, અંદર લાઈટ ચાલુ થાય અને મશિન મતદાન માટે તૈયાર થઈ જાય. પછી જે જગ્યાઓ માટે મતદાન કરવાનું હોય તે જગ્યાઓના હાથા ફેરવવાના. ધારો કે પ્રમુખની જગ્યા માટે તમારે જૉહ્નસનને મત આપવો છે, તો પ્રમુખની જગ્યા સામેનો હાથો ફેરવવો. હાથો જેમ ફેરવતા જાઓ તેમ જુદાજુદા ઉમેદવારોનાં નામ સામે ચોકડી આવતી જાય. એમ જૉહ્નસનના નામ સામે ચોકડી આવે ત્યાં સુધી હાથો ફેરવો, અને ત્યાં અટકી જાઓ. પછી 'સેનેટ' અને 'હાઉસ ઑવ રેપ્રિઝેન્ટેટિવની (આપણી 'લોકસભા' અને 'રાજ્યસભા'ને મળતાં ગૃહો) બેઠકો માટે મતદાન કરો. એમ જ્યારે બધી જગ્યાઓ માટે મતદાનમાં તમારા ઉમેદવારો સામે ચોકડી આવી જાય એટલે તમારું મતપત્ર અંદર તૈયાર થઈ ગયું હોય. આટલું થઈ ગયા પછી ફરી પાછી પેલી લાલ સ્વિચ દબાવો એટલે તમારા સઘળા મતો મશિનમાં નોંધાઈ જાય, બધી ચોકડીઓ નીકળી જાય, બધા હાથા સીધા થઈ જાય અને તમે મત આપી બહાર નીકળી જાઓ!

સવારના ૮-૦થી રાતના ૮-૦ સુધી મતદાન ચાલુ રહે. રાત્રે ૮-૦ વાગ્યે જેવું મતદાન પૂરું થાય કે તરત મશિન, દરેક ઉમેદવારને કેટલા મત મળ્યા છે તેનો સરવાળો કરવા માંડે અને જવાબ આપી દે! આમ, આપણે ત્યાં મતદાન પૂરું થયા પછી ૧૨-૧૨ કલાક મત ગણવામાં જાય છે તેને બદલે અહીં ૮-૦ વાગ્યે મતદાન પૂરું થાય અને ૮-૨૫ વાગ્યે તો પરિણામો બહાર પડવા માંડે!

ચૂંટણીના દિવસ અગાઉ એક અઠવાડિયું આ મશિન જાહેર જનતાને જોવા-સમજવા માટે ખુલ્લું રાખે છે, જેથી મતદાન કરતી વખતે પડદા બંધ થઈ જાય ત્યારે કોઈ ગભરાઈ ન જાય.

આ મશિન-પદ્ધતિના ઘણા લાભ છે; પણ એક અણધાર્યો ગેરલાભ આ ચૂંટણીમાં જોવા મળ્યો. અમે અમેરિકાના પશ્ચિમ કિનારા નજીક છીએ, ન્યૂ યૉર્ક અમેરિકાને પૂર્વ કિનારે છે, અને અત્યારે બે કિનારા વચ્ચે સમયમાં દોઢ કલાકનો ફેર છે. એટલે અમારે ત્યાં રાતના ૭-૦ વાગ્યા ત્યારે પૂર્વ કિનારે ૮-૩૦ વાગી ગયા! તેથી ત્યાં ચૂંટણીનાં પરિણામો તૈયાર થઈ ગયાં અને ટી. વી. ઉપર આવવા લાગ્યાં. તે પરિણામો ઉપરથી સ્પષ્ટ દેખાવા લાગ્યું કે જૉહ્નસન જીતે છે અને ગોલ્ડવૉટર બૂરી રીતે હારે છે. એટલે અમારી બાજુ રાતના ૭-૦ થી ૮ ૦ સુધી મતદાન બહુ ઓછું થયું. જે મત આપવાના બાકી હતા અને જેમણે 'જમીને મત આપવા જઈશું' એમ નક્કી કર્યું હતું તેમને મત આપવાનો ઉત્સાહ ન રહ્યો.

ચૂંટણી એ લોકશાહી રાજ્યવ્યવસ્થાનું એક મુખ્ય અંગ છે. આપણી લોકશાહી અને અમેરિકન લોકશાહી પદ્ધતિમાં કેટલાક મૂળભૂત તફાવતો છે. તે વિષે ફરી કોઈક વાર.

—લિ. કાકાના આશીષ

સાહિત્યસંપર્ક

'બન્ધુસમાજ' અને 'ભ્રાતૃસમાજ'

સામાન્ય શિક્ષિતોને જ્ઞાન-સોપાનને પ્રથમ પગથિયે ચડાવનાર મંડળ

હરસિદ્ધભાઈ વ. દિવેટિયા

આ સદીની શરૂઆતમાં ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર સેવા કરી જનાર 'બંધુસમાજ'ના છ સભ્યોના પરિચયો આ અગાઉ ક્રમશઃ આવી ગયા. સાતમા અને છેલ્લા સભ્ય દિનકરરાવ વહાલાભાઈ પ્ર પહેલેથી જ, બીજા સભ્યોના બાલમિત્ર તરીકે, બંધુસમાજના સભ્ય તો થયા હતા, પણ એમણે કાંઈ લખ્યું હોવાનું જાણવામાં નથી. બંધુસમાજની સભાઓ મળે ત્યારે સૌથી થોડું બોલનાર એ હતા. ખારાઘોડામાં મીઠાખાતામાં નોકરી મળ્યા પછી એમણે અમદાવાદ છોડ્યું ત્યારથી એમનો 'સમાજ' સાથેનો સંબંધ બંધ થઈ ગયો હતો.

આવી હતી બંધુસમાજની કારકિર્દી. એનું મૂલ્યાંકન અત્યારે જે સાહિત્યકારો છે તેમની સાથે તુલના કરવાથી નહિ, પણ તે વખતમાં જ્યારે સાહિત્યરસિક પુરુષો અને ખાસ કરીને સ્ત્રીલેખકો ઓછાં હતાં તે સમયની સાથે કરીએ તો જ તેની ગણના 'સાહિત્યની એક કાળની અગ્રેસર સંસ્થા' તરીકે થઈ શકે. એના સભ્યોએ શરૂઆતમાં તો ઉપનામો ધારણ કરીને એમની કૃતિઓ પ્રગટ કરી હતી. બિન્દુભાઇએ જે એક શ્લોકમાં એ બધાં ઉપનામ ગૂંથ્યાં છે તે અગાઉ (૪૯૭મા અંકમાં) પ્રકટ થઈ ગયાં છે.

બંધુસમાજના સભ્યોની કૃતિઓમાં જેવી વિવિધતા હતી તેવી તેમના સ્વભાવમાં પણ હતી. બિન્દુભાઈ સૌમ્ય અને શાંત, સાર્જન્ટરાવ વાચાળ ને મળતાવડા, શિવુભાઈ રમૂજી અને ટીખળી, શંકરરાય ગંભીર ને ભારેખમ, ડાહ્યાભાઈ શાન્ત અને થોડાબોલા, કૃષ્ણરાવ વિનોદી અને એકમાર્ગી, દિનકરરાવ ઓછું બોલનારા પણ સમજણવાળા.

સમાજના કાર્યનું એક પરિણામ એ આવ્યું કે જેમજેમ એમનાં લખાણો લોકો વાંચતા ગયા—ને સાધારણ ભણેલા લોકોને વાંચવા માટે તે સિવાય બીજું શિષ્ટ સાહિત્ય ઘણું ઓછું હતું—તેમતેમ વધારે લોકો (સ્ત્રી તેમજ પુરુષો) માત્ર વાંચતા નહિ પણ લખતા પણ થયા. 'સુંદરી સુબોધ'માં ખાસ કરીને સ્ત્રીઓનાં કાવ્યો તેમજ વાર્તાઓ પ્રગટ થવાની તક મળી. નવા લેખકો પણ વધવા લાગ્યા.

આ સર્વની અસર બન્ધુસમાજના સભ્યોના નિકટ સંસર્ગવાળા યુવકોને થાય એ સ્વાભાવિક છે. પહેલાં તો હું અમદાવાદમાં અવારનવાર જ આવતો. એટલે આ 'બંધુઓ'ની પ્રવૃત્તિ દૂરથી જ જોઈ રહેતો. પણ ૧૯૦૧માં હું જ્યારે અમદાવાદ રહેવા આવ્યો ત્યારથી એમાંના ઘણાખરા મારા સગાસંબંધી હોવાથી હું વધારે નિકટના પરિચયમાં આવ્યો. બિન્દુભાઈ તો અમારા ઘરમાં જ રહેતા ને તેમનું મિત્રમંડળ જ્યારે ભરાતું ત્યારે એમની ચર્ચા પણ સાંભળવાનો મને લાભ મળતો.

એ પરથી અમે પણ એક મિત્રમંડળ શરૂ કર્યું. બિંદુભાઇના નાના ભાઈ કાંતિરાય ઊર્ફે વિન્દુભાઈ એમનાથી પાંચ-છ વરસે નાના હતા. સાધારણ રીતે તો એ પોતાના પિતા પાસે હાલોલમાં રહેતા, પણ અમદાવાદ આવતા ત્યારે એ પણ અમારી સાથે જ રહેતા. એમનું વ્યક્તિત્વ પણ અનોખું હતું. હાઇસ્કૂલમાં જ એમનું શિક્ષણ સમાપ્ત થયું હતું છતાં વાચન-લેખનમાં એ બિન્દુભાઈના જેવા જ હતા. એ બન્ને વચ્ચે ઘણી બાબતોમાં સામ્ય હતું. ૧૯૦૪માં એમના અકાળ અવસાન પછી બિન્દુભાઇએ પ્રકટ કરેલી 'તરંગાવલી'માં એમનાં પણ ત્રણ કાવ્યો પ્રગટ કર્યાં છે ને એમનો પરિચય પણ આપ્યો છે. એમાં બિન્દુભાઈ લખે છે: 'સ્વર્ગસ્થ ભાઈની અને મારી મુખાકૃતિ બહુ મળતી આવતી હતી; તે એટલે સુધી કે અમારા વયમાં કેટલુંક અંતર હોવા છતાં ક્વચિત મળનારા માણસોમાં એકને બદલે બીજાને બોલાવવાની ભૂલ વારંવાર થતી! પરંતુ અમારી બેની વચ્ચે આટલું જ સામ્ય ન હતું. વિન્દુભાઇના અવસાન પછી એના કાગળો, નોટબુકો, લખાણો આદિ જ્યારે મારા જોવામાં આવ્યાં, ત્યારે એમ જ લાગ્યું કે જાણે હું મારા પોતાના લેખો જ વાંચતો ન હોઉં! ભાષા, શૈલી, વિચાર—બધું લગભગ એકસરખું હતું. તફાવત માત્ર વિષયોમાં, અને તે પણ સ્વાભાવિકરીતે હોય તેનાથી ઘણો થોડો! અને છતાં ખૂબી એ હતી કે અમે બહુ વખત સાથે રહી શક્યા ન હતા, એટલું જ નહિ પણ અમારી વચ્ચે એ વિષયોની બાબતમાં વાતચીત કે પત્રવ્યવહાર પણ બહુ જૂજ પ્રસંગે થતાં.'

આવા વિન્દુભાઈ સાથે જ્યારે અમદાવાદમાં મારે રહેવાનું થતું ત્યારે અમારી વચ્ચે આકર્ષણ થયું. સાહિત્ય ઉપરાંત બીજી પણ જાતજાતની વાતોમાં અમારો વખત જતો. રમણભાઇએ તાજો જ લખેલો 'ભદ્રંભદ્ર' અમે લગભગ મોઢે જ કર્યો હતો। એક દિવસ અમને વિચાર આવ્યો કે બન્ધુસમાજવાળાઓએ સંસ્થા સ્થાપી એમનું સાહિત્યજીવન શરૂ કર્યું તો આપણે કેમ ન કરીએ? વિન્દુભાઇને એ વિચાર બહુ ગમ્યો. તે સમયે વિન્દુભા સાથે નિકટ સંબંધમાં આવનાર અમારા ઘરમાં હું અને મારા મોટા ભાઈ રણજિતભાઈ, અમારા સગા ગણપતરાવ પ્ર ને મારા મિત્ર પર્જન્યરાય મ્હેડ એટલા હતા. 'બંધુસમાજ'ની પ્રવૃત્તિ જોઈને અમને વિચાર આવ્યો કે આપણે પણ સાહિત્યના ક્ષેત્રમાં ઝુકાવીએ ને એક મડળ સ્થાપીને કવિતાઓ ને વાર્તાઓ લખીએ. વિન્દુભાઇની સૂચનાથી અમારા મંડળનું નામ 'ભ્રાતૃસમાજ' રાખ્યું ને કામ શરૂ કર્યું. થોડી કવિતાઓ વિન્દુભાઇએ ને મેં લખી; પણ તે છપાવવી ક્યાં? 'વાર્તાવારિધિ'માં અમને સ્થાન મળે તેમ નહોતું. બીજું કોઈ માસિક નહોતું કે જે અમારી આવી પ્રયોગશાળાની કવિતા કે વાર્તા છાપે. છેવટે મને એક વિચાર આવ્યો. અમદાવાદમાં ઘણા વરસથી 'સમશેર બહાદુર' નામનું એક છાપું નીકળતું હતું. તેના માલિક સવાઈભાઈ રાયચંદ મારા પિતાના સહાધ્યાયી હોવાને લીધે એમની સાથે સારો સંબંધ રાખતા અને એમનું એ પત્ર રાજકોટમાં અમારે ઘેર આવતું. એ છાપું એક જુદા જ પ્રકારનું હતું: જાહેર પ્રશ્નોની ચર્ચા કરવી ને જાહેર જીવનમાં કાંઈ પણ અનિષ્ટ વસ્તુ હોય તેને ઉઘાડી પાડવી. એથી કેટલાક લોકો એને રસથી વાંચતા. એ પત્રનો મુદ્રાલેખ એક કાવ્યમાં હતો અને દરેક અંકમાં તે પહેલે પાને છપાતો;

'નિત કલમ અમારી, ચાલશે એકધારી,
વગર તરફદારી, લોકને લાભકારી;
પણ રસમ નઠારી જો જણાશે તમારી,
ચર કલમ ચીતારી, દેઈ દેશે ઉતારી!'

હું એ સવાઇભાઇને મળ્યો ને ઓળખાણ કાઢી, એટલે એમણે અમારાં જે કાંઈ લખાણો હોય તે છાપવાની હા પાડી. કેટલાએક મહિના પછી મેં 'ગુજરાતી પંચ'માં પણ લખવા માંડ્યું. રણજિતભાઇએ તો એની એક વાર્ષિક ભેટનું પુસ્તક પણ લખ્યું. પણ અમારા મુખ્ય

સભ્ય તો વિન્દુભાઈ જ હતા. જેવા બિન્દુભાઈ 'બન્ધુસમાજ'માં તેવા 'વિન્દુભાઈ' 'ભ્રાતૃસમાજ'માં હતા. લોકો 'ભ્રાતૃસમાજ'ને બંધુસમાજની નાની આવૃત્તિ અને વિન્દુભાઇને બિન્દુભાઈની નાની આવૃત્તિ કહેતા.

વિન્દુભાઇ એ ખરેખર સારા અને વળી શીઘ્ર કવિ હતા. ઇ. ૧૯૦૨માં અમારા એક સભ્ય ગણપતરાવનું લગ્ન આવ્યું. લગ્ન-પ્રસંગે વર અને કન્યા તરફથી જુદાંજુદાં મંગલાષ્ટકો રચીને ગાવાનો ત્યારે રિવાજ હતો. મને થયું કે વર તરફથી 'ભ્રાતૃસમાજ'નાં મંગલાષ્ટક ગવાવાં જોઇએ. પણ લખે કોણ? વિન્દુભાઈ તે વખતે હાલોલમાં નોકરી કરતા હતા. મેં એમને મંગલાષ્ટક તરત રચીને મોકલવા લખ્યું. એમને કાગળ મળ્યો ત્યારે એમને ચાંપાનેર જવાનું હતું. ત્યાં તો વખત મળ્યો નહિ, એટલે ત્યાંથી ઘોડા ઉપર હાલોલ પાછા ફરતાં, ઘોડો ચલાવતાં ચલાવતાં, મનમાં મંગલાષ્ટક બનાવીને ગોઠવી દીધાં ને હાલોલ પહોંચીને લખીને તરત મને મોકલ્યાં, તે લગ્નને આગલે દિવસે જ અમને મળી ગયાં. અમારું નાક રહ્યું. મંગલાષ્ટક વખણાયાં ને હજી અમારા સંબંધીઓમાં લગ્ન-પ્રસંગે કોઈકોઈ વાર તે ગવાય છે. 'તરંગાવલી'ના પહેલા ભાગમાં એ છપાયાં છે. વિન્દુભાઈ લાંબું જીવ્યા હોત તો સાહિત્યકાર તરીકે જરૂર પ્રતિષ્ઠા પામત. પણ કમભાગ્યે ૧૯૦૪માં પ્લેગથી એમનું અવસાન થયું. અમારા નવા સમાજનો સ્તંભ તૂટી પડયો.

તો યે અમે અવારનવાર મળવાનું તો રાખ્યું હતું અને એની પાછળ અમારો વખત પણ સારો કાઢતા. બિન્દુભાઈ રાજકોટ આવે ત્યારે અમારે ત્યાં રહેતા. એમણે શિખામણ આપી કે અમારે હમણાં લખવાનું બંધ કરવું અને અભ્યાસ વધારવામાં જ ચિત્ત રાખવું. મારા પિતાએ પણ તેને ટેકો આપ્યો. બિન્દુભાઈનું કારણ ખરું હતું. એમણે કબૂલ કર્યું હતું કે 'બન્ધુસમાજ'ના સભ્યો સાહિત્યની ધૂનમાં એવા પડયા કે સાર્જન્ટરાવ સિવાય બધાએ પોતાનો અભ્યાસ હાઈસ્કૂલ અથવા કૉલેજમાંથી અધૂરેથી છોડી દેવો પડયો હતો. માત્ર સાર્જંટરાવ લાંબી મુદ્દતે ૧૯૦૫માં ઘણી ખંત રાખી લાહોર યુનિવર્સિટીના બી.એ. થએલા. પોતે આગળ અભ્યાસ કરી ન શકયા એનું મનદુઃખ 'બન્ધુસમાજ'ના બધા સભ્યોને થતું અને તેથી લેખનસૃષ્ટિમાં જોકે તેઓ આગળ આવ્યા હતા તોપણ, વ્યાવહારિક જીવનમાં એ કોઈ સારું પદ મેળવી શકેલા નહિ. એ શિખામણ અમારે ગળે ઊતરી, લખવાનું બંધ કર્યું અને અભ્યાસ તરફ વધારે ધ્યાન આપ્યું. તેથી અમે બધા અભ્યાસ તો સારી રીતે વધારી શકયા, પણ 'સાક્ષર' થતા રહી ગયા!

આ લેખ અહીં જ પૂરો થયો હોત, પણ પૂરો થવા આવ્યો તેવામાં જ મે (૧૯૬૪)નું 'બુદ્ધિપ્રકાશ' મારા હાથમાં આવ્યું. તેમાં શ્રીમતી સરોજિની મહેતાના 'ભુલાયલું ઋણ' નામના લેખમાં 'બન્ધુસમાજે' તથા 'સુંદરી સુબોધે' જે સાહિત્યસેવા કરી છે તેની બહુ સારી માહિતી આપી છે. મેં જે કંઇ ઉપર લખ્યું છે તેનું સમર્થન ઘણે ભાગે એમના એ લેખમાંથી મળી રહે છે. આખો લેખ વાંચવા જેવો છે. એમાંના બે ફકરા વિશેષ પ્રસ્તુત હોવાથી અહીં ઉતારું છું:

' ''સુંદરી સુબોધ'' માસિકે ગુજરાતની બહુ મોટી સેવા એ કરી કે એણે સ્ત્રીવર્ગમાં વાચનનો રસ ઉત્પન્ન કર્યો. વિદ્વત્તાથી ભરપૂર લેખોવાળાં બીજાં માસિકો વાંચવાની એ કાળના સ્ત્રીવર્ગની શક્તિ નહોતી. શિક્ષણનો પ્રચાર ધીમેધીમે થતો ગયો તેમતેમ વાચનની ભૂખ ઊઘડી. પણ વાંચવું શું એ સવાલ હતો. ત્યાં ''સુંદરી સુબોધ'' માસિક તેમની વહારે ચડયું એમ કહીએ તો ખોટું નથી.'

'માત્ર ગુજરાતી સ્ત્રીઓ અને થોડું ભણેલા પુરુષોમાં પણ વાચન અને લેખનનો રસ જગાડનાર, એમને જ્ઞાન સોપાનને પ્રથમ પગથીએ ચડાવનાર 'બંધુસમાજ'ને ગુજરાત આજે તદ્દન ભૂલી ગયું છે એ ખરેખર શોચનીય બિના છે. શ્રી રામમોહનરાય જેવું સૌજન્યશીલ વ્યક્તિત્વ અને એમના જેવી સમતોલ વિચારસરણી. શ્રી ભોગીન્દ્રરાવની સમાજસેવાના પ્રચારાર્થે થતી નિષ્કામ સાહિત્યઉપાસના, શ્રી શિવુભાઈ જેવી નીડર, રૂઢિભંજક વૃત્તિ, એ સર્વ આજે કયાં જોવા મળે છે?'

એક અક્ષર-ચર્ચા ઋ ભગવત રા. ભટ્ટ

'પદભ્રષ્ટ!'

'કોણ? અક્કડ રાજારાણા? એમના રાજ્યની વિસાત શી?...કોઈ માટીપગા પ્રધાન? છાશવારે પલટાતી સત્તા જ્યાં ભૂસકા મારે છે એ ગાદીની ઊથલપાથલની વાત નથી. કોઈ સિંહાસનના પાયા હચમચ્યા નથી, પચાવી પાડેલી ખુરશી ડોલી ઊઠી નથી.'

'તો પછી?'

'આ તો કેવળ શબ્દચર્ચા છે. કહેવાનું તાત્પર્ય એટલું છે કે સાહિત્યમાં કેટલાય શબ્દો એવા છે કે જે 'જે જાયું તે જાય'—એ ન્યાયે દુનિયાનો પ્રકાશ જોઈ અદૃશ્ય થઈ જાય છે અથવા પદભ્રષ્ટ થાય છે.'

'દાખલા તરીકે?'

'ળ'. વૈદિક ભાષામાં એ પુષ્કળ પ્રમાણમાં વપરાતો. સંસ્કૃત ભાષામાં એનો લોપ થતો ગયો. વળી પાછો મરાઠી અને ગુજરાતીમાં દેખાયો. હવે પાછો લોપ પામતો જાય છે.

હોય. શબ્દોનું આયુષ્ય આમ તો કાગડા જેવું લાંબું હોય છે, પરંતુ કાળક્રમે એ પણ લુપ્ત થાય છે, પદભ્રષ્ટ થાય છે, સમૂળગા ભૂંસાઈ જાય છે. ઋતુરાજ 'ઋ'નો જ દાખલો લોને! એની સ્થિતિ કેવી દયાજનક છે!

ઋષિકુળના ઋષિના 'ઋ'એ પણ શબ્દસમાજમાંથી ધીરેધીરે વિદાય લીધી, પણ આશ્રમમાંથી વિદાય થએલી શકુંતલા પતિગૃહે ન સમાઇ એમ જ 'ઋ' સંસ્કૃતમાં ઊછર્યાં છતાં એને પ્રાકૃત અપભ્રંશે ન સ્વીકાર્યો. એના ઉચ્ચારમાત્રથી નીકળતી સુખદ સુદગંધ પણ લુપ્ત થઈ. એને વનવાસીની દશા ભોગવવી પડી, તે સન ૧૮૦૦ સુધી ભારતની કોઈ ભાષામાં એનો ઉપયોગ સુદ્ધાં થતો હતો નહિ.

સંસ્કૃતમાં એની બોલબાલા હતી, પણ બાળાના ઊઘડતા સ્વરૂપને ભલભલા રસિયા પણ પિછાની શકતા નથી, એમ એના ઉછળતા સ્વરૂપને કોઈ પામી શક્યું નહિ. કોઈ મહાન પંડિત હજી પણ બતાવી શકતા નથી કે એ 'ઋ'નો સાચો ઉચ્ચાર શો હતો?

આપમેળે જેનો ઉચ્ચાર થાય એ સ્વર, ને સ્વરની મદદ વિના પૂરો ન બોલાય એ વ્યંજન. આમ સ્વર અને વ્યંજનની વ્યાખ્યા બાંધ્યા છતાં 'ઋ'ની બાબતમાં ઊલટો ક્રમ છે! 'ઋ' પોતે સ્વર હોવા છતાં વ્યંજન વિના બોલાય નહિ! એ સ્વર હોવા છતાં વ્યંજન સહિત છે. સ્વરને વ્યંજનની ગરજ! આ તે કેવી વિચિત્ર વાત! સંસ્કૃત-કાળમાં કોણ જાણે કેમ બોલાતો હશે? હાલમાં એ 'ર' વ્યંજન સહિત બોલાય છે, શુદ્ધ સ્વરના રૂપમાં નહિ. 'રિપુ' અને 'ઋતુ'ના ઉચ્ચારણમાં 'રિ' ને 'ઋ'નો કોઈ ભેદ પકડાતો નથી. સંસ્કૃતને Sanskrit અને ઋષિને Rishi બોલીએ છીએ. ઉત્તર ભારતમાં રિણ, વ્રિદ્ધિ, ત્રિષિ આદિ ઉચ્ચાર સાંભળવામાં આવે છે. દક્ષિણ ભારતમાં 'અમૃત'ને 'અમૄત' અને સંસ્કૃતને 'સંસ્ક્રત' જેમ બોલે છે. ગુજરાતીમાં 'ઋતુ'ને 'રૂતુ' તરીકે ને 'ઋષિ'ને 'રૂષિ' લખે છે. તત્સમ શબ્દના આગ્રહીઓ 'ઋ'ની રક્ષા કરે છે, નથી કરતા એમ નહિ; પણ એમાં શુદ્ધતાના જૂઠા આગ્રહ સિવાય

બીજું શું છે? એથી, જેમ અન્યત્ર તેમ અત્ર, લિપિની વૈજ્ઞાનિકતામાં દોષ પ્રવેશ્યો છે.

જૂના કાનૂન વિષે સાવધ રહેજો. એને ફરીથી લખવા જરૂરી છે. જૂના ભાષ્યને પ્રમાણ ન માનશો. જે તે ભાષ્ય પોતપોતાના સમય પૂરતી વાત કરતાં હોય છે. એ 'સત્ય' ભાખતાં હતાં પણ 'ભવિષ્ય' ભાખતાં ન હતાં; તેમ પુરાણા 'ઋ'ના ઉચ્ચાર વિષે પણ. એ સફરી અક્ષરનું, એની સફર દરમિયાન, સિંહાસન ડોલી ગયું છે. સંસ્કૃતમાંથી અવતરતી ભાષાઓમાં અંત્ય 'ઋ' વાળા શબ્દો રહ્યા નથી. પિતૃ, માતૃ, ધાતૃ. કર્તૃ, નેતૃના સ્થાને પિતા, માતા, ધાતા, કર્તા, નેતા આદિ થયા છે. સમાયુક્ત 'પિતૃઋણ' અને 'માતૃભક્ત' જેવા શબ્દો 'તૃ' ગણમાં સંસ્કૃતનું રૂપ સાચવી રહ્યા છે, એટલું જ. જેમ આદિમાં 'ણ'વાળા શબ્દો નહિ, એવી જ રીતે અંત્યનો 'ઋ' રહ્યો નથી. આથી ગુજરાતીમાં તે બહુબહુ તો આદિ યા મધ્યમાં રહે છે. આદિમાં પણ 'ઋ'વાળા જાણીતા શબ્દોની સંખ્યા કેવળ દસબારથી અધિક નથી. જેવા કે ઋણ, ઋત, ઋચા, ઋદ્ધિ, ઋત્વિજ, ઋગ્વેદ. ઋજુ, ઋષભ, ઋષિ.... મધ્યમાં 'ઋ'વાળા શબ્દોમાં ય ધાતુઓથી વ્યુત્પન્ન શબ્દ સામેલ છે, જેમકે કૃત પરથી કૃત્ય, કૃતિ. કૃત્રિમ; કૃપમાંથી કૃપા, કૃપણ; કૃષમાંથી કૃષક, કૃષિ, આકૃષ્ટ; પૃથ પરથી પૃથા, પૃથ્વી, પૃથક્; મૃમાંથી મૃત, અમૃત, મૃત્યુ; મૃદ્માંથી મૃદા, મૃદુ વગેરે. આપણા શબ્દભંડારમાં વૃદ્ધિ કરનાર આવા ધાતુની સંખ્યા લગભગ ત્રીસ જેટલી છે. કેટલાક કુટકળ શબ્દો છે: કૃચ્છ, કૃત્તિકા, કૃપણ, કૃમી, ગૃહ ઇત્યાદિ. એ ટિકિટોના તાવની જોડેની કોરી પટ્ટી જેવા છે.

આમ 'ઋ'નું જીવન વિફળ ગયું છે. એની કંથા જર્જરિત છે. ઋષિ જેવાં મન અને ઋષિકુળની સંસ્થા નષ્ટ થવા સાથે એને સંબંધ ન હોય જાણે!

'ઋ' પોતે વક્રી સ્વર છે. ઋષિ જેવો એ જટ્ટાજૂથવાળો છે: આગળ બે પાંખા ને પાછળ વાળેલી પૂંછડી જેવો, કે ગાંઠ વાળેલી આધુનિક સ્ત્રીના અંબોડા જેવો મસ્ત છે. શિવમંદિરમાં એકલોઅટૂલો બેઠેલો નંદી! નૈઋર્ત્યના ખૂણે જામેલાં કાજળકાળાં વાદળાં જેમ 'નૈઋર્ત્ય'-માં જે 'ઋ' છુપાએલો છે તે વીજળી જેમ ઝબૂકારો મારે તેમ ત્યાં ઝબકે છે.

વ્રર્ષાની અમાસની રાક્ષસી ઉગ્રતા ભયત્રસ્ત બનાવી મકે એમ એના ઉચ્ચાર વખતે મેઘગર્જન અને મરોડ કાઢતી વખતે વીજનાં નર્તન થતાં હોવાથી શરૂશરૂમાં બાળક પણ ભયત્રસ્ત બને છે. એથી 'ઋ' હવે નવા શબ્દો ને વાણીમાં અવતરવાની મથામણ કરતો નથી.

છતાં એ, મબલખ તિરસ્કાર ખમીને પણ, ભાષાના મૂળાક્ષરમાં મજબૂત પાય ખોડી ઊભો છે. આકાર, સંગતિ અને પાર્શ્વભૂમિના નૈસર્ગિક ઉઠાવથી ભાષામાત્રમાં એનો ચહેરોમહોરો કેવો પ્રસન્ન, પ્રભાવશાળી ને મધુર લાગે છે ચિત્રકારની કલાવંત દૃષ્ટિથી એ ખરેખર સુંદર છે. અને ઋત શબ્દમાં વણાઈ 'સત્યં પરં ધીમહિ' કહી સંસ્કૃતિની ધજા ફરકાવે છે.

સંસ્થાઓ અને સંસ્થા સમી વ્યક્તિઓના

અમૃતમહોત્સવ અને ષષ્ટિપૂર્તિ ગ્રંથો

નૈવેદ્ય : રાષ્ટ્રીય ઍવૉર્ડ પ્રાપ્ત કરવાનો યશ મેળવી ચૂકેલી આ કૃતિમાં અનુશ્રુતિ, સમયાનુક્રમ ને નાટ્યશાસ્ત્ર જેમના રસના વિષયો છે એવા વિદ્વાન વિવેચક ને સંશોધક શ્રી ડોલરરાય માંકડના ૨૮ લેખોનું સંપાદન કરવામાં આવ્યું છે, જેના વિવેચન, ભાષાન્તર, પુરાતત્ત્વ અવલોકન અને ભાષાશાસ્ત્ર એવા પાંચ વિભાગ પાડવામાં આવ્યા છે. ઋગ્વેદમાં 'ઉત્તર ધ્રુવ' જેવા લેખો કર્તાની સંશોધક તરીકેની સૂક્ષ્મ દૃષ્ટિ અને સત્યનિષ્ઠાનો પરિચય કરાવે છે, તેમ વિવેચનાત્મક લેખોમાં વિચાર અને રજૂઆતની વિશદતા તેમજ અભિપ્રાયોની મક્કમતા દેખાય છે. કર્તાની શૈલી વિષયને કેવી સરસ રીતે અનુસરે છે એનું ઉત્તમ દૃષ્ટાંત 'મૃચ્છકટિક'ના ચારુદત્તની પરિણીત વધૂ ધૃતાના પાત્રનું રસદર્શન કરાવતાં લેખકે વાપરેલા કાવ્યત્વના સ્પર્શવાળા ગદ્યમાં મળી રહે છે. આવા અત્યંત મૂલ્યવાન ગ્રંથના સંપાદનમાં કર્તાનો પરિચય સંપૂર્ણરીતે વ્યક્તિત્વદ્યોતક ન હોય ને અનુક્રમણિકામાં ભૂલ હોય એ ખૂંચે. (પ્ર.: ડો. માં. ષષ્ઠિપૂર્તિ સન્માન સમિતિ રૂ. ૮)

બાપાલાલ વૈદ્ય ષષ્ટિપૂર્તિ ગૌરવગ્રંથ : પુરાણી ભાઈઓની પ્રેરણાથી વ્યાયામપ્રવૃત્તિ અને રાષ્ટ્રસેવાના ભેખ ધરનાર, અમૃતલાલ પટ્ટણી પાસેથી વૈદકશાસ્ત્રનું અને જયકૃષ્ણ ઇન્દ્રજી જેવા પાસેથી વનસ્પતિશાસ્ત્રનું જ્ઞાન સંપાદન કરીને હાંસોટ લીમડી અને ભરુચમાં આયુર્વેદિક વૈદકનો પ્રચાર કરનાર, સુરતની નાઝર આયુર્વેદ મહાવિદ્યાલયના આચાર્ય, 'દિનચર્યા', 'ગુજરાતની વનસ્પતિઓ', 'ભારતીય રસશાસ્ત્ર', 'વૈદકીય કાયદાશાસ્ત્ર' વગેરે પુસ્તકોના કર્તા, ને ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠ વૈદરાજ શ્રી બાપાલાલ ગ. વૈદ્યના ષષ્ટિપૂર્તિ સમારંભ અંગે પ્રસિદ્ધ થએલા આ ગ્રંથમાં, સર્વશ્રી શાન્તારામ, મણિભાઈ સતાભાઇ, મનુભાઈ, ત્ર્યંબકલાલ, ચંદ્રકાન્ત, લાભશંકર આદિ વૈદો તેમજ ઉશનસ્, ભોગીલાલ સાંડેસરા, કનૈયાલાલ મુનશી, ચંદ્રશંકર ભટ્ટ, ગટુભાઈ ધ્રુ, રવિશંકર રાવળ, જુગતરામ દવે આદિ સંમાન્ય સાક્ષરો ને સમાજસેવકોએ તેમજ અનેક વિદ્વાનો ને ડૉકટરોએ વૈદરાજના વ્યક્તિત્વના ઉજ્જવળ પાસાંઓને ઉપસાવતા અંજલિલેખો અને એમની સાથે ગાળેલા સમયનાં સંસ્મરણો આલેખીને ગ્રંથનાયકનું ઉચિત ગૌરવ કર્યું છે. અંતમાં મુકાએલા સંદેશાઓ પણ શ્રી બાપાલાલભાઈની યશસ્વી કારકિર્દીનો તેમજ એમની આયુર્વેદશાસ્ત્રની સાધના અને એ દ્વારા કરાએલી સેવા ને લોકસેવાનો સારો ખયાલ આપે છે. (પ્રકાશક: આયુર્વેદ મહાવિદ્યાલય સુરત, રૂ. ૭)

ગોકુળભાઇ ભટ્ટ ષષ્ટિપૂર્તિ અભિનંદન-ગ્રંથ : રાજસ્થાનના શિરોહી દેશી રાજ્યના હાથલ નામના ગામડામાં જન્મી, મુંબાઇમાં ઉચ્ચ કેળવણી પ્રાપ્તકરી, ગાંધીજીની અસર નીચે આવતાં રાષ્ટ્રીય શાળામાં શિક્ષક, તરીકે ને ત્યારબાદ રાજસ્થાનના પ્રજામંડળના પ્રમુખ અને લોકસેવક તરીકે, તેમ જ સ્વરાજ્ય બાદ શિરોહી રાજ્યના ચીફ મિનિસ્ટર તરીકે કામ કરી, હાલ ભૂદાન ચળવળમાં જોડાએલા જાણીતા લોકસેવક અને સાહિત્યોપાસક શ્રી ગોકુળભાઈ દૌલતરામ ભટ્ટને ૬૦ વર્ષ પૂરાં થતાં પ્રસિદ્ધ થએલા આ ગ્રંથમાં સર્વશ્રી કેદારનાથજી, રવિશંકર મહારાજ, કાકાસાહેબ આદિ મહાનુભાવો, રામપ્રસાદ બક્ષી, ધનસુખલાલ મહેતા, ગુલાબદાસ બ્રોકર, યજ્ઞેશ શુક્લ, ગૌરીશંકર ભટ્ટ, કપિલરાય મહેતા આદિ સર્જકો ને પત્રકારો ઉપરાંત બીજા અનેકોએ તેઓની નિષ્ઠા, સાધુતા, સેવાભાવના, આપ્તજનપ્રિયતા, માનવતા, નિરાભિમાનીતા, સૌજન્યશીલતા, વત્સલતા, સૌમ્યતા આદિ વ્યક્તિગુણોને રજૂ કરી આપેલી અંજલિઓ ઉપરાંત તેઓશ્રીની જીવનઝરમર અને મહદ્ અંશે જેલજીવન દરમિયાન લખાએલાં એમનાં કાવ્યો (શ્રી રામપ્રસાદ બક્ષીની 'સહજપ્રસન્ન નિર્ઝરી' નામક વિવેચનનોંધ સાથે) આપવામાં આવ્યાં છે. કેવળ વ્યક્તિનિષ્ઠ બનતા જતા યુગમાં આવા લોકસેવકોની ષષ્ટિપૂર્તિઓ આપણી ઊગતી પેઢીને

પ્રેરણાત્મક નીવડે એ એનં મોટું સાર્થક્ય છે. (પ્રકાશક: ગોકુળભાઈ દો. ભટ્ટ સન્માન-સમિતિ, મુંબાઈ.).

અક્ષર-આરાધના: ગુજરાતના ખ્યાતનામ કવિ, નાટ્યકાર, વાર્તાકાર ને કીર્તનકાર શ્રી કરસનદાસ માણેકની ષષ્ટિપૂર્તિ નિમિત્તે પ્રસિદ્ધ થએલા આ અભિનંદન-ગ્રંથમાં એના સંપાદકો (સર્વશ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી અનંતરાય મ. રાવળ અને અમૃતલાલ ભ. યાજ્ઞિક) એ ખૂબ કાળજીપૂર્વક શ્રી માણેકની અક્ષર-આરાધનાના ફલકને સાત ભાગમાં વહેંચી નાખી, એમનાં પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ સર્જનમાંથી પસંદ કરેલાં કાવ્યો, એકાંકી, પદ્ય નાટિકાઓ, રેડિયો-નાટિકાઓ, વિવેચનો, રેખાચિત્રો. નવલિકાઓ આદિ રજૂ કર્યાં છે, જે શ્રી માણેકના તે તે સર્જકપાસાંનો ઉત્તમ પરિચય કરાવે છે. ગ્રંથારંભે મુકાએલા બે લેખો–'શ્રી કરસનદાસ ન. માણેક: જીવનદર્શન' (લે. રામપ્રસાદ બક્ષી) અને 'ઉજળી સાહિત્યસેવા' (લે. અનંતરાય રાવળ)—એમનાં જીવન અને કવનનો પરિચય આપતા હોઈ આ ગ્રંથના સ્મરણીય નાયકને સમજવાની ચાવીરૂપ નીવડે છે. (પ્રકાશક: શ્રી કરસનદાસ માણેક ષષ્ટિપૂર્તિ સન્માન સમારંભ સમિતિ, મુંબાઈ, રૂ. ૬.)

આચાર્ય શ્રી કાલિદાસ વસનજી દવે અમૃતમહોત્સવ અભિનંદનગ્રંથ:

સૌરાષ્ટ્રના ચૂડા ગામના વતની, અનેક મુશ્કેલીઓ વચ્ચે બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી ચારેક વર્ષ સરકારી અને બાકીનાં વર્ષો અન્ય શાળાઓમાં આસિસ્ટન્ટ તેમજ હેડમાસ્તર તરીકે કામ કરી, અંતે ૧૯૪૧માં સ્ત્રી-કેળવણી-સંસ્થા 'ગર્લ્સ ઓન હાઈસ્કૂલ'ની સ્થાપના કરીને નિવૃત્ત થતાં સુધી એના કુશળ સંચાલક અને હેડમાસ્તર તરીકે યશસ્વી કારકિર્દી ભોગવનાર શ્રી કાલિદાસ વસનજી દવેને ૭૫ વર્ષ પૂરાં થતાં ઉજવાએલા અમૃતમહોત્સવ અંગેના આ અભિનંદન-ગ્રંથમાં મુખ્ય ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. એમાંના પહેલામાં એમના સ્નેહી–સંબંધીઓ, સાથી-કાર્યકરો અને વિદ્યાર્થીઓનાં એમને એક સંનિષ્ઠ, સંસ્કારી, કર્તવ્યશીલ, આદર્શવાદી અને વાત્સલ્યભર્યા શિક્ષક અને પ્રભાવશાળી ને પ્રેરક આચાર્ય તરીકે ઓળખાવતાં સંસ્મરણો આપવામાં આવ્યાં છે. બીજા વિભાગમાં કેળવણીને સ્પર્શતા અનેકવિધ પ્રશ્નોની મનનીય છણાવટ કરતા, સર્વશ્રી ઉમાશંકર જોશી, હરિપ્રસાદ શાસ્ત્રી, રામપ્રસાદ બક્ષી, ઝીણાભાઈ દેસાઇ, રવિશંકર રાવળ, ફિરોઝ દાવર વગેરે ખ્યાતનામ ને બીજા અનેક ઓછા જ્ઞાત પણ નીવડેલા કેળવણીકારોના લેખો આપેલા છે, જે આ ગ્રંથનો સૌથી વધુ આકર્ષક ભાગ છે. એ વિભાગમાંના ભાષાશાસ્ત્ર અંગેના શ્રી કે. કા. શાસ્ત્રી અને શ્રી ભોગીલાલ સાંડેસરાના લેખો નોંધપાત્ર છે. ત્રીજા વિભાગમાં શ્રી કાલિદાસભાઇના થોડા લેખો આપ્યા છે જે એક શિક્ષક ઉપરાંત એમના મનન-ચિંતનનો પણ ખયાલ આપે છે. (પ્રકાશક: આચાર્ય શ્રી કાલિદાસ દવે અભિનંદનગ્રંથ સમિતિ તરફથી સાવિત્રીબહેન પટેલ, ગર્લ્સ ઓન હાઇસ્કૂલ, અમદાવાદ, રૂ ૭).

શ્રી દેશી નાટકસમાજ અમૃત મહોત્સવ: ઈ. ૧૮૮૯માં સ્વ. ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરીએ સ્થાપેલી ગુજરાતની એ અત્યંત લોકપ્રિય નાટ્યસંસ્થાને ૭૫ વર્ષ પૂરાં થતાં ૧૯૬૪માં ઉજવાએલા એના અમૃત મહોત્સવનું આ શબ્દ સ્વરૂપ છે, જેમાં રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન, (સ્વ.) વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ અને ડૉ. ઝાકિરહુસેનથી માંડી જયાવતી પ્રાણલાલ દેવકરણ નાનજી સુધીની રાજકીય, સાહિત્યિક અને ઔદ્યોગિક એમ વિવિધ ક્ષેત્રોની નામાંકિત વ્યક્તિઓના સુભાશિષથી શરૂ કરીને સંસ્થાનાં છેલ્લાં ૨૬ વર્ષથી માલિક રહેલાં શ્રીમતી ઉત્તમલક્ષ્મીબેનનો, સ્વ. કવિશ્રી પ્રભુલાલ દ્વિવેદી અને વિદ્યમાન મૅનેજર મણિલાલ ભટ્ટનો તેમજ સંસ્થાની જાણીતી અભિનેત્રી મોતીબાઈનો પરિચય એમાં છે. ઉપરાંત પ્રા. મધુકર રાંદેરિયાનો 'દેશીનં માંડવ' નામના તાત્ત્વિક અને રસકવિશ્રી રઘુનાથબ્રહ્મભટ્ટનો 'નાટક અને સંગીત' નામનો વિગતભર્યો એમ થોડા લેખો સમાવીને અંકને સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ થયો છે. પણ આ અંકનાં આકર્ષણો તો છે ૧) શ્રી જયંતીલાલ ત્રિવેદી સંપાદિત 'ઇતિહાસની દૃષ્ટિએ' નામનો 'દેશી નાટકનો ઇતિહાસ આલેખતો લાંબો સચિત્ર લેખ., ૨) સંસ્થાના કલાકારો તથા કર્મચારીઓના ફોટોગ્રાફો અને ૩) સંસ્થાએ આજ સુધીમાં ભજવેલાં નાટકોની સાલ ને લેખક સાથેની નામાવલી, જે ગુજરાતી રંગભૂમિના ઇતિહાસ લખવામાં ઉપયોગી સામગ્રી પૂરી પાડી શકે એમ છે.

શ્રી પાટણ જૈન મંડળ સુવર્ણજયંતી મહોત્સવ ગ્રંથ: શ્રી પાટણ જૈન મંડળે પચાસ વર્ષ પૂરાં થતાં ઊજવેલી સુવર્ણજયંતી મહોત્સવ અંગેની માહિતી આપતા આ દળદાર ગ્રંથમાં મુંબાઈ અને પાટણ ખાતે મંડળ તરફથી ચાલતી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ વિષે વિસ્તૃત માહિતી આપવા ઉપરાંત સર્વશ્રી ભોગીલાલ સાંડેસરા, ભાઈલાલ પટેલ, મુનિ પુણ્યવિજયજી, કનૈયાલાલ દવે, મધુસૂદન મોદી આદિ વિદ્વાનોના, પાટણની વિવિધ સાંસ્કૃતિક મહત્તા દર્શાવતા લેખો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. મંડળની સંસ્થાઓના દાતાઓ, આગેવાનો, કાર્યકરો, લોન તથા સ્કૉલરશિપ મેળવનારાઓ અને ઉદ્‌ઘાટન કરનાર નેતાઓના તેમજ સંસ્થાની સમૃદ્ધિ દર્શાવતાં વાવ, દરવાજા, મંદિરો આદિના ફોટોગ્રાફો આ અંકને સચિત્ર અને તેથી આકર્ષક બનાવે છે. પ્રારંભમાં મુકાએલું શ્રી રવિશંકર રાવળનું હેમચન્દ્રાચાર્યનું ચિત્ર સંપાદકોની સુરુચિનું દ્યોતક છે. (પ્રકાશક: માનાર્હ મંત્રીઓ, શ્રી પાટણ જૈન મંડળ, મુંબાઈ; કિંમત છાપી નથી.)

શિક્ષણકારની સાધના: વડોદરા રાજ્યમાં દ્વારકાની એ. વી. સ્કૂલથી ઇ. ૧૯૦૯માં શરૂ કરી '૪૪ સુધી જુદીજુદી હાઇસ્કૂલોમાં હેડમાસ્તર તરીકે પોતાની સેવાઓ આપી સુખ્યાત બનેલા એક યશસ્વી શિક્ષક, લોકસેવક ને સુધારક શ્રી કલ્યાણરાય જોશીને ૭૫ વર્ષ પૂરાં થતાં ઉજવાએલા અમૃતમહોત્સવ સ્મરણ રૂપ આ સન્માનગ્રંથના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે, જેમાંના પહેલામાં શ્રી મૂળશંકર ભટ્ટ તેઓશ્રીની ટૂંકી જીવનઝરમર આપે છે, બીજામાં એમની સાહિત્યપ્રસાદી અને ત્રીજામાં થોડા લેખો અને મહોત્સવ પ્રસંગે આવેલા સંદેશાઓ રજૂ થયા છે. (પ્રકાશક: સંસ્કારસંઘ, દ્વારકા, કિંમત છાપી નથી.)

આદર્શ છાત્રાલય રજત જયંતી મહોત્સવ: અખિલ આંજણા કેળવણી મંડળ (વિસનગર) સંચાલિત 'આદર્શ છાત્રાલય'ને પચીસ વર્ષ પૂરાં થતાં ઉજવાએલી એની રજત-જયંતીનો અહેવાલ આપતા આ ગ્રંથમાં સંસ્થાનો ઇતિહાસ આલેખવા ઉપરાંત આંજણા કોમની ઉત્પત્તિ, એમનાં લોકગીતો અને 'ચૌધરી લોકના પૂર્વજ શ્રી કૃષ્ણ હતા' એ તેમજ એવા બીજા ઉપયોગી વિષયો પર લેખો આપવા સાથે દાતાઓ અને અન્ય ભગિની સંસ્થાઓનો પરિચય કરાવવામાં આવ્યો છે. સર્વશ્રી પન્નાલાલ પટેલ, ગિજુભાઈ પંડ્યા, માધવ મો. ચૌધરી વગેરેના લેખો નોંધપાત્ર છે. એકંદરે આખો ગ્રંથ સુવાચ્ય અને એક સંસ્થાના સ્મરણાંક તરીકે સુયોગ્ય બન્યો છે. (પ્રકાશક: રામજીભાઈ સ. ચૌધરી, સ્મારક ગ્રંથ પ્રકાશન સમિતિ વતી, વિસનગર, રૂ. ૫)

પચ્ચીસ વર્ષ પહેલાં



પચ્ચીસ વર્ષ પહેલાંના અંક (૨૦૨)માં ગ્રીક પ્રતિભા પાઇથેગોરસનો અશોક હર્ષની ચોટદાર કલમે લખાએલો પરિચય:

"**અ**જબ ગણિતી ને ફિલસૂફ પીથાગોરાસનો જન્મ ઈ. પૂ. ૫૮૨માં સામોસ મુકામે થએલો. શ્રીમંત બાપનો પુત્ર હોઈ ત્યારના સર્વોત્તમ ગુરુઓ પાસે શિક્ષણ લેવાનો લાભ તેને મળ્યો. ઊંચા સોટા જેવા, તરવરિયા ને ખુશમિજાજ, આશા કુતૂહલ ને આદર્શથી ઝળકતી જ્ઞાનાકુલ આંખોવાળા પીથાગોરાસને એ શિક્ષણથી સંતોષ ન વળ્યો. નાણાંની એક થેલી લઈ, ભિક્ષુકરો બની એ પૂર્વ તરફ ચાલી નીકળ્યો. બાબિલોનના પંડિતોને ચરણે બેસી એણે જ્ઞાન મેળવ્યું, પણ મનની જે શાંતિ માટે તે ખામતો હતો તે તેને ત્યાં ન મળી. એટલે તે હિન્દ આવ્યો. અહીં એને વિજ્ઞાન મળ્યું, તત્ત્વજ્ઞાન મળ્યું, જે જોઇએ તે મળ્યું, પણ એક ભેટ એવી મળી જેણે એની આખી જિન્દગીનું નવઘડતર કર્યું. એ ભેટ ભગવાન બુદ્ધની. બુદ્ધનો ઉપદેશ પચાવી એણે સંપૂર્ણ ચિત્તશાંતિ મેળવી.

હિંદથી પાછો ફરી તે મિસર પહોંચ્યો. ત્યાંથી ભૂમિતિ શીખી ગ્રીસની ભૂમિ પર એણે ફરી પગ મૂક્યો. બુદ્ધના આદેશાનુસાર તેણે ત્યાં એક સંઘ સ્થાપ્યો અને ગ્રીકોને સંયમ, શુદ્ધિ ને ધ્યાનની માત્રાઓ પાઈ તેમને નિર્વાણનો માર્ગ બતાવ્યો. પણ દુનિયા આજ એને સંભારે છે તેનું કારણ તો એ પહેલી કોટિનો ખગોળશાસ્ત્રી હતો તે. એણે જ પહેલું શીખવ્યું કે પૃથ્વી ગોળ છે ને એક મધ્યસ્થ તેજપિંડ-હેસ્ટીઆ-ની આસપાસ ફરે છે.



ખરેખરો તો એ આંકડા પાછળ દીવાનો હતો. એમાંથી એણે શા સિદ્ધાંતો તારવ્યા એ આપણે નથી જાણતા, કારણ એનું એ જ્ઞાન એના સાથે જ દફનાવાઈ ગયું છે. લખવાનો એને ખૂબ કંટાળો હતો. બધી વસ્તુઓનું મૂળ તેણે સંખ્યામાં ઘટાવેલું. એ ઉપસિદ્ધાંતમાં 'વેગ' ઉમેરીએ એટલે આજનો આખો પરમાણુવાદ બની જાય. 'એક'ને એણે ગર્ભ રૂપે જણાવ્યો છે.

એણે શોધી કાઢ્યું કે તંતુવાદ્યોના તંતુની લંબાઈના પ્રમાણ પર ધ્વનિની તીવ્રતા આધાર રાખે છે. ભૂમિતિ સાથે અંકગણિતનો મેળ સાધી ગણિતમાં એણે નવી જ દિશા ખોલી. પ્રાતઃકાળ ને સાયંકાળના તારા એણે જુદા તારવ્યા અને ગ્રીકોને શીખવ્યું કે ચન્દ્રને તેનો પોતાનો પ્રકાશ નથી. ગ્રીકોને પહેલાં તોલમાપ પણ એણે જ આપ્યાં. એ પરણ્યો હતો કે નહિ? પરણ્યો હતો, તો બાબિલોન, હિંદ કે મિસરમાં—ક્યાં? આ પ્રશ્ન અનુત્તર રહે છે, તેમ એનું આખર જીવન પણ અંધારામાં રહે છે. જગત નથી જાણતું કે જન્મે ગ્રીક ને આચારે-વિચારે ભારતીય એ તત્ત્વદર્શી પુરુષ ક્યાં ને ક્યારે અવસાન પામ્યો."

અને એજ અંકમાં કાકાસાહેબ કાલેલકરે એમની ઓજસવંતી શૈલીમાં કરાવેલો ગોવાનો પરિચય:

"**ભા**રતીય ઈતિહાસમાં ગોવાનું મહત્ત્વ અપૂર્વ છે. સનાતની ક્ષત્રિયો અને જૈનોએ એની જાહોજલાલી અસાધારણ વધારેલી. બ્રાહ્મણોએ અહીં પોતાની તપસ્યાનો ચમત્કાર દેખાડ્યો હતો. પરશુરામ અને શ્રીકૃષ્ણે ગોવાના રમણીય પહાડો અને પવિત્ર નદીઓના સૌંદર્યનું પાન કર્યું હતું. મુસલમાનો ને ઈસાઇઓ ત્યાં આપસઆપસમાં પેટ ભરીને લડ્યા. હિંદુઓએ ધર્મની રક્ષા અર્થે પૂર્ણ બલિદાન આપ્યું, ને પોતાની આંતરિક કમજોરીઓના કારણે ઇસાઈ રાજસત્તાનો સ્વીકાર કરવો પડ્યો ત્યારે પરાસ્ત પ્રજા પણ પોતાની સંસ્કૃતિનું રક્ષણ કઇ રીતે કરી શકે છે તેનો પરિચય આપ્યો.

જે લોકો ભિન્ન જાતિના, ભિન્ન ધર્મના ને ભિન્ન સંસ્કૃતિના લોકો સાથે મળી રહેવાની કળા નથી કેળવતા એમને ઈતિહાસવિધાતા જબરદસ્તીએ તે પાઠ શીખવે છે ને વિવિધતામાં એકતા સ્થાપવાનો સમન્વયકારી જીવનસિદ્ધાંત એને બતાવી આપે છે. ગોવામાં એવું જ બન્યું છે.

દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારા પર, મહારાષ્ટ્ર અને કર્ણાટકની વચ્ચે ગોવા એક નાનકડો પ્રદેશ છે. સહ્યાદ્રિનાં શિખરો અને પશ્ચિમ સમુદ્રની લહેરો આ પ્રદેશને કુદરતી સીમા બાંધી આપે છે. અહીં વિજયનગરના સામ્રાજ્યનો ઉદય અને અસ્ત થયો, મરાઠાઓએ હિંદવી રાજ્ય સ્થાપન કરી એને છિન્નભિન્ન પણ કર્યું. અંગ્રેજોએ અહીં જ પોતાની વેપારી કોઠીઓનો પ્રારંભ કરી પોતાનું સામ્રાજ્ય દેશભરમાં ફેલાવેલું; છતાં ગોવામાં તો પોર્ટુગીઝ લોકોનું રાજ્ય જ અબાધિત રહ્યું હતું.

ફ્રાન્સનિવાસીઓએ હિંદમાં આવીને દરબારી રાજનીતિ ચલાવી; અંગ્રેજોએ વેપારી રાજનીતિથી બહોળો લાભ ઉઠાવ્યો; પરંતુ પોર્ટુગીઝ લોકોએ ધર્મ ને સંસ્કૃતિની દૃષ્ટિએ અહીંની પ્રજાને આત્મસાત્ કરવાની નીતિ ચલાવી એ વાત જેટલી આશ્ચર્યકારક એટલી જ અધ્યયન યોગ્ય છે. જ્યાં સુધી એમનું ચાલ્યું ત્યાં સુધી પોર્ટુગીઝ લોકોએ આ દેશમાં કેવળ ઈસાઈ ધર્મ જ પ્રચલિત કરવાની કોશિશ કરી. અમુક ખાસ ભાગોમાં મંદિર કે મસ્જિદ રહેવાં જ ન જોઇએ એવા પણ નિયમો કર્યા ને એનું કઠોરતાપૂર્વક પાલન કરાવ્યું. ગોવામાં આજે અર્ધા ઉપરાંતની લોકસંખ્યા ઈસાઈ છે એમાં કશું આશ્ચર્ય નથી. કિંતુ લગભગ અર્ધી જનતા દૃઢતાપૂર્વક કટ્ટર હિંદુ રહી છે એ વાત જ ધ્યાનમાં રાખવા લાયક છે. રાજ્યકર્તાઓના મનમાં ગેરઈસાઇઓ માટે કોઇ સ્થાન જ ન હતું.

ગોવાનું કુદરતી સૌન્દર્ય અનુપમ છે. ઉત્તરમાંથી કાશ્મીરના ને દક્ષિણમાંથી કેરલના સૌંદર્યને લઈ એ બંનેને મેળવીને જ જાણે કુદરતે આ ગોમાન્તક પ્રદેશની રચના કરી છે. રેલથી ગોવા જતાં તિનઈ ઘાટની વન્ય શોભા, પહાડોને છેદીને તૈયાર કરેલી સુરંગો, ને છ યે ઋતુઓમાં હર્યાંભર્યાં દેખાતાં તેનાં છોડઝાડ મનોહર છે જ; પરંતુ ત્યાંનો કાળી નદીથી બનતો દૂધસાગરનો ધોળો ધોધ તો કેવળ ઉન્માદકારી છે! ગેરસપ્પાનો જોગનો ધોધ કદાચ દુનિયામાં સૌથી ઊંચો હશે, નાયગરાનો પ્રપાત સૌથી મોટો ને ભીષણ હશે; પરંતુ દૂધસાગર તો સૌથી અધિક ઉન્માદક ને સૌન્દર્યમૂર્તિ છે.

ગોવાની નદીઓ સમુદ્રની ખાડીમાં જઈ મળે છે ત્યાં એટલો મોટો ચક્રવ્યૂહ બન્યો છે કે આપણે જો ભરતીઓટની અનુકૂળતા સાચવીએ તો ગોવામાં કોઈ પણ એક ગામથી બીજા ગામ સુધી આપણે નાવડીમાં જ જઈ શકીએ, એમ કહેવામાં અતિશયોક્તિ નહિ થાય. રેલના અને મોટરોના પ્રવેશને કારણે જ્યાં જ્યાં લોઢાના પૂલ અને વજ્રલેપ

રસ્તા બની ગયા છે ત્યાંની સ્થિતિ કંઈક બદલાઈ ગઇ છે ખરી; તોપણ ગોવામાં જ્યાં જોઇએ ત્યાં પાણીની જલ-જંજાળ પોતાની શોભાથી ચિત્તને પુલકિત કરી જ દે છે.

નારિયેળ, સોપારી, કેળ, કાજુ, આંબા ને કોકમ આદિનાં ઝાડોની શોભા તો એટલી ઘનગંભીર છે કે મનુષ્ય જાણે એમની રજાથી જ ત્યાં વસી શક્યો છે એવું લાગે. અને એમનાં ઝુંડ વચ્ચેથી જ્યારે હિન્દુઓનાં મંદિર કે ઈસાઇઓની ગિરજાઓ પોતાનાં શિર ઊંચાં કરે છે ત્યારે તો સૌન્દર્યની પરિસીમા થાય છે, ને મોંમાંથી અનિરુદ્ધ ઉદ્ગાર નીકળી પડે છે કે ખરેખર આ દેવભૂમિ છે. સંગીત માટે તો ગોવા મશહૂર છે જ; નૃત્યકલા ને કારીગરીની પરંપરા આજ સુધી ત્યાં અક્ષુણ્ણ રહી છે.

ગોવામાં અધિકાંશ જનતા કૅથૉલિક પંથીય ઈસાઇઓની છે. ઈસાઇઓનું નામ લેતાં જ આપણી નજર સામે કોટપાટલૂન ને હૅટબૂટ પહેરનારી વ્યક્તિ ખડી થાય, પણ ગોવામાં હજારો એવા ઈસાઈ દેખાઇ આવે જે કમરમાં એક દોરી બાંધી તે પર એક મોટી રંગીન પછેડીની લંગોટી સિવાય બીજું કંઈ નથી પહેરતા. એ લોકો ખેતી કરે છે, નાળિયેર, સોપારી આદિના બગીચા કરે છે, કાજુના ફળનો શરાબ બનાવે છે, રવિવારે દેવળમાં જાય છે. ઈસાઇ થયાને સૈંકડો વરસ વીત્યા છતાં વિવાહસમયે પોતાની જાતિનો ખયાલ રાખવાવાળા લોક પણ એમાં મળી આવે છે. બ્રાહ્મણ-ઈસાઈ ચાલશે ત્યાં સુધી ભંડારી-ઈસાઇને પોતાની પુત્રી નહિ આપે.

હવે તો આ ઈસાઇઓમાં શિક્ષણપ્રચાર ખૂબ થયો છે. ગોવાના હિંદુઓને અને ઈસાઇઓને એક કરવાવાળાં તત્ત્વ અસંખ્ય છે. પાદરીઓએ તો ઈસાઇઓને હિંદુઓથી અલગ રાખવાની પૂરેપૂરી કોશિશ કરેલી, પણ ભિન્ન ધર્મીય હોવા છતાં એમનું લોહી એક છે. સામાજિક જીવનમાં અલગ હોવા છતાં સાર્વજનિક જીવનમાં અને સામાન્ય વ્યવહારમાં આ બંને સમાજ પૂર્ણતયા ઓતપ્રોત છે.

અને સૌથી જબરું સમાન બંધન તો એમની બોલી કોંકણી છે. મધુરતામાં કોંકણી કોઈથી કમ નથી. એમાં સંસ્કારિતા છે; અર્થવાહિતા અસાધારણ છે; ઉપમા, રૂપક આદિ અલંકારોથી તે સંપન્ન છે. કોંકણીમાં કોઈ 'સવાર થયું' નહિ કહે; કહેશે કે 'પ્રભાત ફૂલી નીકળ્યું છે!' ગોવાના ઈસાઈ લોકો મુંબાઈથી માંડી મંગળૂર સુધી ફેલાએલા છે. એટલું જ નહિ, પણ હિંદુસ્તાનનો પશ્ચિમ કિનારો ને આફ્રિકાનો પૂર્વકિનારો એમનો જ છે.''



ટિકિટ-સંગ્રહ

←સરદાર વલ્લભભાઈ પટેલની ૯૦મી જયંતિ નિમિત્તે ૩૧મી ઑક્ટોબરે ભારતે બહાર પાડેલી ખાસ ટપાલટિકિટ. નીચેની પક્ષીઓનાં ચિત્રોવાળી ટિકિટો યુગાન્ડાએ હમણાં બહાર પાડેલી ચૌદ નવી ચાલુ ટિકિટોમાંની છે. બહુરંગી હોઈ મૂળ ટિકિટો ઘણી જ સુંદર લાગે છે. (પ્રેષક: માધવજી ડાહ્યા-ઇરિંગા અને હસમુખ ડી. શાહ—નાકુરુ) છેલ્લી બે ટિકિટો ટાનઝાનિયાની કૃષિ-વિકાસની દ્યોતક છે. (પ્રેષક: ધનસુખલાલ મહેતા—ઝાંઝિબાર)



સંયુક્ત રાષ્ટ્રસંઘની વીસમી જયંતી નિમિત્તે બ્રિટને બહાર પાડેલી નીચેની બે ખાસ ટિકિટો ત્રણ રંગમાં છપાએલી સાદી છતાં ઉઠાવદાર લાગે છે. (પ્રેષક: રામુભાઈ પટેલ—બર્મિંગહામ.)







ઋણ માટીનું ચુકાવો તો ચુકાવી જાણો,
આજ તલવાર ઉઠાવી તો ઉઠાવી જાણો;
દ્રોણ ને ભીષ્મપિતામહ ચડચા શત્રુ પડખે,
તો હવે પાર્થ બની બાણ ચલાવી જાણો;
એક આકાશ મોહબ્બતનું ઉઠાવો શિર પર,
એક તોફાન કયામતનું ઉઠાવો શિર પર.—વજ માતરી

ડૉ. આલ્બર્ટ શ્વાઇત્ઝર

જર્મન મહાકવિ ગટેના સૌંદર્યપ્રેમ અને ગાંધીજીના સત્યપ્રેમથી રંગાઇને ચિંતન, કલા અને સેવાની સૌરભ વડે ફોરતા પોતાના જીવનકાર્યથી 'લૅમ્બરેનના સંત' અને 'આફ્રિકાના ગાંધીજી' નામે જાણીતા થએલા ડૉ. આલ્બર્ટ શ્વાઈત્ઝરનાં ત્યાગ અને બલિદાને જગતના લાખો લોકોને એવી પ્રેરણા અને માર્ગદર્શન આપ્યાં છે કે એમના તાજેતરમાં થએલા અવસાનથી વિશ્વને એક ચિંતનશીલ કલાકાર ને માનવતાના મૂક સેવકની પડેલી ખોટ સાલે છે.

ઈ. ૧૮૭૫માં કેસરબર્ગ, હોટે-અલ્સાસમાં એક પ્રોટેસ્ટન્ટ ખેડૂત પિતાને ત્યાં જન્મેલા ડૉ. શ્વાઇત્ઝર બાળપણથી એટલા લાગણીશીલ, દયાવાન ને અહિંસાવાદી હતા કે એક મિત્ર સાથે (માત્ર પોતે ડરપોક ન દેખાય એટલા ખાતર) શિકારે ગએલા ત્યાં મિત્ર નિશાન તાકે એ પહેલાં તો એમણે પક્ષીઓને ઉડાડી દીધાં હતાં! એક વાર કાંટામાં ભરાએલી માછલીને તરફડતી જોઈ એમણે માછલાં પકડવા જવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

શાળામાં પણ એમની શક્તિઓને સમજી શકે એવા શિક્ષક ન મળ્યા ત્યાં સુધી એ બહુ સામાન્ય વિદ્યાર્થી રહેલા. પણ પછીથી અભ્યાસ અને સંગીત બંનેમાં અસાધારણ પ્રગતિ સાધેલી, ને ઈ. ૧૮૯૩માં સ્ટ્રાસબુર્ગ યુનિવર્સિટીમાં દાખલ થયા બાદ ઈતિહાસ, સાહિત્ય, પ્રાકૃતિક વિજ્ઞાનો અને સંગીતમાં ઊંડી દિલચસ્પી લેવા માંડેલી.

માત્ર ૨૪ વર્ષની ઉંમરમાં તો ચાર જુદાજુદા વિષયોમાં એમણે ડૉક્ટરેટની ઉપાધિ મેળવી લીધી અને જર્મન ફિલસૂફ કૅન્ટ ઉપર બૃહદ્ નિબંધ તૈયાર કરી એમણે સ્ટ્રાસબુર્ગના સેન્ટ નિકૅાલસમાં કયુરેટરની જગ્યા લીધી, ને બીજા વર્ષે ધર્મશાસ્ત્રમાં સનદ મેળવી. પછી પારી(સ)-માં સંગીતનો અભ્યાસ કરી વાદ્ય-ગાયકની તાલીમ લીધી અને બાખના સંગીતમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી. ફિલસૂફીનો અભ્યાસ એમણે બર્લિનમાં કર્યો હતો. ઈ. ૧૯૦૨ થી '૧૨ સુધી તેઓ સ્ટ્રાસબુર્ગ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે રહ્યા, જે દરમિયાન સેન્ટ થૅામસની ધર્મશાસ્ત્રની કૉલેજના પ્રિન્સિપલ(૧૯૦૩-'૬) અને જે. એસ. બાખ સોસાએટી પારી(સ) અને ઓર્ફિયો કેટેલા, બાર્સિલોનાના વાદ્યગાયક તરીકે પણ તેઓએ સાથોસાથ યશસ્વી કામગીરી બજાવી (૧૯૦૫-'૧૧).



૧૯૦૪માં એમની પદવીનાં હંગામી દસ વર્ષમાં બે વર્ષ બાકી હતાં ત્યારે એમણે આફ્રિકાની ફ્રેન્ચ વસાહતમાં ચાલતા રક્તપિત્તના ભયાનક રોગ વિષે, ને ત્યાં યોગ્ય સારવારના અભાવે રીબાતાં માનવીઓ વિષે છાપામાં વાંચ્યું. એથી એમનું દિલ એટલું હલી ઊઠયું કે લાગલા જ સ્ટ્રાસબુર્ગ યુનિવર્સિટીની વૈદકીય વિદ્યાશાખામાં જોડાઈ, પોતાને જરા ય ગમતો નહોતો એવા વૈદકના વિષયનો સાત

સાગરકાંઠાના જીવ-૭



શુક્તિ (ઑયસ્ટર)

શુક્તિની છીપ અને તેની આંતરરચના

છીછરા પાણીમાં ખડક જેવા સખત આધારને ચીટકી ને રહેતી શુક્તિ (ઑયસ્ટર)નો કોમળ દેહ છીપનાં બે પડ વચ્ચે જીવે છે. એક તરફથી જોડાએલી એ છીપની અંદરથી એને ઉઘાડવાસ કરી શકે છે. મોટે ભાગે તે છીપને સહેજ ખોલીને રાખે છે અને એમાંથી પસાર થતા પાણીમાંથી પોતાને જોઈ તો પ્રાણવાયુ ને સૂક્ષ્મ વનસ્પતિનો આહાર એ મેળવી લે છે.

શુક્તિ હજારો ઈંડાં મૂકે છે, પણ એનાં બહુ ઓછાં બચ્ચાં લાંબું જીવે છે. મોટા ભાગનાં બચ્ચાં અન્ય સાગરજીવોનો શિકાર બની જાય છે. સાગરતારા-સ્ટારફિશ અને 'ઑયસ્ટર ડ્રિલ' નામક ગોકળગાય જેવો શંખલાનો એક જીવ એના મોટા દુશ્મનો છે. સ્ટારફિશ છીપ ખોલી નાખીને ઑયસ્ટરને ખાઈ જાય છે જ્યારે 'ઑયસ્ટર ડ્રિલ' એની છીપમાં કાણું પાડી અંદરથી શુક્તિના કોમળ અંગને ચૂસી જાય છે. માણસો પણ ઑયસ્ટર ખાય છે અને એ માટે તો એનો ખાસ ઉછેર પણ કરે છે.

ઑયસ્ટરની છીપ અંદરથી અત્યંત સુંવાળી ને સુંદર હોય છે. એનાં બટન, છરીચપ્પાના હાથા વગેરે જેવી ચીજો બનાવાય છે. મોતી બનાવતીઑયસ્ટર(કાલુ)એઆની એકઅલગ જાત જ છે જે ગરમ પાણીમાં થાય છે. આ ઉપરાંત પણ એની અનેક જાતો છે. ક્વચિત્ સામાન્ય શુક્તિની છીપમાંથીપણએકાદ મોતી મળી આવે. બાળશુક્તિ કદમાં અત્યંત સૂક્ષ્મ હોય છે ને જન્મ પછી પાણીમાં કેટલોક સમય તરતી રહે છે તે પછી કોઈ સખત આધાર પર ચીકટી જાય છે. એકાદ માસની શુક્તિનું કદ વટાણાના દાણા જેવડું ને પુખ્ત વયે પાંચ થી છ ઈંચનું હોય છે. એક વાર એક સ્થાને ચીટકી બેઠા પછી એનું સમગ્ર આયુષ્ય ત્યાં જ પૂરું થાય છે. ચારેક વર્ષની ઉંમરે પહોંચેલી ઑયસ્ટર પુખ્ત ગણાય છે. એની છીપ પર પડેલા મુખ્ય આંકાઓ પરથી ઑયસ્ટરની વય જાણી શકાય છે. એ દરેક આંકો લગભગ એક વર્ષ સૂચવે છે.

વર્ષ સુધી અભ્યાસ કરી, ડૉક્ટરની ઉપાધિ પ્રાપ્ત કરી. આમ, તત્ત્વજ્ઞાની, ધર્મશાસ્ત્રી અને વાદ્યગાયક તરીકે ખ્યાતિ પામેલા ડૉ. આલ્બર્ટ શ્વાઇત્ઝરે એ બધાનો ત્યાગ કરીને, પીડાતી માનવતાના સેવા-યજ્ઞમાં પોતાની યશસ્વી કારકિર્દી હોમી દઇને આફ્રિકાનાં જંગલોમાંના રક્તપિત્તીઆઓની સેવાને જીવનકાર્ય બનાવવા સંકલ્પ કર્યો. ઘણા મિત્રોએ એમને સમજાવ્યા પણ એમનો નિર્ણય અફર રહ્યો અને ૧૯૧૩માં પત્ની હેલન બ્રેસ્સ્લાઉ સાથે એમણે આફ્રિકાની વાટ લીધી.

ગૅબનના જંગલમાં લૅમ્બરેન ખાતે સાવ સાદા મકાનમાં એમણે શરૂ કરેલી ઑસ્પિટલમાં શરૂઆતના નવ માસમાં મલેરિયાથી માંડી રક્તપિત્ત સુધીના ૨૦૦૦ રોગીઓ તેમજ પ્રસૂતાઓને પણ એમણે સારવાર આપી, જે દરમિયાન નાનાંમોટાં અનેક ઑપરેશનો પણ સફળતાથી કર્યાં. ધીમેધીમે એમના આ યજ્ઞકાર્યની કીર્તિ એટલી ફેલાઈ કે યુરોપ અને અમેરિકાથી 'લૅમ્બરેનના મિત્રો' બનીને અનેક જણે ડૉક્ટરને સહાય આપવા માંડી.

પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન, તેઓ જર્મન હોવાથી, તેમને લૅમ્બરેનથી ખસેડી ફ્રાન્સમાં અટકાયતમાં રાખવામાં આવેલા. યુદ્ધ બાદ તેઓ મુક્ત થતાં આખા યુરોપમાં ફર્યા અને ઠેરઠેર વ્યાખ્યાનો તેમજ વાદ્યસંગીતના કાર્યક્રમો આપ્યા, ને ઈ. ૧૯૨૪માં ફરી પાછા લૅમ્બરેન પહોંચી જઈ '૨૭માં ત્યાં ઑસ્પિટલનું નવું મકાન ઊભું કરી સેવાયજ્ઞ શરૂ કરી દીધો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એમને કે એમની ઑસ્પિટલને વાહનવ્યવહાર સિવાય બીજી કોઈ મુશ્કેલી ન નડી, કેમ કે હવે તો એ માનવતાના મૂગા સેવકની સુવાસ જગદ્વ્યાપી બની ગઈ હતી.

ઈ. ૧૯૫૫માં લૅમ્બરેનમાં કાયમ માટે સ્થિર થયા એ પહેલાં એમણે યુરોપના નાનામોટા ઘણા પ્રવાસો ખેડ્યા હતા. ઈ. ૧૯૩૪માં એમણે ઑક્સ્ફર્ડમાં તત્ત્વજ્ઞાનનાં વિખ્યાત 'હિબર્ટ વ્યાખ્યાનો' અને '૩૪-૩૫માં એડીનબરૂઅ યુનિવર્સિટીમાં 'ગિફર્ડ લેક્ચર્સ' આપ્યાં હતાં. ૧૯૪૯માં એમણે અમેરિકાની મુલાકાત લીધી ને ત્યાં આપેલાં ભાષણોની આવકનો ઉપયોગ દવાખાનામાં કર્યો.

ઈ. ૧૯૨૮માં ફ્રૅન્કફર્ટ ગયા ત્યારે ત્યાંના શહેરીઓ તરફથી એમને 'ગ્અટે પ્રાઈઝ' મળેલું. ૧૯૫૧માં તો એમને ફ્રેન્ચ અકાદમીમાં ચૂંટવામાં આવ્યા અને ૧૯૫૩માં શાંતિ માટેનું જગવિખ્યાત નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું. ૧૯૫૫માં ઇંગ્લંડનો માનવંતો 'ઑર્ડર ઑવ મેરિટ'નો ખિતાબ આપીને એમનું બહુમાન કરવામાં આવ્યું.

'આફ્રિકાવાસીઓ માટે ડૉક્ટરને સાચો પ્રેમ નથી; એ એક દંભી સંસ્થાનવાદી છે.'... 'એમની જંગલી ઑસ્પિટલ પૂરી આધુનિક પણ નથી'...એવી ગેરસમજૂતભરી ટીકાઓના સરપાવ પણ સહેતાંસહેતાં છેક ૮૫ વર્ષની ઉમર સુધી તો એ સફળતાપૂર્વક ઑપરેશનો કરી શકતા, અને ૯૦ વર્ષની ઉમરે કલાકો સુધી સખત પરિશ્રમ કરી શકતા.

જીવન માટે અત્યંત પ્રેમ ધરાવતા અને માનવજાતના સાચા ચાહક ડૉક્ટર શ્વાઈત્ઝરે 'બાખ : ધ મ્યૂઝીશીઅન-પોએટ', 'માઇ લાઈફ ઍન્ડ માઈ થૅાટ', 'ઑન ધી એઈજ ઑાવ ધ પ્રિમાઈવલ ફૉરેસ્ટ', 'ફ્રૉમ માઈ આફ્રિકન નોટબુક', 'ક્રિશ્ચિયાનિટી ઍન્ડ ધ રીલિજિયન ઑાવ ધ વર્લ્ડ', 'ફિલૉસોફી ઑાવ સિવિલિઝેશન' 'ઇન્ડિયન થૅાટ ઍન્ડ ઈટ્સ ડેવેલપમેન્ટ' આદિ પુસ્તકો લખ્યાં છે જે એમના ઊંડા ચિંતનનાં દ્યોતક છે.

રાજમાતા અહલ્યાબાઇ: આર્ય સ્ત્રીશક્તિ

રાજમાતા દેવી અહલ્યાબાઈ હોળકરનો ઉત્સવ ઇંદોર દર વરસે ઊજવે છે. આ વરસે તે પ્રસંગે બહાર પડેલા ખાસ ગ્રંથ માટેના એક લેખમાં કાકાસાહેબ કાલેલકર એમને વિષે લખે છે:

૪૯૫ ('કુમાર' અંક ૫૦૨)

'ભારતના ઇતિહાસમાં દેવી અહલ્યાબાઇ હોળકરને જે સ્થાન મળવું જોઇએ તે અત્યાર સુધી મળ્યું નથી એ દુઃખની વાત છે. સાચું જોતાં, એમને દુનિયાના ઇતિહાસમાં સ્થાન મળવું જોઈતું હતું....... દુનિયાના ઇતિહાસનું રહસ્ય જાણનાર તથા માનવ-વિકાસમાં સંસ્કૃતિનું મહત્ત્વ પારખનાર કોઈ ઈતિહાસકાર દેવી અહલ્યાબાઈનું ચરિત્ર હવે પણ લખે. સામાન્ય જનતા અહલ્યાબાઈની દાનશૂરતા જ જાણે છે. રાજ્યશાસનમાં યુદ્ધનીતિ, અર્થનીતિ, ન્યાયદાન તથા સંસ્કૃતિનું સંવર્ધન–એ બધાં ક્ષેત્રમાં એકસરખી પ્રવીણતા બતાવનારી બીજી કોઈ સ્ત્રી હું જાણતો નથી. પતનના કાળમાં આસપાસનાં બધાં બળોની સાથે પરિચય રાખી, સૌની મદદ લઈને, રાજ્યનો કારભાર ચલાવવાની કુશળતા બતાવનારા પુરુષો પણ જ્યાં કમ છે, ત્યાં એવી કુશળતા બતાવનારી સ્ત્રી બીજી ક્યાં મળી શકે છે?'

આપણી શાળા-મહાશાળાએ આ વસ્તુ ધ્યાન પર લેવી જોઇએ.

લગભગ અભણ જ ગણાય એવી એક વિધવા બાઈમાણસ 'પેશવાઈ' યુગના મરાઠા રાજકારભારમાં રાજ્ય સંભાળી અમર નામ કમાઈ શકે એ, ખરેખર, અદ્ભુત છે. હિંદુ ધર્મ અને તેણે ઘડેલી સામાન્ય સ્ત્રીશક્તિ કેટલી પ્રબળ વસ્તુ છે, કેવું એક મહાસાંસ્કૃતિક બળ છે, સમય-સંજોગ-વશ તે કેવું હીર પ્રગટાવી શકે છે, તે અહલ્યાબાઈની કથામાં જોઇને ધન્યતા થાય છે. બાઈની આ શક્તિ, એક રીતે જોતાં તેના મૂળ રૂપે, પોતાનું ઘર યથોચિત ધર્મપૂર્વક સંભાળવાની આર્ય સ્ત્રીશક્તિ જ હતી. જે પ્રકારનું રાજ્ય-ઘર સંભાળવાનું ઈશ્વરઇચ્છાએ આવી પડ્યું તેને પહોંચી વળવા જેટલી ત્યાગ-તિતિક્ષા-ધર્મ-ભાવનાનો જ પ્રભાવ એ હતો. પોતાનો ઘરસંસાર ત્રેવડ અને સદા જાગ્રત જહેમતથી ચલાવવાની સ્ત્રી-સહજ કુશળતા જ દેવી અહલ્યાબાઇએ, પોતાને માથે આવી પડેલો રાજ-સંસાર સંભાળવામાં પ્રગટાવી. મુત્સદ્દી અને ઉદ્દામ તેમજ કૂડકપટશૂરા સરદારોને પણ બાઈએ પોતાની સહજ પવિત્રતાથી બકરી જેવા સીધા રાખ્યા. અરે પેશવાએ પણ ભેદનીતિ રમવામાં પોતાનો હાથ ઝાલી રાખ્યો. તત્કાલીન અંગ્રેજ રાજકર્તાઓ પણ શીલ ને ચારિત્ર્યનો આ ચમત્કાર—અહલ્યાબાઇના એ ધર્મરાજ્યનો રણમાં વીરડી સમો નમૂનો—જોઇને દેવીનાં મુક્ત કંઠે વખાણ કરે છે. આપણી શાળાઓમાં દર વરસે અહલ્યોત્સવ દાખલ કરવા જેવું તિથિ-પર્વ છે.

(સત્યાગ્રહ) —મ. પ્ર. દેસાઈ

નાની પણ નામી પારસી કોમ

ભારતમાં પારસી કોમની વસ્તી માત્ર ૧,૨૧,૦૦૦ની જ છે છતાં એ કોમે ભારતનાં રાજકીય, સામાજિક, ઔદ્યોગિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક તેમજ વૈજ્ઞાનિક અને ટેકનિકલ ક્ષેત્રોમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. દાદાભાઈ નવરોજી, ભારતના 'ગ્રાન્ડ ઓલ્ડ મૅન', જેમણે ૯૨ વર્ષનું આયુષ્ય ભોગવ્યું તે ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસના સ્થાપકોમાંના એક હતા અને તેના પ્રમુખ પણ થયા હતા. એમણે પહેલી જ વાર હિંદુસ્તાનની પ્રજાનું ધ્યાન ખેંચ્યું કે બ્રિટિશ રાજ્યમાં અનેક સુખ-સગવડો અને સલામતી હોવા છતાં દેશનું ધન બ્રિટનમાં ઘસડાઈ રહ્યું છે અને પ્રજા ગરીબ બનતી જાય છે; જમશેદજી તાતાએ ઔદ્યોગિક ક્ષેત્રમાં ભારે સાહસ ખેડી મોટા ઉદ્યોગો દેશમાં સ્થાપ્યા; વાડિયા કુટુંબના વડાએ વહાણ બાંધવાનાં કામ કરી દેશવિદેશમાં નામના મેળવી; બહેરામજી મલબારીએ સામાજિક સુધારાનાં ક્ષેત્રોમાં ખૂબ સહાયતા કરી; એમનાં જ ખંત અને ધગશ તથા અથાગ શ્રમને પરિણામે સંમતિવયનો કાયદો પસાર થયો; જીવણજી મોદી અને ખર-

આપણો જવાન

ભારતના સૈન્યનો દરેક જવાન પોતાના અધિકારથી વ્યક્તિવિશેષ છે. એનું નામ, ધર્મ, જ્ઞાતિ ગમે તે હોય, તે ગમે તે પ્રદેશમાંથી આવતો હોય, પણ તેને કોઈ ધર્મનો વાડો નથી, કોઈ જ્ઞાતિનું બંધન નથી. તે હિંદી બોલે છે. તે ગમે તે રાજ્ય અને ગામમાંથી આવ્યો હોય, પણ સમગ્ર ભારત તેનું ઘર છે. તે જાટ, શીખ, પંજાબી, ડોગરો, કુમૈયો, ગઢ-વાલી, રાજપૂત, મરાઠો, મુસ્લિમ કે ગમે તે જ્ઞાતિજાતિનો હોય પણ એ તો યે 'ભારતીય' જ છે અને ભારતીય હોવા માટે—ભારતનો રખેવાળ હોવા માટે ગૌરવ અનુભવે છે.

તેના અણુએ અણુમાં શ્રેષ્ઠ તાલીમ અને રગેરગમાં લોખંડી શિસ્ત છે. જ્યારે શત્રુ સામે લડવાનું હોય ત્યારે આપણા જવાનમાં તોપના ધગધગતા ગોળા જેટલો જુસ્સો છે. પરંતુ જ્યારે તે યુદ્ધ કરતો નથી હોતો ત્યારે તે શાંતિનો ફિરિસ્તો અને માનવતાની મૂર્તિ છે. લોહિયાળ લડાઇ વચ્ચે પણ તે માનવતાને વિસારતો નથી. યુદ્ધના મેદાનમાં પણ તે સ્ત્રીઓ, બાળકો, ઘવાએલાઓ, બીમારો, નિરાધારો અને યુદ્ધગ્રસ્ત નાગરિકોને સહાય કરે છે,—તેમની સેવા પણ કરે છે, પછી ભલે તે દુશ્મન-દેશનો નાગરિક હોય.

આપણો જવાન લશ્કરી જીવનમાં ભાઈચારામાં માને છે તે પોતાના સરદાર અને સાથીઓ પ્રત્યે અનન્ય વફા-દારી અને પ્રેમ ધરાવે છે. તેનો સરદાર છાવણીમાં બેસીને લડવાના હુકમ નથી છોડતો, જવાનોની સાથે રહીને લડે છે અને જિંદગીના જોખમે તેમની પાસે પહોંચીને તેમની બહાદુરી માટે પીઠ થાબડે છે અને લડવામાં સાથ અને સહાય આપે છે. આપણો જવાન પોતાના ઘવાએલા સાથીની જિંદગી બચાવવા તેને ગોળીઓની રમઝટ વચ્ચેથી ખેંચી લેવા પોતાનો જાન જોખમમાં મૂકે છે.

કચ્છથી કલકત્તા સુધી, રાજસ્થાન, પંજાબ, કાશ્મીર, હિમાલય, નાગપ્રદેશ, મણિપુર, આસામ ને બંગાળ સુધીની ૯,૪૨૫ માઈલ લાંબી સરહદની અને ૩,૫૩૫ માઈલ લાંબા સાગરકાંઠાની રખેવાળી કરતો જવાન મા-બાપ, ભાઈ-બેન, પત્ની અને બાળકોથી હજારો માઈલ દૂર કઠોર જીવન ગાળે છે, કચ્છ અને મારવાડના ધોમ ધીખતા નપાણિયા પ્રદેશમાં, હિમાલયની થીજવી દેતી ઠંડી અને હંફાવી દેતી પાતળી હવામાં, પહાડો વચ્ચે ઘનઘોર જંગલમાં તે ખડે પગે હોશિયાર બનીને દિવસ ને રાત ચોકી કરે છે.

તમે ખુશ્કી દળની કોઈ પણ બ્રિગેડ જુઓ, વિમાની દળની કોઈ પણ પાંખ જુઓ, કે નૌકા દળની કોઈ પણ મનવાર જુઓ, તે આપણા બિનસાંપ્રદાયિક ભારતના ઐક્ય અને સંગઠનનું પ્રતીક છે. ભાષાવાદ, પ્રદેશવાદ, કોમવાદ, જૂથવાદ, જ્ઞાતિવાદ કે પક્ષવાદના વિખવાદોથી પીડાતા રાજકીય માણસો આપણા દેશ વિષે આપણું જે સ્વપ્ન છે તેના પ્રતીક નથી. તમે એ બ્રિગેડ, પાંખ કે મનવારના જવાનો કાશ્મીરથી કન્યાકુમારી અને ઓખાથી આસામ સુધીના એક ભારતમાતાના એ પુત્રો આપણું પ્રતીક છે.

આપણો એ જવાન પણ પોતાના ઘરમાં કોઈનો લાડક-વાયો છે. એની માએ એનું કપાળ ચૂમીને, એના પિતાએ અંતરની આશિષો વરસાવીને, એની બેનડીએ મંગલ કામ-નાઓ કરીને અને એની વીરાંગનાએ એની રક્ષા માટે કંઈ-કંઈ વ્રત લઈને દેશની રક્ષા માટે એને મોકલ્યો છે. એ ભેંકાર વનવગડામાં જાગે છે જેથી આપણે નિશ્ચિત બની ઊંઘી શકીએ; તે તુમુલ સંગ્રામમાં મરે છે જેથી દેશ સ્વમાનમાં અને સલામતીમાં જીવી શકે. જોજો, રખે આપણે આપણા જવાનના આત્મબલિદાનને બેવફા અને અપાત્ર થઇએ!

'સોડહમ્'

શેઠજી કામા એ બે વિદ્વાનોએ પોતાના ઊંડા અભ્યાસ અને વિદ્વત્તાથી પ્રાચીન ઈરાનીઓ અને પ્રાચીન આર્યોના ઈતિહાસ વિષે સંશોધન કર્યું; સહુથી પહેલું ગુજરાતી વર્તમાનપત્ર અને સહુની પહેલું છાપખાનું (મુંબાઈ ઈલાકામાં) એક પારસી ગૃહસ્થ મરઝબાને શરૂ કર્યું; પારસી શ્રીમંતો-એ ઠેરઠેર-મુંબાઈ, સુરત, ભરૂચ, નવસારી, બીલીમોરા, અમદાવાદ વગેરે સ્થળોએ-સાર્વજનિક હાઈસ્કૂલો અને ઇસ્પિતાલો સ્થાપી; વિજ્ઞાનમાં, કલા અને રમતગમતમાં ખાસ કરીને ક્રિકેટમાં એ કોમે દેશને ગૌરવ અપાવ્યું; અને એમની દાનપ્રવૃત્તિ તો સર્વ કોમો માટે ખુલ્લી રહી છે. બ્રિટિશ રાજ્યના લગભગ બસો વર્ષના શાસન દર-મિયાન ત્રણ હિંદીઓને બ્રિટિશ પાર્લમેન્ટના સભ્ય થવાનું સ્થાન મળ્યું છે અને એ ત્રણે પારસીઓ હતા—દાદાભાઈ નવરોજી લિબ-રલ પક્ષના, મંચેરજી ભાવનગરી રુઢિચુસ્ત પક્ષના અને સકલાતવાળા મજૂર પક્ષના—એ હકીકત ખાસ નોંધપાત્ર છે. (જ્યોતિર્ધર)

એ જ પારસી કોમના એક અત્યંત પ્રતિભાશાળી રાજપુરુષ ફિરોઝશાહ મહેતા મુંબાઈના જાહેર જીવનમાં લગભગ ૪૦ વર્ષ લગી મુખ્ય-સંચાલક રહ્યા હતા. એમના જન્મની ૧૨૦મી જયંતી (જન્મ ૪-૮-૧૮૪૫) ગયા ઑગસ્ટ માસમાં ગઈ તેનું આપણે પુણ્યસ્મરણ કરવું જોઇએ. (વિસ્તૃત ચરિત્રરેખા હવે પછી)

પ્રોમેથિયમ—એક નવું તત્ત્વ


પૃથ્વી પરનાં જ્ઞાત ૯૦ મૂળ તત્ત્વોમાં જેની ગણના નહોતી એવું 'પ્રોમેથિયમ' નામે એક નવું રાસાયણિક તત્ત્વ ફિન્લૅન્ડના એક સંશો-ધકે હમણાં વીસેક વર્ષની મહેનત બાદ છૂટું પાડ્યું છે. આજ સુધી માત્ર 'મૂલ્યવાન માટીઓ' તરીકે જાણીતાં તત્ત્વોમાં એની ગણના થતી હતી. રશિયન વિજ્ઞાની મેન્ડેલયેવે આંકેલા અનુક્રમમાં એનો ઉલ્લેખ હતો. પદાર્થોનાં અણુબંધારણના સિદ્ધાંતને આધારે એની શોધ થઇ શકી છે. અન્ય કોઇ પદાર્થના તત્ત્વોના આણુવિક પરિવર્તનના પરિણામે એની હસ્તી હશે, કે એ એક સ્વતંત્ર કુદરતી તત્ત્વ છે, એ વિષે મતભેદ હતો; પણ આ શોધથી એ મતભેદ મટી ગયો છે. એનો આણુ-ક્રમાંક ૬૧ છે અને એક અલગ મૂળ તત્ત્વ તરીકે છૂટું પાડી શકાયા પછી હવે એને વિષે વિશેષ જ્ઞાન પણ મેળવી શકાશે.

ચીનનું ચિત્ર

એશિયાના મોટા ભાગને આવરીને પડેલું અને જગતના રાજકારણમાં મહાસત્તા બનીને એકચક્રે રાજ કરવાની અભિલાષા ધરાવતું ચીન આપણો પડોશી — અને હમણાં દુશ્મન દેશ હોવાથી તેને વિષેની માહિતી મેળવવી આપણે માટે પરમ આવશ્યક છે. આ નીચે, તેમજ સાથેના આલેખમાં એવી થોડી માહિતી તારવીને આપી છે.

ક્ષેત્રફળમાં ચીનથી માત્ર રશિયા જ મોટું છે. પણ ભૂંડ અને માણસની વસતિમાં દુનિયામાં બધા દેશોથી એ આગળ છે! એ જ રીતે એના સામ્યવાદી પક્ષની ૧,૭૦,૦૦,૦૦૦ — એક કરોડ સિત્તેર લાખની સભ્યસંખ્યા પણ દુનિયામાં મોટામાં મોટી ગણાય! સમગ્ર પ્રજાના શરીરમાં પક્ષ જાણે કે હાડપિંજર તરીકે પકડ જમાવી પડેલો છે. એની પાર્લમેન્ટમાં ૩૦૪૦ પ્રતિનિધિઓ બેસે છે. આવતે વર્ષે એની ત્રીજી પંચવર્ષીય યોજનાનો આરંભ થશે. આ સાથેના આલેખમાં વિકાસ માટે જરૂરી એવા એના ઉત્પાદનના કેટલાક આંકડા આપ્યા છે એ પરથી એની યોજનાની દિશા અંદાજી શકાશે.

આધુનિક યુદ્ધસામગ્રીમાં અત્યંત આવશ્યક એવા પોલાદના ઉત્પાદનમાં ચીન ઠીકઠીક આગળ છે. નૌકાદળમાં એ સરખામણીમાં પાછળ હોવા છતાં એનું વિરાટ ભૂમિદળ ભારત માટે પૂરા ભય રૂપ નીવડે એટલું છે. હીરોશીમા પર અણુબૉંબ ફેંકતાં પહેલાં અમેરિકાએ તો એક જ અણુધડાકો કરેલો; ચીને એવા બે પ્રયોગો તો કરી લીધા છે, અને વળી એશિયન રાષ્ટ્રોમાં એનું હવાઇ દળ મોટું છે. 'પ્રગતિ માટેની લાંબી ફલાંગ'ની નિષ્ફળતા પછી ઈ. ૧૯૬૧થી ખેતીના વિકાસને ત્યાં ઘણું મહત્ત્વ અપાવા માંડયું છે; છતાં હજી પોતાની પ્રજાને અનાજ ને કાપડ પણ પૂરાં પાડવા એને બાહ્ય.રથી આયાત કરવી પડે છે, એટલે એ ક્ષેત્રે સ્વાવલંબી બનવા તે તનતોડ પ્રયત્ન કરી રહ્યું છે અને આ વર્ષે ખેતીની પેદાશમાં પાંચ ટકાનો વધારો ઉતારવાની આશા રાખે છે. આજે ત્યાં માપબંધીમાં મહિને માથાદીઠ ૨૮ રતલ અનાજ, ૩ થી ૪ અૌંસ તેલ ને અરધો રતલ ખાંડ મળે છે. વધારાની જરૂરિયાત બજારમાંથી મેળવી તો શકાય છે, પણ તેના ભાવ પરવડે નહિ તેટલા ઊંચા છે. ચીનમાં કારખાનાના કામદારને સરાસરી મહિને લગભગ ૧૦૪ રૂપિયા જેટલું વેતન મળે છે અને ખેડૂતની માસિક



આવક ૪૦ રૂપિયા જેટલી છે. સારી જાતના જોડા લેવા ખેડૂતને પોતાની આખા માસની આવક ખરચવી પડે છે. એકાદ ખમીસ લેવું હોય તો યે એટલી જ કિંમત થાય, ને ટકાઉ પાટલૂન લેવા માટે બે મહિનાની કમાણી આપી દેવી પડે!

મને-કમને ચીનની પ્રજા આવી ભીડ ભોગવે છે : દેશને નામે. એને મુકાબલે આપણે કેટલી અછત ભોગવીએ છીએ અને કેટલી ભોગવી શકીએ તે વિચારવું જોઈએ : દેશને નામે. ('સન ડે ટાઈમ્સ')



આ વર્ષે પહેલી નવેમ્બરે બહાર પડતાં નવાં રેડિયો લાઇસેન્સની ફી હવે એ માટે ખાસ તૈયાર કરેલી (ઉપર મુજબની) ટિકિટોના રૂપમાં ખરીદીને ચૂકવવાની રહેશે અને તે લાઇસેન્સ-પુસ્તિકામાં ચોડાશે. આ ટિકિટો પર ઑલ ઇન્ડિયા રેડિયોની પ્રવૃત્તિનાં આલેખનો છે, જેમાં આપણા પ્રાચીન સાંસ્કૃતિક વારસામાંથી ચૂંટેલી દ્યોતક પ્રતિમાઓનાં પણ ચિત્રો છે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: સર ક્રિસ્ટૉફર રેન

લંડનના જાણીતા સેંટ પૉલના દેવળની જેણે રચના કરેલી તે જગવિખ્યાત સ્થપતિ સર ક્રિસ્ટૉફર રેનની ખગોળશાસ્ત્રી ને ગણિતજ્ઞ તરીકેની પ્રતિભા પણ એવી હતી કે ખુદ ન્યૂટને પણ તે બિરદાવેલી. ઇંગ્લંડના વિલ્ટશાયરપરગણામાં ઇસ્ટ નાઇન્ટ મુકામ ઈ. ૧૬૩૨ની ૨૦મી ઑક્ટોબરે એ જન્મ્યો. બચપણથી જ ગણિત, ખગોળ અને શરીરશાસ્ત્રમાં ઊંડા રસ ઉપરાંત કાચની આંખો, નૌકાયાનનાં કેટલાંક નાજુક સાધનો તથા ચંદ્રનું મૉડેલ બનાવવા જેવી પ્રવૃત્તિઓમાં પણ એની શક્તિ પ્રકાશી ઊઠી હતી.



પ્રથમ ઑક્સફર્ડ ને પછી લંડનની ગ્રેશામ કૉલેજમાં ખગોળશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે મિત્રો સાથે મળી રેન જે વિજ્ઞાન-બેઠકો યોજતા તેમાંથી જ આગળ જતાં ઈ.૧૬૬૦માં ઇંગ્લંડની જગનામી વિદ્વત્સંસ્થા રૉયલ સોસાઇટીનો પાયો નખાયો. બીજે વર્ષે ફરી ઑક્સફર્ડમાં પ્રાધ્યાપક તરીકે એમની નિમણૂક થઈ. લગભગ આ જ કાળમાં એમને સ્થાપત્યમાં રસ જાગ્યો ને પછીના જીવનકાળમાં એ જ કાર્યમાં નામના મેળવી. છતાં વિજ્ઞાનીઓનો સંપર્ક તો જાળવી જ રાખેલો. કૉફીઘરોમાં એકઠા થઈ તે વિજ્ઞાની મિત્રો સાથે લાંબી ચર્ચાઓ કરતા.

ચાર્લ્સ બીજાને ગાદી મળ્યા પછી થોડાં વર્ષો બાદ રેનને સ્થપતિ તરીકેની કામગીરી સોંપાઈ ને તે પછીનાં પચાસથી યે વધુ વર્ષો સુધી તે ઇંગ્લંડના એક અગ્રગણ્ય ને પ્રભાવશાળી સ્થપતિ તરીકે નામના કમાતા રહ્યા. કૅમ્બ્રિજનું પેમ્બ્રૉક ચૅપલ એ એમણે રચેલું પ્રથમ સ્થાપત્ય.લગભગ એ જ કાળમાં ઑક્સફર્ડમાં શેલ્ડોનીઅન થીએટર પણ સર્જ્યું, જેમાં એમણે વચ્ચે થાંભલા મૂક્યા વિના વિશાળ છાપરાને ટેકવવાનો પ્રશ્ન હલ કર્યો.


૧૬૬૫માં લંડનમાં મરકી ફાટી નીકળી. રેને એ દરમિયાન યુરોપખંડની યાત્રા કરી, ફ્રેન્ચ સ્થાપત્યનો અભ્યાસ કર્યો ને તે કાળના ઇટાલીના વિખ્યાત સ્થપતિ બર્નિનીની મુલાકાત લીધી. તેણે ક્રિસ્ટૉફરને લૂવ્રના મહેલ માટે પોતે કરેલા આલેખો બતાવ્યા.

ઈ. ૧૬૬૬ની ભયાનક આગ પછી લંડનમાં સ્થપતિ તરીકે એમને માટે જીવનની મહાન તક ઊભી થઈ. શહેરની પુનર્રચના વિચારવાનું એમને સોંપાયું. એમણે આદર્શ રચનાઓ રજૂ કરી પણ એ પ્રમાણે શહેરની રચના કરવા જતાં ખાનગી જમીનો પૈસા આપીને પણ મેળવવી મુશ્કેલ હોઈ એમની યોજના સ્વીકારાઈ નહિ. પણ સેન્ટ પૉલના દેવળની પુનર્રચનાનું કાર્ય એમને સોંપાયું. એ ઉપરાંત બીજાં ૫૧ જેટલાં દેવળો એમણે તૈયાર કર્યાં, જેમાંનાં મોટા ભાગનાં દેવળો તો ૧૬૭૦થી ૧૬૮૫ દરમિયાન ફરી બાંધ્યાં. એમાં એમણે દસદસ ને આઠઆઠ બાજુઓવાળાં મંદિરો સર્જ્યાં. આગમાં નાશ પામેલાં બધાં જ દેવળો ફરી બંધાઇ શકે તેમ ન હોઈ નવા મંદિરોમાં વધુ માણસો સમાવવાના પ્રશ્નનો તોડ તેમણે બહુકોણ અંતરાલ રચીને કાઢ્યો ને એમાં ગૅલેરીનો પણ પૂરતો ઉપયોગ કર્યો. એમણે બાંધેલાં દેવળો બહારથી તો મોટે ભાગે શાસ્ત્રીય પદ્ધતિનાં સાદાં જ લાગે; પણ અંદરના ભાગોમાં પ્લાસ્ટર તથા લક્કડકામ અને પ્રવેશદ્વારો ને ઘુમ્મટ પર એમણે વધુ કૌશલ્ય તથા સૌન્દર્ય દાખવ્યું છે, અને એ બધાં કાર્યો દરમિયાન ૧૬૭૨માં બનાવેલા સેંટ પૉલના પ્રથમ નમૂનાથી માંડી ઈ. ૧૭૧૧માં એ દેવળ પૂરું થયું ત્યાં સુધી તેઓ ખાસ તો એના કામમાં જ રાતદિવસ જૂતેલા રહેલા. ૧૬૬૯માં એમને શાહી સર્વેયર બનાવી નાઈટહૂડ અપાયું. સેન્ટ પૉલના સ્થાપત્ય ઉપરાંતનાં એમનાં વિખ્યાત કામોમાં શાહી મહેલનું નાવિકોની ઑસ્પિટલમાં કરેલું રૂપાંતર જાણીતું છે. આરંભમાં એમણે પોતાના કામમાં પોર્ટલૅન્ડના સફેદ પથ્થરના વપરાશનો જે આગ્રહ સેવ્યો હતો તે એમનાં પાછળનાં કામોમાં જણાતો નથી. કદાચ કરકસરને ખાતર એમને ઈંટોને અપનાવવી પડી હશે.

આ ઉપરાંત જાહેર તેમજ ખાનગી અન્ય અનેક સ્થાપત્યોમાં પણ એમની સલાહ લેવામાં આવતી, પણ એમણે એકે ખાનગી મકાન માટે નકશા કર્યા નહોતા. અલબત્ત, ભસ્મીભૂત લંડનની પુનર્રચના માટે એમની યોજના ભલે સ્વીકારી શકાઇ નહિ, પણ પછી યે જે નવું લંડન રચાયું એમાં એમનો સીધો કે આડકતરો ઓછો હિસ્સો નહોતો જ. ૯૧ વર્ષની વયે એમનું અવસાન થયું ત્યારે સેંટ પૉલના દેવળમાં જ એમને દફનાવવામાં આવ્યા.

પ્રસંગવિશેષ: માર્ટિન લ્યૂથરની ધર્મક્રાંતિ · ૩૧મી ઑક્ટોબર ૧૫૧૭

રોમમાં સેન્ટ પીટરનું નવું ભવ્ય દેવળ બાંધવા માટે પૈસા એકઠા કરવા પોપ લીઓ દસમાએ એક યુક્તિ શોધી: જેઓ પોતાનાં પાપ જાહેર કરે તેમને તે માટે ક્ષમા તથા મરણોત્તર શાંતિ માટેનાં 'માફીપત્રો' એણે વેચવા માંડયાં; એટલું જ નહિ પણ એ નહિ ખરીદનારને પરલોકમાં કેવીકેવી નર્કયાતનાઓ ભોગવવી પડશે તેનો પણ પ્રચાર કરવા માંડયો! પાપ માફ કરવાના તેણે સ્વયં હાથ ધરેલા આ અધિકાર સામે માર્ટિન લ્યૂથર નામે એક જર્મન ધર્મોપદેશક ઊકળી ઊઠયો. મૂળ તો એ વકાલત માટે તૈયાર થએલો, પણ પવિત્ર જીવનના આગ્રહથી ધર્મોપદેશક બનવા પ્રેરાયો હતો અને પોતાના વિદ્વત્તાભર્યા વક્તૃત્વથી ખ્યાતિ પામી વિટ્ટનબર્ગ વિદ્યાપીઠમાં ધાર્મિક તત્ત્વજ્ઞાન શીખવવા નીમાએલો. ધર્માચરણમાં પેસી ગએલા સડાથી એ વાજ તો આવી જ ગયો હતો; એમાં 'માફીપત્ર'ના આ ધતિંગે આગ ચાંપી અને એણે આવાં



બધાં તત્કાલીન ધર્માચરણો અને ઠગ ધર્મધુરંધરો સામે માથું ઊંચક્યું. પોતાના વિચારો દર્શાવતી અને ધર્મની ખરી વ્યાખ્યા સમજાવતી ૯૫ દલીલો લખીને એણે જાહેરમાં દેવળનાં બારણાં પર ચોડી. ઈ. ૧૫૧૭ની ૩૧મી ઑક્ટોબરે એણે દેખાડેલી આ હિમ્મત બદલ એને ઘણું હેરાન પણ થવું પડયું જ, પણ એની અડગતા તથા તે પાછળની સચ્ચાઇએ વિચારવંત લોકોની આંખો ખોલી નાખી હતી. પાછળથી વિકાસ પામી સુધારક વલણવાળા પ્રૉટેસ્ટંટ સંપ્રદાયનો આ રીતે પાયો નખાયો.

કિસ્મત કો અપને હાથમેં કૈદી બના રખો,
દુશ્મન જો આયે સામને, તો મૌત બન ચલો!

—લ. ર. મીરાણી

અલ્લાહાબાદના એક રસ્તા પરથી પસાર થતાં પંડિત મદનમોહન માલવીયાજીએ જેના પર માખીઓ બણબણી રહી છે એવી પાકી ગએલી કોણીવાળી એક બાઇને દૂંટિયું વાળી પડેલી જોઇને તરત એક ગાડી થોભાવી, એમાં બાઇને નાખી દવાખાને ઊપડવાની તૈયારી કરી. એ જોઈ એક યુવાને કહ્યું: 'પંડિતજી, તમારે બીજાં ઘણાં અગત્યનાં કામ હશે. રહેવા દો, હું એને દવાખાને પહોંચાડી આવું.'

'આ કામ કરતાં વધારે અગત્યનું બીજું કોઈ કામ હોઈ જ ન શકે.' માલવીયાજીએ કહ્યું ને ગાડી ચલાવડાવી.

કહેવતોના અર્થ: 'હોય દોકડા તો પરણે કાણા ખોબડા'–सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते। ની સંસ્કૃત ઉક્તિને ટેકો આપતી આ તળપદી કહેવત લગ્ન જેવી જીવનની અતિ ગંભીર ને પવિત્ર પ્રવૃત્તિ સુધી પણ પૈસાનો પંજો કેવો પ્રસરેલો છે, એ બતાવે છે. આને મળતી બીજી કહેવતો: 'દામ કરાવે કામ ને લૂંડી કરે સલામ'; 'નાણાં વિનાનો નાથિયો ને નાણે નાથાલાલ'; 'વસુ વિના નર પશુ' વગેરે.

એકાક્ષરી અનેકાર્થી શબ્દો

કુ=કૂવો, પૃથ્વી, ત્રિકોણનો પાયો. **કે**= કોઈ, કયું, એટલે, તરત. **ખ**=કૂવો, શ્વાસનળી, સ્વર્ગ, બ્રહ્મા, સૂર્ય, હાથી, પૃથ્વી, આકાશ, અબરખ, નગર, સુખ, હર્ષ, કલ્યાણ, વિષ્ણુ, ગ્રહ. **ખો**=નાશ, વેર, રહેઠાણ, પર્વત, સળેખમ, ખાંસી, ખીણ, રીતભાત, ટેવ. **ગો**= અબળખા, બડાઈ, ગવૈયો, ઘોડો, ચંદ્ર, પ્રશંસક, બળદ, રૂઆબ, વાયુ, વીજળી, શબ્દ, સૂર્ય, સ્વર્ગ, હીરો, આકાશ, જીભ, દિશા, દષ્ટિ, નેત્ર, પૃથ્વી, માતા, વાલી, વેદ, શય્યા, સંખ્યા, કિરણ, વાળ, જળ, મુખ, સત્ય.

ગણિતગમ્મત

અમુક રકમ(એકથી દસ સિવાયની)ધારો. તેની અરધી કરો. જે આવે તેને ધારેલી રકમમાં ઉમેરો. પછી તેને બે વડે ગુણો. હવે ધારેલી રકમમાંથી નવ (૯) બાદ કરો અને જે આવે તે ઉપરના ગુણાકારમાં ઉમેરો. પછી આવેલી રકમને ચાર વડે ભાગો અને આવે તેમાં બે ઉમેરો. પછી આવેલામાં ૦।=(¼) ભેળવશો એટલે તમારી સંખ્યા આવી જશે.

—કાન્તિલાલ મ. જોષી



દરિયાના એક ટન પાણીમાં પાવલી જેટલી કિંમતનું સોનું હોય છે.

કોયડા

(૧) 'ખાંડ કયા ડબ્બામાં છે?' એવા ચંદાના પ્રશ્નના ઉત્તરમાં બાએ કહ્યું, 'આ બાજુથી બીજા ને પેલી બાજુથી ગણતાં ત્રીજા ડબ્બામાં.' આલમારી પર કેટલા ડબ્બા હશે? ૨) ત્રીજી તારીખ પછી પાંચમી તારીખ કેટલા દિવસ બાદ આવે? ૩) પોણા ઓગણપચાસમાં ¾ ઉમેરતાં કેટલી રકમ થાય?

આ ત્રણે પ્રશ્નોના ઉત્તર એકદમ આપવા જતાં અનુક્રમે (૧) પાંચ (૨) બે અને (૩) પચાસ એવા જવાબ સૂઝી આવવા સંભવ છે. પણ વાસ્તવમાં ત્રણેના જવાબ અનુક્રમે(૧) ચાર (૨) એક અને (૩) ઓગણપચાસ છે.

ખોટી વાત

'સ્લો મોશન' ચિત્રો કૅમેરાની મંદ ગતિએ નહિ પણ ચાલુ કરતાં ઝડપી ગતિએ લેવાય છે.


જાણો છો? ભારતમાં સંરક્ષણખર્ચ જેટલી જ રકમ લોકો તમાકુ પાછળ ખર્ચે છે! આપણા દેશમાં દર વર્ષે ૧૦૦ કરોડ રૂપિયાની બીડી ને ૫૫ કરોડ રૂપિયાની સિગારેટ ખપે છે!



દેશબંધુ ચિત્તરંજન દાસની ૯૫મી જન્મજયંતી નિમિત્તે ભારતે બહાર પાડેલી ૧૫ પૈસાની ખાસ ટિકિટ

શતરંજનો કોયડો

J. MORAVEC



White to play and win

સ્થિતિ : 1R6/2pk4/1P6/8/3r4/K7/P7/8

કોયડો : સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં સફેદ પાસે કાળા કરતાં એક પ્યાદું વધુ છે પણ જીતવું સહેલું નથી. દા.ત. 1 P×P, K×P પછી જીતવું અશક્ય જ છે. વળી, 1 P–N7, K–B3 પછી NP આગળ વધી શકે નહિ. કાળો તેની પહેલી ચાલમાં 1...P×P રમી શકે તેમ હોવાથી જીતવા માટે તુરતમાં જ કોઈ યુક્તિ કરવી પડે તેમ છે. ઉકેલ પૃ. ૪૮૩ પર આપ્યો છે.








બળવંત જોષી–રાજકોટ

નવાં વર્ષનાં અભિનંદનપત્રો:


દર વર્ષે 'કુમાર'ના ચાહકો તરફથી મળતાં નવાં વર્ષનાં અભિનંદનપત્રોમાં કેટલાકનો પોતાને હાથે જ બનાવીને મોકલવાનો આગ્રહ અને એ માટેના અનેક અવનવા પ્રયોગો જોવા મળે છે. એમાં સિદ્ધહસ્ત કલાકારોની કૃતિઓ સાથે તદ્દન શિખાઉ લાગતી મુગ્ધભાવે કરેલી ચિત્રણા પણ હોય છે; પણ આ બધાંની પાછળનો 'કુમાર' પ્રત્યેનો સદ્‌ભાવ તો એકસરખો જ હોય છે. આ વર્ષે મળેલાં એવાં અભિનંદનપત્રોમાંની કેટલીક કૃતિઓ અહીં તે મોકલનારનાં નામ સાથે આપી છે. એમનો, તેમજ અન્ય અભિનંદનપત્રો મોકલનાર સૌ મિત્રો-વાચકો-ચાહકોનો આભાર માની સર્વેને નવા વર્ષનું અભિનંદન પાઠવીએ છીએ. વર્તમાનપત્રોની નૂતન વર્ષની ભાવના-ઓમાં આ વર્ષે 'જન્મભૂમિ'નું સૂત્ર તથા ગુજરાત સમાચાર'નું સુશોભન પ્રેરક હતાં. એ બંનેનું (થોડા ફેરફાર સાથે) સંયોજન કરી અહીં મથાળે સૌ પ્રથમ મૂક્યું છે.



પેઈન્ટર આઈ. તલાટ–ધંધુકા



દેવજીભાઈ વાજા–પોરબંદર




અશ્વિન મહેતા–મુંબઈ



રમેશ મ. જ્ઞાની-મુંબઈ



લજ્જા: કવિ, શિલ્પી કે કલાકાર વસ્તુતઃ તો પોતાના સર્જનમાં માનવહૃદયની જ ભાવોર્મિઓ પ્રકટ કરતો હોય છે. દેવયુગલનાં પ્રાચીન શિલ્પોમાં લજ્જાના માર્દવથી માંડી ઉત્કટ આલિંગન સુધીનાં જે અનેક નિદર્શન જોવા મળે છે તે પૈકીનું આ એક, પટ્ટડકલ (દક્ષિણ ભારત)નું પ્રાચીન સર્જન હૃદયંગમ છે. (ફોટો: આબિદભાઈ સૈયદ)



કુંજગલી: સિલોન (લંકા)ના યુનિવર્સિટી-નગર પેરાડીનિયાના વિખ્યાત 'રૉયલ બૉટનિકલ ગાર્ડન'માં આવેલા પ્રસન્નકર ઍવન્યૂ (વૃક્ષવીથિ)નો આ ફોટોગ્રાફ ચોમાસાના ધૂંધળા દિવસમાં આટલો સ્વચ્છ-મનોહર લેવા માટે એપર્ચર ઉઘાડું જ (f. 3·5) રાખીને પૂરું એક્સ્પોઝરથી લેવો પડ્યો હતો. (ફોટો: જનકકુમાર દેસાઇ)

કાઢ્યો, વિદ્યાર્થીઓએ તેના જવાબ લખ્યા; પણ અહીં આ પરિસ્થિતિ માટે નીચે પ્રમાણે વાક્યરચના વપરાય છે: The teacher gives examination and the students take examination!

શાળા-કૉલેજમાં બધે જ મોટા ભાગના વિદ્યાર્થીઓ અહીં પેન્સિલથી લખે છે અને પેન્સિલની પાછળ રહેલા રબરથી જરૂર પડે તે ભૂંસે છે. ભલભલા એમ.એ. ને પીએચ.ડી.ના વિદ્યાર્થી પણ સાદી પેન્સિલથી જ લખે છે. શાહીવાળી ઈન્ડીપેન તો કોઈ વિદ્યાર્થી વાપરતો જ નથી. કોઈક બૉલપેન કદાચ વાપરતો હોય; બાકી બધા જ પેન્સિલ વાપરે છે. આપણે ત્યાં બી.એ. તથા એમ.એ.ની ડિગ્રીઓ છે; એ જ ડિગ્રીને અહીં એ.બી. તથા એ.એમ. કહે છે.

આ બધાનું ભલા શું કારણ હશે? આ નવા ખંડમાં વસનારા લોકોએ વિચાર્યું હશે, કે ચાલો આપણે દુનિયાથી કાંઈક જુદું કરીએ અને તેથી આમ આપણાથી વિરુદ્ધ પ્રકારનો વર્તાવ નક્કી કર્યો હશે? પણ એવું વિચારતાં પહેલાં એક વાતનું ધ્યાન રાખવું જોઈએ. ઉપર જે બાબતોમાં મેં 'આપણી' એમ લખ્યું તે ખરી રીતે 'આપણી' નહિ અંગ્રેજોએ આપણને શીખવેલી વાતો છે. જે જે સરખામણી ઉપર કરેલી છે તે બધી વસ્તુઓ અંગ્રેજો આવ્યા પછી આપણે ત્યાં દાખલ થએલી છે. એવું ન બને કે દુનિયા બધી એક રીતે કાર્ય કરતી હોય અને અંગ્રેજો દુનિયા કરતાં જુદી રીતે કરતા હોય? આપણે આ જુદી રીત શીખ્યા હોઈએ અને અમેરિકાવાળા દુનિયાની સામાન્યરીતે જ કાર્ય કરતા હોય અને તેથી આપણને તે આપણાથી જુદા લાગે? ફ્રાન્સ, જર્મની, જાપાન વગેરે દેશોમાં આ બધું કેમ થાય છે તે જાણ્યા પછી જ આપણે કહી શકીએ કે ઇંગ્લંડવાળા જુદા પડે છે કે અમેરિકાવાળા.

અહીં ૩જી નવેમ્બરે સામાન્ય ચૂંટણી થવાની છે. ચૂંટણીમાં મતદાન મશિનથી થાય છે! એ વિષે આવતે રવિવારે લખવા વિચાર છે.

—લિ. કાકાના આશીષ

તા. ૮–૧૧–૧૯૬૪

૩

વહાલાં બાળકો,

ગયે મંગળવારે તા ૧૧-૩-૬૪ (૧૧-૩માં તો સમજી ગયાં ને?) ને રોજ અહીં સામાન્ય ચૂંટણી હતી. ચૂંટણીને દિવસે રજા નહોતી! પ્રમુખની ચૂંટણીમાં બૅરી ગોલ્ડવૉટર સખ્ત રીતે હાર્યો.

અહીં ચૂંટણીનો ઘણોખરો પ્રચાર રેડિયો અને ટેલિવિઝન (ટૂંકું રૂપ ટી. વી.) ઉપર જ થાય છે, અને પ્રચારમાં સ્પષ્ટ સિદ્ધાન્તોની ચર્ચા મુખ્યત્વે હોય છે. છતાં સામસામા આક્ષેપો અને ગાળાગાળી પણ ક્વચિત્ થાય છે! સિદ્ધાન્તોની ચર્ચાનો એક નમૂનો લઈએ:

ગોલ્ડવૉટરની પ્રચાર-સમિતિનો પ્રમુખ ટી.વી. ઉપર ગોલ્ડવૉટરને સવાલ પૂછે (ટી. વી. ઉપર સિનેમા જોતાં હો તેમ બધું દેખાય ને સંભળાય): 'હેલો, સેનેટર ગોલ્ડવૉટર! અણવિકસિત દેશોને અમેરિકન આર્થિક મદદ આપવા વિષે આપનો શો મત છે?' પછી ગોલ્ડવૉટર જવાબ આપે: 'અણવિકસિત દેશોને મદદ આપવામાં હું માનું છું; પણ જે દેશોની વિદેશનીતિ આપણી વિદેશનીતિને અનુસરતી હોય તેમને જ મદદ આપવામાં હું માનું છું.' પછી પેલો પ્રચારક પ્રેક્ષકોને ઉદ્દેશીને બોલે: 'In your heart you know he is right. Vote for Barry Goldwater.' (તમારા હૃદયમાં તમે જાણો છો કે તે સાચો છે. ગોલ્ડવૉટરને મત આપો.) આ પ્રમાણે ગોલ્ડવૉટરના સિદ્ધાન્તોના મુખ્ય મુખ્ય મુદ્દા ટી. વી. ઉપર આવે અને છેલ્લે પેલો પ્રચારક બોલે: 'ઈન યૉર હાર્ટ યૂ નો હી ઈઝ રાઈટ'. 'આ વાક્ય ગોલ્ડવૉટરના પ્રચારનું સ્લોગન(નારો) થઈ ગયું હતું.

એક દિવસ અમારી યુનિવર્સિટીના દૈનિક 'એવરગ્રીન'માં બે લીટીની એક જાહેર ખબર વાંચી. એમાં આટલું જ લખ્યું હતું: 'In your heart you know, he is nuts.' (nuts એટલે ગાંડો!)

મતદાનનું મશિન

મતદાન કરવાની મતપેટીની જગ્યાએ અહીં મશિન હોય છે. આમ તો આપણને મોટું પાટિયું જ દેખાય, જેના ઉપર ચૂંટણીમાં ઊભા રહેલાનાં નામ હોય અને દરેક જગ્યા (પ્રમુખ, પાર્લમેન્ટનો સભ્ય, ગવર્નર વગેરે) સામે એક હાથો હોય. મુંબાઈમાં પરાંની ગાડીઓના આવવા-જવાના સમય વગેરે દર્શાવવા માટે ચર્ચગેટ, બોરીબંદર, ગ્રાન્ટરોડ કે એવાં મોટાં સ્ટેશનોએ ઇન્ડિકેટર હોય છે તેના જેવું આ મશિન દેખાવમાં લાગે. મશિન ઉપર એક લાલ સ્વિચ હોય. પહેલાં એ લાલ સ્વિચ દબાવો એટલે મતદાન ઓરડીના પડદા બંધ થઈ જાય, અંદર લાઈટ ચાલુ થાય અને મશિન મતદાન માટે તૈયાર થઈ જાય. પછી જે જગ્યાઓ માટે મતદાન કરવાનું હોય તે જગ્યાઓના હાથા ફેરવવાના. ધારો કે પ્રમુખની જગ્યા માટે તમારે જૉન્સનને મત આપવો છે, તો પ્રમુખની જગ્યા સામેનો હાથો ફેરવવો. હાથો જેમ ફેરવતા જાઓ તેમ જુદાજુદા ઉમેદવારોનાં નામ સામે ચોકડી આવતી જાય. એમ જૉન્સનના નામ સામે ચોકડી આવે ત્યાં સુધી હાથો ફેરવો, અને ત્યાં અટકી જાઓ. પછી 'સેનેટ' અને 'હાઉસ ઑવ રેપ્રિઝેન્ટેટિવની (આપણી 'લોકસભા' અને 'રાજ્યસભા'ને મળતાં ગૃહો) બેઠકો માટે મતદાન કરો. એમ જ્યારે બધી જગ્યાઓ માટે મતદાનમાં તમારા ઉમેદવારો સામે ચોકડી આવી જાય એટલે તમારું મતપત્ર અંદર તૈયાર થઈ ગયું હોય. આટલું થઈ ગયા પછી ફરી પાછી પેલી લાલ સ્વિચ દબાવો એટલે તમારા સઘળા મતો મશિનમાં નોંધાઈ જાય, બધી ચોકડીઓ નીકળી જાય, બધા હાથા સીધા થઈ જાય અને તમે મત આપી બહાર નીકળી જાઓ!

સવારના ૮–૦થી રાતના ૮–૦ સુધી મતદાન ચાલુ રહે. રાત્રે ૮–૦ વાગ્યે જેવું મતદાન પૂરું થાય કે તરત મશિન, દરેક ઉમેદવારને કેટલા મત મળ્યા છે તેનો સરવાળો કરવા માંડે અને જવાબ આપી દે! આમ, આપણે ત્યાં મતદાન પૂરું થયા પછી ૧૨-૧૨ કલાક મત ગણવામાં જાય છે તેને બદલે અહીં ૮–૦ વાગ્યે મતદાન પૂરું થાય અને ૮–૨૫ વાગ્યે તો પરિણામો બહાર પડવા માંડે!

ચૂંટણીના દિવસ અગાઉ એક અઠવાડિયું આ મશિન જાહેર જનતાને જોવા-સમજવા માટે ખુલ્લું રાખે છે, જેથી મતદાન કરતી વખતે પડદા બંધ થઈ જાય ત્યારે કોઈ ગભરાઈ ન જાય.

આ મશિન-પદ્ધતિના ઘણા લાભ છે; પણ એક અણધાર્યો ગેરલાભ આ ચૂંટણીમાં જોવા મળ્યો. અમે અમેરિકાના પશ્ચિમ કિનારા નજીક છીએ, ન્યૂ યૉર્ક અમેરિકાને પૂર્વ કિનારે છે, અને અત્યારે બે કિનારા વચ્ચે સમયમાં દોઢ કલાકનો ફેર છે. એટલે અમારે ત્યાં રાતના ૭–૦ વાગ્યા ત્યારે પૂર્વ કિનારે ૮–૩૦ વાગી ગયા! તેથી ત્યાં ચૂંટણીનાં પરિણામો તૈયાર થઈ ગયાં અને ટી. વી. ઉપર આવવા લાગ્યાં. તે પરિણામો ઉપરથી સ્પષ્ટ દેખાવા લાગ્યું કે જૉન્સન જીતે છે અને ગોલ્ડવૉટર બૂરી રીતે હારે છે. એટલે અમારી બાજુ રાતના ૭–૦ થી ૮–૦ સુધી મતદાન બહુ ઓછું થયું. જે મત આપવાના બાકી હતા અને જેમણે 'જમીને મત આપવા જઈશું' એમ નક્કી કર્યું હતું તેમને મત આપવાનો ઉત્સાહ ન રહ્યો.

ચૂંટણી એ લોકશાહી રાજ્યવ્યવસ્થાનું એક મુખ્ય અંગ છે. આપણી લોકશાહી અને અમેરિકન લોકશાહી પદ્ધતિમાં કેટલાક મૂળભૂત તફાવતો છે. તે વિષે ફરી કોઈક વાર.

—લિ. કાકાના આશીષ